
# મોટા જ્યારે હતા નાના



શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

## એવી શક્તિ મને મળો

દરરોજ સવારે જ્યારે અંધકારનાં દ્વાર ઊઘડી જાય,
ત્યારે અમે તને-મિત્રને-સામે ઊભેલો જોઈએ.

સુખનો દિવસ હોય કે દુઃખનો દિવસ હોય કે આપત્તિનો દિવસ હોય, તારી સાથે મારું મિલન થયું, તો બસ., હવે મને કશી ચિંતા નથી. આજે હવે હું બધું જ સહી શકીશ.

જ્યારે પ્રેમ નથી હોતો ત્યારે જ હે સખા, અમે શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ; ત્યારે ઓછી પૂંજીથી ગમે તેવા આઘાત સહી શકતા નથી.

પરંતુ જ્યારે પ્રેમનો ઉદય થાય છે ત્યારે, જે દુઃખમાં,
જે અશાંતિમાં તે પ્રેમની કસોટી થાય, તે દુઃખને,
તે અશાંતિને માથે ચડાવી શકીએ છીએ.

હે બંધુ, ઉપાસના સમયે હવે હું શાંતિ નહિ માગું,
હું કેવળ પ્રેમ માગીશ.

પ્રેમ શાંતિરૂપે આવશે, અશાંતિરૂપે પણ આવશે,
તે ગમે તે વેશે આવે,
તેના મુખ તરફ જોઈને હું કહી શકું કે
તને હું ઓળખું છું. બંધુ તને ઓળખું છું -
એવી શક્તિ મને મળો.

**- રવીન્દ્રનાથ ટાગોર**

(‘પરમ સમીપે’ માંથી)

શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશનની
જીવનઘડતર પ્રકાશન શ્રેણીની ૨૭મી ભેટ

# મોટા જ્યારે હતા નાના

- યશવન્ત મહેતા

સ્નેહી શ્રી ........................................................

મહાન વિભૂતિઓના બાળપણની ઘડતરકથાઓનું આ પુસ્તક આપનું સાથી બની રહો, એવી અંતરની શુભ કામનાઓસહ ......

સપ્રેમ
મંગળભાઈ પી. પટેલ
મૂકેશ એમ. પટેલ

**શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
સરદાર પટેલ કોલોની રેલ્વે ક્રૉસિંગ પાસે,
અમદાવાદ ૩૮૦ ૦૧૩
ફોન નં. : ૭૫૫ ૧૫૬૪ - ૭૪૫ ૪૩૧૦

શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશન
જીવનઘડતર પ્રકાશન શ્રેણીનું સત્તાવીસમું પુસ્તક
મોટા જ્યારે હતા નાના

* લેખક : યશવન્ત મહેતા
* © યશવન્ત મહેતા
* સંક્ષિપ્ત આવૃત્તિ : ઑગસ્ટ, ૧૯૯૮
* પ્રકાશક : શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી
મૂકેશ એમ. પટેલ
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
સરદાર પટેલ કોલોની રેલ્વે ક્રૉસિંગ પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

* મૂલ્ય : સદ્ભાવ-સુવાચન-સદ્ ઉપયોગ
* પ્રકાશન આયોજન : મુકુન્દ શાહ, ફોન નં. : ૪૧ ૦૯૫૯
* આવરણ : જય પંચોલી, ફોન નં. : ૬૬૧ ૪૬૭૮
* આવરણ મુદ્રણ : દેસાઇ ઑફસેટ, નારોલ,
અમદાવાદ - ૩૮૨ ૪૦૫
ફોન નં. : ૫૩૩ ૦૨૪૫
* લેસર કંપોઝ : મિનળ ગ્રાફિક્સ, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન નં. : ૭૪૧ ૨૩૯૫
* મુદ્રક : ઉદય ઑફસેટ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન નં. : ૫૬૨ ૧૯૬૭

# પાયાના ઘડતરની નક્કર વાતો

વૃક્ષનો આધાર એનાં મૂળ છે. ઇમારતનો આધાર એનો પાયો છે. માનવજીવનનો પાયો એનું બાળપણ છે. માનવીને બાળપણમાં જે સંજોગો મળે, જે આફતો કે સંકટો નડે, જે શિક્ષણ-સંસ્કાર મળે, જે માવજત કે એનો અભાવ મળે, જે અથડાઅથડીમાંથી પસાર થવું પડે, એ તમામને આધારે એની કારકિર્દી અને એનું વ્યક્તિત્વ ઘડાય છે.

ઇતિહાસ હમેશાં મહાન ગણાયેલાં સ્ત્રી-પુરુષોની પ્રૌઢવયની સિદ્ધિઓ નિરૂપતો રહ્યો છે. પરંતુ સાધારણતયા એમની મહાનતાનાં મૂળ જોવા એણે કોશિશ કરી નથી. મહાન વ્યક્તિઓનાં જીવનચરિત્રો પણ ક્યારેક એમનાં બાળપણને સહેજ સ્પર્શીને એમની સિદ્ધિકથાઓ નિરૂપવા મંડે છે. એમનાં બાળપણના સંજોગોનું પૃથક્કરણ તો ભાગ્યે જ થયું છે. ઇતિહાસ, વિજ્ઞાન અને સમાજના વિદ્યાર્થી તરીકે મને હમેશાં માનવીનાં મૂળ સુધી જવામાં રસ રહ્યો છે. એ અભ્યાસને પ્રતાપે, જીવનચરિત્રોમાંથી બાળપણ તારવી તારવીને મેં બાળકોના સાપ્તાહિક 'ઝગમગ'માં વર્ષો સુધી રજૂ કરેલાં. એ પછી, ૧૯૭૯માં એ બાળપણકથાઓ 'મોટા જ્યારે હતા નાના' એવા શીર્ષકથી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પ્રગટ કરી. દેશની સર્વોચ્ચ શિક્ષણ-સંશોધન-તાલીમ સંસ્થા-નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેઇનિંગ (એન.સી.ઇ.આર.ટી.)-ને આ પુસ્તક શ્રેષ્ઠ શૈક્ષણિક હેતુ સારતું બાળ-સાહિત્યનું પુસ્તક જણાયું, અને એણે રાષ્ટ્રીય પુરસ્કારથી એની કદર કરી. (પછી તો આ મહાન સંસ્થાએ બીજાં બે પુસ્તકો માટે પણ મને રાષ્ટ્રીય પારિતોષિકો આપીને મારા કામ માટે પ્રોત્સાહન આપ્યું છે.

આટલાં રાષ્ટ્રીય પારિતોષિક અન્ય કોઈને હજુ નથી મળ્યાં, એ રીતે મારું ગૌરવ પણ વધાર્યું છે.) ગુજરાતનાં બાળકો, શિક્ષકો, વાલીઓ અને સંસ્થાઓએ પણ આ પુસ્તકને ઉમળકાભેર સ્વીકાર્યું છે. તેથીસ્તો ગૂર્જરમાં ૧૯૭૯ થી ૧૯૯૭ સુધીમાં એની દસ આવૃત્તિઓ થઈ છે. વડીલ શિક્ષણશાસ્ત્રી યશવન્ત શુક્લ, 'ગ્રંથ'ના તંત્રી અને સાચા સાહિત્યમર્મજ્ઞ યશવન્ત દોશી, બાળકો માટેનું આદર્શ સામયિક 'રમકડું' પાંત્રીસેક વર્ષ સુધી ચલાવનાર કિશોર ગાંધી વગેરે અનેક સજ્જનોની પ્રશંસા પણ આ પુસ્તકને મળી.

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન દ્વારા, સુજ્ઞ નાગરિકોને માટેની આ પુસ્તકની આ ખાસ સંપાદિત આવૃત્તિ પ્રગટ થઈ રહી છે ત્યારે યોગ્ય કદરદાન વાચકો સુધી આ સાહિત્ય પહોંચવાનો પરમ સંતોષ અનુભવાય છે. મુ. શ્રી મંગળભાઈ પટેલને દૂરથી જ પ્રશંસ્યા છે, કારણ કે આવકવેરાને કામે કે અન્યથા લેખકોએ થોડા જ આવા પ્રખર નિષ્ણાતોના પરિચયમાં આવવાનું હોય ! પણ મૂકેશભાઈ મં. પટેલને ૧૯૭૪ના નવનિર્માણ આંદોલનના દિવસોથી વારંવાર મળવાનું બન્યું છે. વક્તૃત્વ, સમાજસેવા, જાપાન સાથેની મૈત્રી, કરવેરા સંબંધી લેખમાળાઓ, એમ અનેક સ્વરૂપમાં એમના વ્યક્તિત્વને વિકસતું જોયું છે. સંતોષ અનુભવ્યો છે. એમનાં પત્ની હેમાબહેન અને પુત્રી કૃતિ એક સાથે આરંગેત્રમ રજૂ કરે એ વિરલ ઐતિહાસિક ઘટના નિહાળીને ગૌરવ અનુભવ્યું છે. કલ્પનાબેન ગુપ્તા છેલ્લાં કેટલાંક વર્ષોથી લાયનેસ ક્લબના એમના કાર્યક્રમોમાં વાર્તાકથન માટે મને યાદ કરતાં રહ્યાં છે. એ સૌની મારા તરફની સદ્ભાવનાના સંયુક્ત ફળરૂપે, આ ફાઉન્ડેશનના હજારો શુભેચ્છકો સુધી મારું આ લેખન પહોંચી રહ્યું છે, એ બદલ એ સમગ્ર કુટુંબનો આભારી છું.

અને આભાર મંગલમય જીવનલક્ષી સાહિત્યના આજીવન આરાધક અને 'નવચેતન' માસિકના તંત્રી મુ. શ્રી મુકુંદભાઈ શાહનો પણ માનવાનો છે. આ પુસ્તકને મુ. શ્રી મંગળભાઈ પટેલ સુધી પહોંચાડવામાં અને સરસ રીતે પુનઃ પ્રકાશિત કરવામાં એમનું યોગદાન અનન્ય છે.

જે સમજુ, શિષ્ટ, સમુત્કૃષ્ટ વાચક વર્ગના હાથમાં આ પુસ્તક મુકાઈ રહ્યું છે એને અર્થપૂર્ણ જીવનની દિશામાં આ યત્‌કિંચિત્‌ પણ ઉપયોગી બનશે તો હું કૃતાર્થતા અનુભવીશ.

૪૭/એ, નારાયણનગર, – **યશવન્ત મહેતા**
અમદાવાદ - ૩૮૦ ૦૦૭

# જાંગલા નાચે : જવાનો ક્યાં ?

જ્યાં જોઉં ત્યાં જાંગલા નાચે
વરવા કાઢી વેશ,
ગબરગંડની ટોળકીએ તો
ગંધવી માર્યો દેશ - જ્યાં૦
કોઈ રતનિયો, કોઈ લખુડી
રંગલો કોઈ હજામ,
નાચે કૂદે ગાય વગાડે
કરતા જાય સલામ !
લાત મારો તો બમણા લળી
માગતા નવાજેશ - જ્યાં૦
રામના વંશજ ? ઋષીપૂતર ?
આ ગાંધીનાં બાળ ?
હાય રે મારા દેશમાં કેવો
મરદોનો દુકાળ !
એઠની ઝૂંટાઝૂંટમાં ખાતાં
કાંગલાં ઠેશમઠેશ - જ્યાં૦
દોકડા એકના દેશનેતાઓ
ખદબદે ચોમેર,
દંભનાં પોલાં પૂતળાં આજે
ત્રાંબિયે મળે તેર.
ધરતીને આ વેચી મારતાં
ધ્રુજે નંઈ લવલેશ - જ્યાં૦
ક્યાં છે મારા કાંડાંબળિયા ?
ક્યાં છે નવજવાન ?

ઊંચે માથડે ગાવને બેલી
અનભે એવું ગાન
દેશમાં પાછો જાગી ઊઠે
પોઢેલો પરમેશ - જ્યાં ૦

પૂ. દાદા,

આજે મારો જનમદી ! પણ સવારમાં જ આનંદને બદલે આ જાડી બોલીનું કાળજાફાડ કાવ્ય આવ્યું. મોકલું છું. પ્રણામ.

'ગબરગંડ' સ્વામી સહજાનંદે વાપરેલો શબ્દ છે. ગોબરા અને ગંડુના અર્થમાં.

**મકરન્દ**
ગોંડલ
૨૯-૧-૬૧

પૂજ્ય દાદા,

...... જાંગલા (clown) અને કાંગલા (cowards) નું મારું જોડકણું તમને ગમ્યું તેથી આનંદ. પણ આંખો સામે જ આ મુજરા જોઈને માથું ફરી જાય છે. ગાંધીનું તેજ ગેબ થઈ ગયું આ મુલકમાંથી અને ક્યાંયે આશાનું કિરણ તો દેખાતું નથી. પણ ભગવાન મોટો છે ને એના પ્યારા ભારતને મરવા નહીં દે. સેતાનના પ્રાઈવેટ સેક્રેટરીઓનો દોરદમામ છે તો ખુદાના ખુલ્લેઆમ સાગરીતો મેદાને નહીં પડે ? ગમે ત્યાંથી પણ એ પૂર હવે આવવું જ જોઈએ એમ લાગે છે.

એ જ
**મકરન્દના પ્રણામ**
**(સ્વામી અને સાંઈ)**

# આજની લોકશાહી

આજનું પક્ષીય રાજકારણ તેના અંતિમ બિંદુ પર પહોંચી ગયું છે. તેની મારફત હજી કશું કરી શકાશે, એ નર્યો ભ્રમ છે. આવું પક્ષીય રાજકારણ આપણે ત્યાં ચાલી શકે તેમ નથી. આ પક્ષાપક્ષી ને પક્ષભેદ આપણા દેશ માટે એકદમ ખતરનાક થઈ પડ્યાં છે.

એક જમાનામાં કદાચ આવા પક્ષોના રાજકારણની જરૂર પડી હશે. માણસોને સંગઠિત થવામાં તે મદદરૂપ બન્યું હશે. પણ આજે તો તે માણસોને તોડી રહ્યું છે. હજીએ જો તેને જ પકડી રાખશું, તો હાર ખાઈશું અને માર ખાઈશું. વિચારભેદ હોય તે બરાબર છે, પરંતુ વિચારભેદને કારણે કાયમના આવા પક્ષભેદ ઊભા કરી દેવાની જરૂર નથી. આમાં તો માત્ર 'દલબંદી' જ નહીં, 'દિલબંદી' પણ થઈ જાય છે.

આજની આવી પક્ષાપક્ષીથી લોકોનાં દિલ સાંકડાં બની જાય છે. અને નજર ટૂંકી બને છે. પક્ષો એકબીજાની નરી ઘૃણા જ કરે છે. એકબીજાના શબ્દો ઉપર એને વિશ્વાસ નથી. એમના શબ્દો ઉપર લોકોને વિશ્વાસ નથી રહ્યો. પહેલાં જે ઈર્ષા, અદેખાઈ થોડાં રજવાડાંઓ વચ્ચે હતાં, તેને આ પક્ષાપક્ષીના રાજકારણે દેશવ્યાપી બનાવી દીધાં છે. ઈર્ષા અને અદેખાઈનું રાષ્ટ્રીયકરણ કરી નાખ્યું છે.

- વિનોબા

હું મુસલમાનની મસ્જિદમાં જઈશ, ખ્રિસ્તીના દેવળમાં જઈને ક્રૉસ પાસે ઘૂંટણભર થઈને પ્રાર્થના કરીશ, હું બૌદ્ધોના મંદિરમાં જઈને બુદ્ધ અને તેના ધર્મનું શરણ લઈશ અને દરેકના હૃદયને પ્રકાશિત કરનારી જ્યોતિમાં પરમાત્માનું દર્શન કરવાનો પ્રયાસ કરતા હિન્દુની સાથે જંગલમાં જઈને હું ધ્યાનમાં પણ બેસીશ.

આ બધું હું કરીશ એટલું જ નહી, પરંતુ ભવિષ્યમાં પણ જે બધા આવશે તેમને માટે પણ હું મારૂં હૃદય ખુલ્લું રાખીશ. શું ઈશ્વરનો ગ્રંથ પૂરો થયો છે ? કે તેની અભિવ્યક્તિ હજી સતત ચાલુ છે ? દુનિયાની આ બધી આધ્યાત્મિક અભિવ્યક્તિઓ એક અપૂર્વ ગ્રંથ છે. બાઈબલ, વેદ, કુરાન અને બીજા બધા ધર્મગ્રંથો માત્ર તેનાં થોડાંએક પાનાંઓ છે, બીજાં અસંખ્ય પાનાંઓ હજી ઊઘડવાનાં બાકી છે. હું મારું હૃદય તે બધાંને માટે ઉઘાડું રાખીશ.

આપણે વર્તમાનમાં છીએ અને અનંત ભવિષ્ય માટે હૃદય ખુલ્લું રાખીએ. ભૂતકાળનું બધું આપણે ગ્રહણ કરીએ વર્તમાનના પ્રકાશનો આનંદ લઈએ અને ભવિષ્યમાં જે કાંઈ આવે તે બધાં માટે આપણા હૃદયની બારીઓ ખુલ્લી રાખીએ. ભૂતકાળના બધા પયગંબરોને, મહાત્માઓને પ્રણામ, વર્તમાનના બધા મહાત્માઓને પ્રણામ અને ભવિષ્યમાં આવનારા બધા મહાત્માઓને પ્રણામ !

- સ્વામી વિવેકાનંદ

# હું નહિ બનું ગુલામ

(ગુલબંકી છંદ)

હું જુવાન, હું જુવાન
હું તમામનો ગુલામ.
હું સદાય ઝીલતો બીજા તણાં સડેલ જ્ઞાન;
કોથળી નથી ક્યહીંય ચામડાની હું સમાન !
હું સિપાહી જુદ્ધનો
બુધો અને અબુધનો.
નવીન ચેલકાઓ મૂંડનાર સર્વ શોખીનો !
મને નિહાળતાંની વાર હોંશઘેલડા બનો !
હું તમારી ટોપલી
ચિરાડિયાં થકી છલી.
નકામ ચિત્ત-ચીંથરાં વિચારનાં વહું ભલી
તૂટેલ ટાંક, ડાબલી,
હું-માં સમાય : હું તમારી ટોપલી.
હું ફૂટેલ ડોલચું
ભરાય શું ? ઝિલાય શું ?
હરેક વાપરી પછી પછાડતું ફગાવતું
ફરી વચાળ : હું ફૂટેલ ડોલચું !
હું જુવાન, હું જુવાન,
માફ માગું મે'રબાન !
હું નહિ બનું ગુલામ.

('એકતારો' માંથી)

- ઝવેરચંદ મેઘાણી

# અનુક્રમણિકા


૧. કુંભજ ઋષિ અગસ્ત્ય ................................ ૧૧
૨. કુમારજીવ ................................ ૧૫
૩. શંકરાચાર્ય ................................ ૨૦
૪. નિમાઈ ગૌરાંગ મહાપ્રભુ ................................ ૨૫
૫. તુલસીદાસ ................................ ૩૧
૬. નાનક ................................ ૩૭
૭. ઔરંગઝેબ ................................ ૪૨
૮. સ્વામી દયાનંદ ................................ ૪૭
૯. રાજા રણજિતસિંહ ................................ ૫૨
૧૦. રાણી લક્ષ્મીબાઈ ................................ ૫૭
૧૧. સ્વામી સહજાનંદ ................................ ૬૨
૧૨. રમાબાઇ રાનડે ................................ ૬૬
૧૩. ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર ................................ ૭૨
૧૪. દાદાભાઈ નવરોજી ................................ ૭૮
૧૫. ગોપાળકૃષ્ણ ગોખલે ................................ ૮૨
૧૬. લોકમાન્ય ટિળક ................................ ૮૬
૧૭. સ્વામી વિવેકાનંદ ................................ ૯૨
૧૮. ધોંડુ કેશવ કર્વે ................................ ૯૬
૧૯. જગદીશચંદ્ર બોઝ ................................ ૧૦૧
૨૦. ભગિની નિવેદિતા ................................ ૧૦૫
૨૧. શ્યામજી કૃષ્ણવર્મા ................................ ૧૧૧
૨૨. ગોવર્ધનરામ ત્રિપાઠી ................................ ૧૧૬

૨૩. એની બેસન્ટ ........................................ ૧૨૦
૨૪. મોતીલાલ નહેરુ ........................................ ૧૨૪
૨૫. વિઠ્ઠલભાઈ પટેલ ........................................ ૧૨૮
૨૬. સરદાર ભગતસિંહ ........................................ ૧૩૨
૨૭. ચન્દ્રશેખર આઝાદ ........................................ ૧૩૭
૨૮. સુભાષચન્દ્ર બોઝ ........................................ ૧૪૨
૨૯. રવીન્દ્રનાથ ઠાકુર ........................................ ૧૪૮
૩૦. સિકંદર ........................................ ૧૫૩



આ પુસ્તક અમારા વાચકો માટે સુલભ કરી આપવા બદલ અમારા મિત્ર સુપ્રસિદ્ધ પત્રકાર અને બાળ સાહિત્યકાર શ્રી યશવન્ત મહેતાના અમે અત્યંત આભારી છીએ.

**- પ્રકાશકો**



# ૧.

ગંગા નદી ઉપર વહેતા ઘડામાં તણાતો મળી આવેલો એક છોકરો

# કુંભજ ઋષિ અગસ્ત્ય

ભારતના ઇતિહાસની સૌથી પહેલી વિદ્યાનગરી કાશી છે. વારણા અને અસી નામની બે નદીઓના ગંગા સાથેના સંગમ ઉપર એ વસેલી હોવાથી વારાણસી કહેવાય છે.

આજથી પાંચેક હજાર વરસ અગાઉ આર્યો ભારતમાં આવ્યા અને એમણે નદીઓને કિનારેકિનારે પોતાનાં ગામડાં વસાવવા માંડ્યાં. વારાણસી પણ આ જ રીતે વસેલું. જોકે શરૂઆતમાં તો નદીકાંઠે થોડાંક ઝૂંપડાંઓના સમૂહ જ હતા, જે એ કાળે 'આશ્રમ' કહેવાતા. આવા આશ્રમોના વડા ઋષિ કહેવાતા.

ગંગા નદીને કાંઠે આવા એક ઋષિનો આશ્રમ હતો. એમનું નામ મિત્રાવરુણ હતું. તે ઘણા વિદ્વાન અને તપસ્વી હતા. એથી આર્યોના ઘણા છોકરાઓ એમને ત્યાં ભણવા આવતા. એ જમાનામાં લગભગ સાત-આઠ વરસથી માંડીને પચીસ વરસની ઉંમર સુધી આવા કોઈ વિદ્વાન ઋષિના આશ્રમમાં રહીને ભણવાનો રિવાજ હતો.

મિત્રાવરુણ સૂર્યપૂજક હતા. દરરોજ સવારે ઊઠીને ગંગામાં સ્નાન કરતા અને સૂરજ ઊગે એટલે એની પૂજા કરતા. સૂરજના માનમાં મંત્રો બોલતા. એ વિદ્વાન હતા એટલે ઘણી વાર એમના મનમાં નવા નવા મંત્રોની પ્રેરણા જાગતી. આવા નવા રચેલા મંત્રો તેઓ પોતાના વિદ્યાર્થીઓને શીખવી દેતા. આવી રીતે અનેક ઋષિઓએ અનેક દેવતાઓની સ્તુતિરૂપે રચેલા મંત્રો વેદો કહેવાય છે, જે દુનિયાની સૌથી પહેલી કવિતા તરીકે જાણીતા છે.

ઋષિ મિત્રાવરુણ એક દિવસ આ જ રીતે સ્નાન કરીને સૂર્યપૂજા કરી રહ્યા હતા ત્યારે અચાનક ચોંકી ગયા. ગંગાના પાણી ઉપર એક ઘડા જેવું કશુંક તરતું તરતું જતું હતું. પહોળા મોંનો માટીનો ઘડો હતો. ઋષિને નવાઈ લાગી કે આ ઘડામાં શું હશે?

એમણે તો નદીના પટમાં ધુબાકો માર્યો. ઝડપથી તરતા પેલા ઘડા સુધી એ પહોંચી ગયા. ઘડો પકડી લીધો. અંદર નજર કરે છે તો નવાઈની વાત ! અંદર એક નાનકડો છોકરો સૂતો છે !! ઘાસની પથારીમાં પડ્યો પડ્યો છોકરો ઊંઘે છે. નદીમાં તરતું માટલું જાણે એનું પારણું હોય અને ગંગામૈયા જાણે એને હીંચોળતી હોય !

છોકરો સોહામણો હતો. આવા સરસ છોકરાને કોણે આમ નદીમાં તરતો મૂકી દીધો હશે એની મિત્રાવરુણને નવાઈ લાગી. પરંતુ આર્યો અને દેશી લોકો વચ્ચેના ઝઘડાઓના એ સમયમાં આવું તો ઘણું ઘણું બનતું. ઋષિએ લાંબી લપ્પન-છપ્પનમાં પડ્યા વગર ઘડો ખભે ઉઠાવી લીધો. આશ્રમમાં જઈને પોતાની પત્નીને આ છોકરો સોંપી દીધો. કહ્યું કે આપણા પોતાના છોકરાની જેમ જ આને ઉછેરજો.

આમ, ઋષિ મિત્રાવરુણના આશ્રમમાં, નદીના રળિયામણા કાંઠા ઉપર અજાણ્યા છોકરાનો ઉછેર થવા લાગ્યો. એક કુંભ એટલે કે

ઘડામાંથી એ મળી આવ્યો હોવાથી એનું નામ 'કુંભજ' રાખવામાં આવ્યું. કેટલાક લોકો વળી એને 'કુંભયોનિ' કહેતા. ઋષિ મિત્રાવરુણે પોતે તો એનું નામ 'અગસ્ત્ય' રાખ્યું હતું. આ નામે જ છોકરો મોટો થઈને પ્રખ્યાત બનવાનો હતો. એ નામે જ એ દૂર દેશાવરની સફરો ખેડવાનો હતો અને મહાન મુસાફર તરીકે અમર બનવાનો હતો.

એ સમયે હજુ નાતજાતના ભેદ પડ્યા નહોતા. માણસ એટલે માણસ. એને ઊંચ-નીચનાં કશાં લેબલ હજુ ચોટ્યાં નહોતાં. ભેદ હતા માત્ર બે - એક તો બહારથી આવેલા આર્યો અને આ મુલકના મૂળ રહેવાસીઓ વચ્ચે; અને બીજો ભેદ હતો લડવૈયા આર્યો અને આશ્રમોમાં રહીને ખેતી, પશુપાલન, કવિતા કરતા આર્યો વચ્ચે. લડવૈયાઓ પોતાને ક્ષત્રિયો કહેવડાવતા અને પેલા બીજા વર્ગના લોકો બ્રાહ્મણો ગણાતા. આ બંને વચ્ચે પણ લડાઈ-ટંટા ચાલ્યા કરતા. અગસ્ત્ય નાનો હતો ત્યારે જ જમદગ્નિ નામના એક બ્રાહ્મણના દીકરા પરશુએ ઘણા ક્ષત્રિયોને મારી નાખ્યા હતા. નાનકડા અગસ્ત્યને આ મારફાડ ગમી નહોતી. એને લાગતું હતું કે આર્યોએ ભેગા રહીને જીવવું જોઈએ. અગર જમીન ઓછી પડતી હોય તો નવા પ્રદેશો ખોળીને ત્યાં વસવું જોઈએ, પરંતુ અંદરોઅંદર કપાઈ મરવાથી તો સૌને નુકસાન જ થશે.

આ અગસ્ત્યનો એક નાનો ભાઈ હતો. એનું નામ વસિષ્ઠ. એ ક્ષત્રિયોની તરફેણ કરતો. એને કેટલાક રાજાઓએ પોતાનો પુરોહિત બનાવ્યો હતો.

અગસ્ત્ય પણ શરૂઆતમાં તો રાજાઓના સંપર્કમાં આવ્યો. દિવોદાસ નામના રાજાની કુંવરી લોપામુદ્રા સાથે એ પરણ્યોય ખરો. પરંતુ એટલામાં ક્ષત્રિયો અને બ્રાહ્મણો વચ્ચે એક જબરદસ્ત લડાઈ થઈ ગઈ. એક બાજુ દશ રાજાઓ અને સામે માનવીની સમાનતામાં માનતા

મૂઠીભર મરણિયાઓની આ લડાઈમાં અગસ્ત્યે ભાગ ન લીધો. એ તો માનતો હતો કે લડાઈ કર્યા વિના જ માણસે વિસ્તાર વધારતા જવું જોઈએ.

આથી, આર્યોનાં નદીકાંઠાનાં રહેઠાણોમાં જ્યારે ભયંકર લડાઈ જામી હતી ત્યારે જ અગસ્ત્યે એ પ્રદેશ છોડી દીધો. પત્ની લોપામુદ્રા અને કેટલાક મિત્રો-શિષ્યોને લઈને એ દક્ષિણ દિશામાં જવા નીકળી પડ્યો.

એ ગયો તે ગયો, પછી ઉત્તરમાં કદી પાછો આવ્યો જ નહિ. એ દક્ષિણમાં આગળ ને આગળ વધતો ગયો. જ્યારે દરિયાકાંઠો આવ્યો ત્યારે પણ એ રોકાયો નહિ. એણે દરિયાઈ સફર ખેડી. દૂર દેશાવરોમાં એણે ભારતીય સંસ્કારનો સંદેશો પહોંચાડ્યો.

એક ઘડામાં મળી આવેલો આ બાળક આજે તો વિશ્વના અમર પુરુષોની હરોળમાં સ્થાન પામી ચૂક્યો છે.

જિંદગી છે એટલે જ ખુશી છે અને પરિશ્રમ છે તો જિંદગી છે.

**- કાઉન્ટ લીઓ ટોલ્સ્ટોય**



# ૨.

જેને કારણે બબ્બે વાર લશ્કર દોડ્યાં, જે સૌથી નાની ઉંમરે એક વિદ્યાપીઠનો વડો બન્યો એવો વિશ્વનો સૌથી અદ્ભુત કિશોર

# કુમારજીવ

ભારતના જૂના ઈતિહાસના કદાચ સૌથી બુદ્ધિશાળી એવા એક માનવીની આ કહાણી છે. જ્ઞાન કેવી રીતે કોને મળી જાય છે અને જ્ઞાન માટે કેવી સાધના કરવાની હોય છે એનું સરસ ઉદાહરણ આ કહાણીમાં મળે છે.

કાશ્મીર દેશ છે. ઊંચા ઊંચા પહાડો અને હરિયાળાં વનો વડે એ શોભે છે. એના પ્રધાનનો એક દીકરો. એનું નામ કુમારાયણ. જાણે સાક્ષાત્ વિદ્યાનો અવતાર. એને પ્રધાનપદું મળે એમ હતું. પરંતુ એને તો જ્ઞાન અને વિદ્યાની લગની લાગી હતી. એટલે પિતાનું ઘર છોડીને એ સાધુ થઈ ગયો. ભગવાન બુદ્ધનો પંથ અપનાવીને એ નીકળી પડ્યો. ઉત્તરની વાટ પકડીને એ કુચી નગર પહોંચ્યો.

આ કુચી આજના તુર્કસ્તાનમાં આવેલું છે. ત્યાં રાજા પો-શુનનું રાજ હતું. એણે કુમારાયણનો ઉપદેશ સાંભળ્યો. દેવલાં અને ભૂતપ્રેતનો જૂનો ધર્મ એણે છોડી દીધો. જ્ઞાનનો અને બુદ્ધિનો નવો બૌદ્ધ ધર્મ એણે

અપનાવ્યો. જુવાન કુમારાયણને પોતાના ગુરુ બનાવ્યા.

પરંતુ કુમારાયણ લાંબો વખત સાધુ રહી શક્યા નહિ. રાજા પો-શુનની એક બહેન હતી. કુંવરી જીવા એનું નામ. એ વખતે કુચી નગરમાં જીવા સૌથી રૂપાળી કન્યા હતી. એણે બુદ્ધિના તેજથી ઓપતા અને સોહામણા દેહથી શોભતા ભિક્ષુ કુમારાયણ સાથે પરણવાની હઠ પકડી. રાજાના આગ્રહથી કુમારાયણે એની સાથે લગ્ન તો કર્યાં; પરંતુ શરત કરી કે આપણે બે બાળકો થાય પછી હું પાછો ભિક્ષુ બની જઈશ. કુંવરી જીવા કહે કે તમે ભિક્ષુ બનશો તો હું ભિક્ષુણી બનીશ; અને આપણાં બાળકો ભગવાન બુદ્ધનાં બાળકો બનશે.

એમને જે પહેલો દીકરો થયો એનું નામ એના પિતા અને માતાના નામમાંથી એક એક શબ્દ લઈને 'કુમારજીવ' પાડવામાં આવ્યું. કુમારજીવ સાત વરસના થયા ત્યારે બીજા દીકરાનો જન્મ થયો. એનું નામ એના મામા પો-શુનના નામ ઉપરથી 'પુશ્યદેવ' રાખવામાં આવ્યું.

આ પછી, કુમારાયણ તો તેમના વચન પ્રમાણે ભિક્ષુ બનીને કુચી છોડી ચાલ્યા ગયા. માતા જીવાએ પણ ભિક્ષુણીનો વેશ ધારણ કર્યો. પરંતુ ક્યાંય જતા રહેવાને બદલે એ તો કુચીમાં જ રહ્યાં અને પોતાના વહાલસોયા પુત્રોને ભણાવતાં અને સાચવતાં રહ્યાં.

બંને પુત્રોમાં કુમારજીવ એમને વધુ વહાલો હતો. સાત જ વરસની ઉંમરે એમણે બૌદ્ધ ધર્મનાં બધાં શાસ્ત્રો મોઢે કરી લીધાં હતાં. વેદો અને ઉપનિષદોનું પણ સારું એવું વાચન કર્યું હતું. સૌ કહેતાં કે કુમારજીવ એમના પિતા કરતાંયે ઘણા મોટા વિદ્વાન બનશે. અને પુત્રની એ પ્રતિભા જોઈને માતાના હરખનો પાર ન રહેતો. તેઓ હવે કુમારજીવને આગળ ભણાવવા માગતાં હતાં. પરંતુ પુશ્યદેવ હજુ નાના હતા. એટલે માતા પોતાના ભાઈના નગરમાં જ રહીને કુમારને ભણાવતાં રહ્યાં.

એમ કરતાં બે વરસ બીજાં વીત્યાં. પુશ્યદેવ હવે મામાને ઘેર એકલા

રહી શકે તેવડા થઈ ગયા હતા. એટલે એક સારો દિવસ જોઈને માતા જીવા કુમારને લઈને ચાલી નીકળ્યાં. ગાંધાર વટાવીને કાશ્મીર પહોંચ્યાં. કાશ્મીરમાં એ વખતે સૌથી વધુ જાણીતા ગુરુ બુધદત્ત હતા. બુધદત્ત પણ કાંઈ જેવા-તેવા માણસ નહોતા. એ કાશ્મીરરાજના ભાઈ હતા અને કુમારાયણના બાળપણના મિત્ર હતા.

પોતાના લંગોટિયા દોસ્તના તેજસ્વી પુત્રને એમણે પોતાના આશ્રમમાં રાખી લીધો. ભાભી જીવાને પણ ત્યાં જ રાખ્યાં, અને એમણે તન-મનથી, દિવસ-રાત જોયા વિના કુમારજીવને વિદ્યાઓ ભણાવવા માંડી.

બૌદ્ધ શાસ્ત્રોમાં તો કુમારજીવ પારંગત બની ગયા હતા. પરંતુ પોતાનો ધર્મ સારો છે એ સમજવા માટે બીજા ધર્મનો પણ અભ્યાસ કરવો પડે. એટલે એમણે બ્રાહ્મણ અને જૈન શાસ્ત્રોનો પણ અભ્યાસ કર્યો. સાથોસાથ વેદ, વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર અને રસાયણ તથા વૈદકશાસ્ત્ર પણ શીખી લીધાં.

આમ, બુધદત્ત પાસે ત્રણ વરસ લગી અભ્યાસ કરીને મા-દીકરો કોક્કુકા (આજનું યારકંદ) ગયાં. ત્યાં નાગાર્જુન, આર્યદેવ વગેરે બૌદ્ધ વિદ્વાનોનાં હસ્તલિખિત પુસ્તકો વાંચી કાઢ્યાં અને ઘણાંખરાં તો મોઢે કરી લીધાં.

હવે તો કુમારજીવની ખ્યાતિ દશે દિશામાં પ્રસરી ગઈ. આટલી નાની ઉંમરે આટલી બધી વિદ્યા ભણી શકે તેવા માનવી એ જમાનાએ કદી જોયા નહોતા. ગમે તેવા વિદ્વાનની સાથે પણ બેધડક જ્ઞાન-વાર્તા કરનાર આવો સોહામણો કિશોર કોઈએ સાંભળ્યો નહોતો.

મા-દીકરો પાછાં કુચી પહોંચ્યાં ત્યાં સુધીમાં તો એ વખતના શ્રેષ્ઠ વિદ્વાન તરીકેની નામના કુમારજીવને મળી ચૂકી હતી. મામા પો-શુને આ પ્રતિભાશાળી ભાણેજનું કેવું ઉમળકાભર્યું સ્વાગત કર્યું હશે એની તો

આપણે કલ્પના જ કરવી રહી.

પોતાના વિદ્વાન ભાણેજ માટે પો-શુને એક નવો જબરદસ્ત મઠ બંધાવવા માંડ્યો. એ મઠમાં સેંકડો ભિક્ષુઓ તથા હજારો વિદ્યાર્થીઓ રહી શકે તેવી સગવડ કરી. એ મઠના વડા તરીકે એમણે કુમારજીવને સ્થાપ્યા. ખરેખર, વિશ્વભરનું આ એક આશ્ચર્ય છે કે પંદરેક વરસની ઉંમરનો એક કિશોર આવડી મોટી વિદ્યાશાળાનો વડો બની જાય ! પ્રાચીન જગતની અજાયબીઓની ગણતરી વેળા આ ઘટના ધ્યાનમાં લેવી જ જોઈએ.

કુમારજીવની ખ્યાતિ ફેલાતી ગઈ. આખા એશિયામાંથી વિદ્યાર્થીઓ, ભિક્ષુઓ કુચી આવવા લાગ્યા. કિશોર ગુરુની ઉપદેશવાણી સાંભળવા લાગ્યા. કુચીની સમૃદ્ધિ પણ વધી, અને પછી એક એવી વાત બની કે દુનિયાની એક બીજી અજાયબી સર્જાઈ...

કુચીની સમૃદ્ધિની પડોશી રાજ્યોને ઈર્ષા થઈ. એમણે કુચીના નાશ માટે ચીનના શહેનશાહને બોલાવ્યો. પોતાની સઘળી સેનાઓ એમણે ચીનના શહેનશાહની સેવામાં મૂકી દીધી. કુચીને એમણે ઘેરો ઘાલ્યો.

રાજા પો-શુનની ચિંતાનો પાર નહોતો. શું કરવું ? કોની મદદ માગવી ? અને મદદ માગવા છતાં આપે એવું કોણ હતું ? સૌ પડોશીઓને કુચી નગર આંખના કણાની જેમ ખૂંચતું હતું.

ચીની સેનાપતિએ સંદેશો મોકલ્યો : શરણે આવો, ચીનના શહેનશાહનો પોતાના માલિક તરીકે સ્વીકાર કરો, અને કુમારજીવ અમારા હાથમાં સોંપી દો. આ ત્રણ જ અમારી માગણીઓ છે.

બહાદુર પો-શુને એ માગણીઓ ઠુકરાવી દીધી. એકલો છું તો શું થયું ? મારી આંખના રતન જેવો ભાણેજ દુશ્મનને નહિ સોંપું.

ચીની સેનાપતિએ રાજાને સમજાવ્યા કે કુમારજીવને અમે ઈજા કરવા નથી માગતા. અમારા શહેનશાહે એમની ખ્યાતિ સાંભળી છે.

તેઓ કુમારજીવને પોતાના પાટનગરમાં વસાવવા માગે છે.

પરંતુ પો-શુને શરણાગતિ સ્વીકારવાને બદલે યુદ્ધ કરવાનું વધુ પસંદ કર્યું, પોતાની મૂઠીભર સેના વડે એમણે વિશાળ ચીની સેનાનો સામનો કર્યો.

આ પણ એક અદ્ભુત વાત છે ને ! જગતમાં જમીન માટે યુદ્ધ થયાં છે, જર એટલે કે ધન માટે યુદ્ધો થયાં છે, જોરુ એટલે કે સુંદર સ્ત્રીઓ માટે ઘણી વાર યુદ્ધો થયાં છે, પરંતુ એક વિદ્વાન કિશોરને માટે યુદ્ધ થયું હોય એવો આ એક જ પ્રસંગ છે દુનિયાના ઇતિહાસમાં.

યુદ્ધમાં પો-શુનની હાર થઈ. રણમેદાનમાં જ એમનું અવસાન થયું. ચીનાઓએ પો-શુનના પુત્રને રાજગાદીએ બેસાડ્યો. પછી કુમારજીવને લઈને તેઓ ચાલતા થયા.

ચીનના ઇતિહાસમાં આ પ્રસંગની સાલ ઈ.સ. ૩૮૩ નોંધાઈ છે.

આ પછીની કથા પણ જાણવા જેવી છે. રસ્તામાં ચીનના જ એક સામંતે પંદર વરસ સુધી કુમારજીવને જ્ઞાનવાર્તા માટે રોકી રાખ્યા. ત્યાંથી પણ લશ્કરની મદદ વડે જ ચીનના શાહે કુમારજીવને મેળવ્યા ! આખરે ચીનના પાટનગરમાં પહોંચીને કુમારજીવે બૌદ્ધ માર્ગનો ઉપદેશ આપવા માંડ્યો. એમણે ૧૦૬ જેટલાં પુસ્તકોનું ચીની ભાષાંતર કર્યું. લાખો ચીનાઓને બૌદ્ધ માર્ગનો ઉપદેશ આપ્યો.

ઈ.સ. ૪૧૨માં એમનું અવસાન થયું. એમને વિષે કહેવાય છે કે કુમારજીવ કરતાં વધુ મહાન ધર્મસ્થાપકો બીજા થયા હશે, પરંતુ એમના જેવો ધર્મપ્રસારક બીજો કોઈ પાક્યો નથી.




# 3.

**ચાર વરસે શ્લોકો શીખ્યા, સાત વર્ષે તો ગુરુઓની તમામ વિદ્યા પચાવી, બત્રીસ વરસની ઉંમરમાં તો આખા ભારતના ઈતિહાસને પલટી નાખે તેવી પરંપરા સ્થાપી દીધી !**

## શંકરાચાર્ય

કેટલાક માણસો એવા હોય છે કે જે નાનપણમાં સદ્‌ગુણો કેળવે છે અને પછી મોટપણે મહાન થાય છે. એમની પાછળની જિંદગીની મહાનતાનાં મૂળ આપણે એમના બાળપણમાં શોધીએ છીએ.

પરંતુ કેટલાક માણસો તો એવા અજબ હોય છે જે તદ્દન નાની ઉંમરમાં જ મહાન બની ચૂકેલા જણાય છે, એટલું જ નહિ, સાવ નાની ઉંમરે તો એમનાં અવસાન થાય છે અને છતાં તેઓ ઈતિહાસ પર પોતાની અમીટ છાપ મૂકી જાય છે. આવા માણસોની ગણતરી કરવા બેસતાં સિકંદર, ઈસુ ખ્રિસ્ત, શંકરાચાર્ય વગેરેનાં નામ તરત યાદ આવે છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ ત્રણે જણ બત્રીસ વરસની ઉંમરે અવસાન પામ્યા હતા !

આજે આપણે શંકરાચાર્યના બાળપણની કેટલીક વાતો વાંચીશું.

ભારતના ઇતિહાસ અને જનજીવનને આ એક માણસે પલટો આપ્યો છે એવો કોઈએ આપ્યો નથી. તમે મોટાં થઈને એમનું આખું જીવનચરિત્ર વાંચજો. ત્યારે સમજાશે કે શંકરાચાર્યે કેવી રીતે ગૌતમ બુદ્ધે શરૂ કરેલી 'વિચારક્રાંતિ' અટકાવી હતી અને કેવી રીતે જુનવાણી પરંપરાને ફરી જીવતી કરી હતી, જેને આજે 'ભારતીય સંસ્કૃતિ' નામે કેટલાક લોકો બિરદાવે છે.

*

શંકરાચાર્યના નામે જાણીતા બનેલા મહાપુરુષનો જન્મ ઈ.સ. ૭૮૮માં કેરળમાં આવેલા કાલરી નામના ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ શિવગુરુ અને માતાનું નામ આર્યામ્બા હતું. પિતા શિવગુરુ યજ્ઞયાગ, ક્રિયાકાંડ, ભોગ-બલિદાન, જપતપ અને શાસ્ત્રોના અભ્યાસની જૂની રૂઢિમાં મોટા થયા હતા. આ બધાં કામોમાં એ પારંગત હતા.

શંકર એમની પાછલી વયના સંતાન હતા અને ભગવાન શંકરની કૃપાથી પોતાને ઘેર પુત્ર થયો છે એવું માનીને તેમણે પુત્રનું નામ 'શંકર' રાખ્યું હતું.

ઘરમાં સંસ્કૃત જપતપનું જ વાતાવરણ હોવાથી શંકર સાવ નાની ઉંમરે જ શ્લોકો, મંત્રો વગેરે શીખવા લાગ્યા. બાળપણથી જ સંસ્કાર પણ એવા પડ્યા હતા કે તેમની યાદશક્તિ બહુ અદ્‌ભુત રીતે ખીલી ઊઠી હતી. શંકરને એક વાર સાંભળેલું બધું કાયમને માટે યાદ રહી જતું. બાળક શંકરની આ શક્તિને જોઈને ભલભલા પંડિતો પણ મોંમાં આંગળાં નાખી જતા.

ઘણી વાર આફત પણ માનવીની અંદર રહેલી શક્તિઓને જગાડવાનું કામ કરતી હોય છે. જે બાળકને દરરોજ નિશાળે મૂકવા મોટરગાડી આવતી હોય તેને બસમાં કે ચાલતાં નિશાળે આવવાનું

આવડતું જ નથી, એને મોટરમાર્ગ સિવાયના રસ્તાઓની પણ ખબર પડતી નથી. જ્યારે ગરીબ હાલતમાં જીવતાં બાળકો ગમે તે હાલતમાં રસ્તો કાઢીને નિશાળે પહોંચી જાય છે. તેઓ અનેક ગલીકુંચીઓનાં પણ માહિતગાર બને છે.

શંકરના જીવનમાં પણ કાંઈક આવું જ બન્યું છે. એ ફક્ત ચાર વરસના હતા ત્યારે એમના પિતા શિવગુરુનું અવસાન થયું. હવે શંકર પોતાની માતા તેમજ પિતાનાં થોથાં સાથે એકલા પડ્યા.

શંકર પાંચ જ વરસના હતા ત્યારે એમનાં માતાએ જનોઈ આપી. એ પછી શંકર એ જમાનાના રિવાજ મુજબ ગુરુ પાસે ભણવા ગયા. બે જ વરસમાં શંકરે પોતાના ગુરુ આપી શકે તેવી બધી વિદ્યા ગ્રહણ કરી લીધી. અને એ વિદ્યા ફક્ત પોપટપાઠની માફક ભણ્યા નહિ પરંતુ એ વિષે ચિંતન કરવા લાગ્યા.

આટલી નાની ઉંમરે પણ એમનું જ્ઞાન કેવું અજબ હતું એનો એક પ્રસંગ છે.

એક વખત શંકર અને કેટલાક છોકરાઓ બગીચામાં ફરી રહ્યા હતા એવામાં થોડાક છોકરાઓને ફૂલોની માળા પહેરવાનું મન થયું. એમણે ફૂલ તોડવા માંડ્યાં. શંકરે તરત કહ્યું, 'ભાઈઓ, ફૂલ ન તોડો. ફૂલોમાં પણ જીવ અને ચેતન છે. ફૂલ તોડવાથી એમને દુ:ખ થાય છે. એમને છોડ ઉપર રહેવા દો. ત્યાં રહીને તેઓ હસતાં રહેશે અને સુખી રહેશે.'

આટલી નાની ઉંમરમાં જ શંકરને જન્મ અને મરણની સમસ્યા પણ સતાવ્યા કરતી. એમના પિતાનું અવસાન એમની ચાર વરસની ઉંમરે થયું હતું એ કદાચ આના કારણરૂપ હશે. પણ એક વાર શંકર આંખો મીંચીને બેઠા હતા ત્યારે માતાએ પૂછ્યું, 'ભાઈ, આંખો મીંચીને શું કરે છે ?'

શંકરે કહ્યું, 'માતા ! જન્મ અને મરણનું રહસ્ય ખોળું છું.'

ગુરુને ઘેરથી ભણીને પાછા આવ્યા પછી શંકર પોતાના પિતાનાં થોથાં સતત વાંચતા રહ્યા. એમને જ્ઞાન મેળવવા સિવાય બીજી કશી લગની નહોતી. એ જમાનામાં લોકો જ્ઞાનપ્રાપ્તિ માટે સાધુ બની જતા અને ગુરુની ખોજમાં નીકળી પડતા. શંકરે પણ દીક્ષા લઈને સાધુ બનવાની ઇચ્છા જાહેર કરી. માતા એ સાંભળીને ખૂબ ઉદાસ બની ગયાં. એમને તો સંસારમાં શંકર સિવાય બીજું કોઈ સગુંવહાલું નહોતું.

માતાની આ બાબતમાં નારાજગી જોઈને શંકરે સંન્યાસી બનવાનું માંડી વાળ્યું, ફરીથી અભ્યાસમાં મન પરોવ્યું.

એમ કરતાં શંકર અગિયાર વરસના થયા, અને ત્યારે એમને સંન્યાસી બનવા માટે માતાની પરવાનગી મેળવવાની સરસ તક સાંપડી.

એક દિવસ તેઓ ગામની નજીકની અંબિકા નદીમાં નહાવા ગયા. અગિયારશનો દિવસ હતો. બીજા ઘણા લોકો પણ નહાવા આવ્યા હતા. શંકર જરાક ઊંડા પાણીમાં પહોંચ્યા કે તરત નદીમાં રહેતા મગરે એમનો પગ પકડ્યો. એમણે પગ છોડાવવા માટે ફાંફાં મારવા માંડ્યાં. બૂમો પણ પાડી. નહાવા આવેલાં લોકોએ ચીસાચીસ મચાવી મૂકી. આર્યામ્બા પણ નદીકાંઠે દોડી આવ્યાં.

એટલામાં કોણ જાણે મગરને શું સૂઝયું કે એણે શંકરનો પગ છોડી દીધો !

શંકર તરતા તરતા કાંઠે આવ્યા અને માતાને પગે પડ્યા. બોલ્યા : 'માતા ! તમે તો મારા જીવવાની આશા જ છોડી દીધી હશે, ખરું ને ?'

આર્યામ્બાએ રડતી આંખે ડોકું ધુણાવીને 'હા' પાડી.

બસ, શંકરને જોઈતું બહાનું જડી ગયું. એ કહેવા લાગ્યા, 'ત્યારે તો

માતા ! હવે મને મુએલો જ ધારી લો તો શો વાંધો છે ? મને સંન્યાસી થવાની આજ્ઞા આપો. હું તો આમેય તમારી પાસેથી મરીને ચાલ્યો જવાનો હતો, એને બદલે જીવતો જઈશ.'

માતા ઘણા દિવસથી શંકરને સંન્યાસી બનતા અટકાવી રહ્યાં હતાં. છેવટે એમને જણાયું કે શંકરના મનમાં સંસારની ઉપાધિમાંથી મુક્ત થઈને એકધ્યાનથી જ્ઞાનની સાધના કરવાની તમન્ના જાગી છે. એમણે શંકરને સંન્યાસી બનવાની રજા આપી. માત્ર એટલું જ કહ્યું કે, મારા મરણ પહેલાં એક વાર મળી જજે, ભાઈ,

આ પછીનો શંકરનો ઈતિહાસ સતત રઝળપાટ, જ્ઞાનસંપાદન, વાદવિવાદ અને મતખંડનનો છે. એમણે ફક્ત બત્રીસ વરસની ઉંમરમાં તો આખા ભારતમાં હાક બોલાવી દીધી. અનેક નવાં પુસ્તકો લખ્યાં. દેશને ચાર છેડે ચાર મોટા મઠ સ્થાપ્યા. લોકોમાં બ્રાહ્મણવાદને ફરીથી પ્રચલિત કર્યો. ઈતિહાસકારો કહે છે કે જો શંકર જેવા સમર્થ બુદ્ધિશાળી બ્રાહ્મણવાદની સહાયે આવ્યા ન હોત તો ચીન, જાપાન અને અગ્નિ એશિયાના દેશોની જેમ ભારત દેશ પણ બૌદ્ધ ધર્મ પાળતો હોત.

દુન્યવી ચીજોમાં સુખ શોધવું નકામું છે, ખુશીનો ખજાનો તો તમારી અંદર જ પડેલો છે.

**- રામતીર્થ**



# ૪.

**બાપા એને ભણાવવા જ નહોતા માગતા છતાં એ તો મહાપંડિત બનીને જ રહ્યો !**

# નિમાઇ ગૌરાંગ મહાપ્રભુ

બંગાળમાં ગંગા નદીને કિનારે નદિયા શહેર છે. મધ્યયુગમાં એનું નામ નવદ્વીપ હતું. એ બંગાળનું રાજધાનીનું શહેર હતું અને પંદરમી-સોળમી સદીમાં તો ત્યાં વીસેક લાખની વસ્તી હતી. વેપારવણજના કેન્દ્ર ઉપરાંત એ વિદ્યાનું પણ કેન્દ્ર હતું. અહીં સેંકડો પાઠશાળાઓ ચાલતી જે દરેકમાં સેંકડો વિદ્યાર્થીઓ ભણતા.

આ વિદ્યાનગરમાં જગન્નાથ મિશ્ર નામે એક બ્રાહ્મણ રહેતા હતા. એમનાં પત્નીનું નામ શચીદેવી હતું. જગન્નાથ મિશ્ર મૂળે આસામના સીલહટના રહેવાસી હતા, પરંતુ નવદ્વીપમાં જ સ્થાયી બન્યા હતા. આર્થિક સ્થિતિ સાધારણ હતી, પરંતુ વિદ્યા અને જ્ઞાનને જ વરેલાં આ દંપતીને ધનની કશી તમા નહોતી.

જગન્નાથ મિશ્ર અને શચીદેવીને ઘરે એક પછી એક આઠ પુત્રીઓનો જન્મ થયો હતો. પરંતુ એ બધી થોડો વખત જીવીને મરણ

પામી હતી. નવમા સંતાન તરીકે એક પુત્ર થયો. એનું નામ વિશ્વરૂપ રાખ્યું. આ વિશ્વરૂપ દસ વરસનો થયો ત્યારે વળી શચીદેવીએ એક બીજા પુત્રને જન્મ આપ્યો. આ બીજો દીકરો દેશના ઇતિહાસમાં અમર બની જવાનો હતો.

માતાપિતાની મોટી ઉંમરના આ સંતાનમાં જન્મથી જ કેટલીક અજાયબીઓ હતી. એનો જન્મ ૧૩ મહિનાના ગર્ભવાસ પછી થયો હતો એથી જન્મ સમયે એ ખૂબ મોટો જણાતો હતો. એની આંખોમાં એ કાળે પણ બુદ્ધિ અને સમજણનો અજબ ચમકારો વરતાતો હતો. જગન્નાથ મિશ્રે એનું નામ રાખ્યું વિશ્વંભર.

પરંતુ એની માતાએ એને 'નિમાઈ' નામ આપ્યું. ગુજરાતમાં ખોટના છોકરાને કે ઘણી બહેનો પછી જન્મેલા ભાઈને 'ભીખુ' કહેવાનો રિવાજ છે. યમના દૂતોને આ ભિખારીમાં કશો રસ ન પડે અને એને જલદી લઈ ન જાય, એવા ખ્યાલથી 'ભીખુ' નામ રખાય છે. એ જ રીતે 'નીમ' એટલે લીમડો અને 'નિમાઈ' એટલે લીમડા જેવો કડવો, એવું નામ રાખવાથી છોકરો કડવો છે એમ માનીને યમદૂતો એનાથી છેટા જ રહે !

જોકે આ નિમાઈ કડવો જરાય નહોતો. ખૂબ જ મીઠો હતો. એની નાનપણની સુંદરતા વિષે તો બંગાળીઓએ સેંકડો કાવ્યો રચ્યાં છે. એના દેહનો વર્ણ તપાવેલા સોના જેવો ઊજળો હોવાથી એક નામ 'ગૌરાંગ' પણ હતું.

નિમાઈનું નાનપણ ખૂબ તોફાન-મસ્તીમાં વીત્યું. રખડુ તો એવા કે જરાજરામાં માતાની નજર ચુકાવીને નાસી જાય. પછી શોધતાં નાકે દમ આવે.

એને પશુ-પંખી-જીવજંતુ માટે ભારે સ્નેહ. એક વાર તો સાપના

કણાને પકડી લીધો ! ત્યારથી માતાએ એક માણસને સદાય એની સાથે રાખવા માંડ્યો.

એના પશુ-પ્રેમની એક સરસ વાત છે. એક વાર એણે એક કુરકુરિયાને લાવીને ઘરમાં એક થાંભલા સાથે બાંધ્યું. એને એમ કે બધા જેમ ગાયો પાળે છે તેમ હું કુરકુરિયાં પાળીશ !

પણ આ તો બ્રાહ્મણનું ઘર હતું. ત્યાં કૂતરાં-બિલાડાંને અડવામાં પણ પાપ ગણાતું ત્યારે ઘરમાં પાળવાની તો વાત જે કેવી ? એટલે કુરકુરિયાને ઘરમાં બાંધીને નિમાઈ રમવા બહાર ગયો કે તરત શચીદેવીએ તો કુરકુરિયાને છોડી મૂક્યું. પછી પોતે નાહ્યાં.

નિમાઈને આ વાતની ખબર પડતાં જ એ દોડતો દોડતો ઘરમાં આવ્યો અને ભારે ધાંધલ મચાવવા લાગ્યો. રડવા પણ માંડ્યું. બિચારાં શચીદેવીને એવું જ રૂપાળું બીજું કુરકુરિયું લાવી આપવાનું વચન આપવું પડ્યું.

બીજી ઘણી રીતે નિમાઈ નાનપણમાં જ વિચિત્રતા દાખવતો હતો. નાચવું એ હલકું કામ ગણાતું. છતાં નિમાઈને કઠપૂતળાંઓની જેમ નાચવું ખૂબ ગમતું અને એ એટલો સુંદર હતો કે એ નાચતો ત્યારે સૌ કોઈ મુગ્ધ બનીને એને જોઈ રહેતાં.

માતા જે છૂત-અછૂત-આભડછેટ અને વિધિવિધાનનો આગ્રહ રાખતી તે સામે નિમાઈ પહેલેથી બળવો કરતો. દેવોનો પ્રસાદ દેવોને ધરાવાય તે પહેલાં જ ખાઈ જતો ! જે હલકા વરણનાં ગણાતાં છોકરાંઓ સાથે રમવાની માતા ના પાડે તેમની સાથે ખાસ રમવા જતો અને લાડકો હોવાથી એનાં આ બધાં તોફાન પોસાતાં પણ ખરાં !

એ છએક વરસનો થયો ત્યારે એક ગંભીર પ્રસંગ એના ઘરમાં બની ગયો. મોટો ભાઈ વિશ્વરૂપ એ વેળા સોળેક વરસનો હતો. ઘણું ભણ્યો

હતો. પરિણામે એને જ્ઞાન અને સાધનાની લગની લાગી હતી. સંસાર એને ગમતો નહિ. આથી એક મધરાતે કોઈનેય કહ્યા વગર એ ઘર છોડી નાસી ગયો.

જગન્નાથ મિશ્રને આ ઘટનાનો સખત આઘાત લાગ્યો. દસ-દસ સંતાનો પછી પોતાને ઘેર એકલો એક નિમાઈ જ રહ્યો હતો. અને વિશ્વરૂપ ઘર છોડીને જતો કેમ રહ્યો ? બહુ ભણ્યો અને બહુ જ્ઞાની બન્યો ત્યારે ને ? માટે છોકરાઓને ભણાવવા જ નહિ ! પોતે વિદ્વાન હોવા છતાં જગન્નાથ આવો વિચાર કરતા હતા ! કારણ કે જુવાનજોધ છોકરો ઘર છોડીને જતો રહ્યો હતો.

એ દિવસોમાં તો નિમાઈને પણ નિશાળે જવું ગમતું નહોતું. માતા સાથે અને સરખેસરખા દોસ્તો સાથે એ આનંદ કર્યા કરતો. પરંતુ પછી પોતાના જેવડા બધા છોકરા નિશાળે જવા લાગ્યા એટલે એનેય ભણવાની ચટપટી થઈ. ત્યાં વળી બાપાની આજ્ઞા આડી આવી. આખરે કજિયો કરીને કામ કઢાવવાનો પોતાનો જૂનો ને જાણીતો ઉપાય એણે અજમાવ્યો. શચીદેવીએ પણ છોકરાને છોડુંક તો ભણાવવાનો જગન્નાથ મિશ્રને આગ્રહ કર્યો.

નવદ્વીપમાં ગંગાદાસની પાઠશાળા નામની જાણીતી નિશાળમાં એને મૂકવામાં આવ્યો. અને એની વિશેષતા ઝળકી ઊઠી. પોતાનાં તોફાનોને કારણે જે છોકરો ઘણી વાર ગાંડા જેવો લાગતો તે ભણવામાં તો સૌને ટપી ગયો. થોડાં જ વરસમાં એણે વ્યાકરણશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરી લીધો. તેનો અભ્યાસ એટલો ઉત્તમ હતો કે એણે માત્ર ૧૪ વરસની ઉંમરે વ્યાકરણનું એક પુસ્તક લખ્યું. એ પુસ્તક સૌ વિદ્વાનોએ વખાણ્યું.

વ્યાકરણ ભણ્યા પછી નિમાઈએ ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો. એમાં તો બે જ વરસમાં એ પારંગત બની ગયો.

એ જેવો હોશિયાર હતો એવો જ લાગણીશીલ અને ઉદાર હતો. એનો એક પ્રસંગ તો સૌ વિદ્યાર્થીઓએ જાણવા જેવો છે.

નિમાઈની શાળામાં રઘુનાથ નામનો હોશિયાર વિદ્યાર્થી હતો. તેણે ‘દધિતિ’ નામે ન્યાયશાસ્ત્રનો એક ગ્રંથ લખવા માંડ્યો હતો.

એટલામાં એને જાણવા મળ્યું કે નિમાઈ પણ ન્યાયશાસ્ત્ર ઉપર એક ગ્રંથ લખી રહ્યો છે. નિમાઈના વ્યાકરણના પુસ્તકને મહાન વિદ્વાનોએ પણ વખાણ્યું હતું. આ નવું પુસ્તક પણ એવું જ નીવડશે એમ રઘુનાથ દુ:ખી થતો હતો. એ વિચારતો હતો કે નિમાઈ જેવો હોશિયાર વિદ્યાર્થી જે પુસ્તક લખશે તેની સામે મારું પુસ્તક તો ફિક્કું જ લાગશે ને !

રઘુનાથને થતું કે નિમાઈ કેવું પુસ્તક રચી રહ્યો હશે એ જોવું જોઈએ. આથી એક વાર બંને જણા નૌકામાં બેસીને ગંગા પાર કરી રહ્યા હતા ત્યારે રઘુનાથે કહ્યું, ‘નિમાઈ, તારું પેલું પુસ્તક મને બતાવ ને !’

નિમાઈએ રેશમી કાપડમાં વીંટાળેલા પોતાના પુસ્તકનાં પાનાં રઘુનાથને આપ્યાં. રઘુનાથે એ વાંચવા માંડ્યાં. થોડું વાંચતાં જે એની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. નિમાઈએ પૂછ્યું : ‘કેમ રઘુનાથ, તમે કેમ રડી રહ્યા છો ?’

રઘુનાથે કહ્યું, ‘ભાઈ, હું એમ વિચારું છું કે સૂર્ય સમા તેજસ્વી તારા આ પુસ્તક આગળ મારું પુસ્તક તો ઝાંખું પડશે. પરિણામે મને કદી પ્રતિષ્ઠા નહિ સાંપડે. એ વિચારે હું રડું છું.’

પશુ-પંખી અને જીવજંતુને પણ દુ:ખી નહિ જોઈ શકતો નિમાઈ આવા વિદ્વાનનાં આંસુ કેમ જોઈ શકે ? એણે તો અક્ષરેય બોલ્યા વગર રઘુનાથના હાથમાંથી પેલી પોથી લીધી અને તરત જ ગંગાજીમાં પધરાવી દીધી !

આ ઉદારતા, આ લાગણીશીલતા, કોઈનેય જરાય દુ:ખી જોઈને

પીગળી જતું આ હૃદય - માનવીને આ ગુણો જ મહાન બનાવે છે.

નિમાઈ પણ મહાન બન્યો. મોટી ઉંમરે એ મહાન સંત તરીકે જાણીતો થયો. ભગવાન શ્રીકૃષ્ણના એક અવતાર તરીકે એની ગણના થવા લાગી. એ ગૌરાંગ મહાપ્રભુ કે ચૈતન્ય મહાપ્રભુ તરીકે દેશના ઈતિહાસમાં અમર બની ગયો છે. એની સંપૂર્ણ જીવનકથા પણ ક્યાંક મળી આવે તો વાંચજો.

**ચાલો, વિચારીએ**

સમાજમાં જ્યારે બેહદ અસમાનતા હોય, ત્યારે વિશેષ અધિકાર ભોગવતા વર્ગો પોતાના વિશેષ અધિકારોને વળગી રહેવા માગતા હોય છે. તેને માટે તેઓ બધું જ કરી છૂટે છે. તેથી સાર્વત્રિક મતાધિકાર આપવા છતાં આ સ્થિતિમાં ફરક પડતો નથી.

**- આરીક ફ્રોમ**



# ૫.

**એના જન્મતાં જ મા મરી ગઈ; પછી એને પાળનારી મરી ગઈ; દુનિયાએ એને અભાગિયો ઠેરવ્યો – પરંતુ એણે કરોડો કરોડો લોકોને પ્રેરણા આપી !**

# તુલસીદાસ

તમે રામાયણથી તો અજાણ્યા નહિ જ હો. હજારો વરસથી આ દેશની પ્રજા એ કથા વાંચતી ને સાંભળતી રહી છે. મૂળે વાલ્મીકિ મુનિએ સંસ્કૃતમાં રચેલી આ કથાને ખૂબ જ બહેલાવીને તુલસીદાસે લખી. તુલસીદાસે આ કહાણી હિંદીમાં લખી હોવાથી વધુ લોકો એનો લાભ લઈ શક્યા. એટલે ખરી રીતે રામની કહાણી ભારતમાં ઘેર ઘેર પહોંચાડવાનો યશ તુલસીદાસને ઘટે છે.

આ તુલસીદાસ ઉત્તર ભારતના મહાન સંત-કવિ હતા. સમ્રાટ અકબરના જમાનામાં એ થઈ ગયા. ઘણું માન પામેલા એ કવિ હતા. પરંતુ એમનું બાળપણ કેવી રીતે વીત્યું હતું એ તમે જાણો છો ? બાળપણમાં એમને માથે કેવી કેવી આફતો આવી અને કેવી કેવી સંગત એમને મળી, તે જાણવા જેવું છે.

ઉત્તર પ્રદેશનું દુલેપુરવા ગામ. એમાં રુદ્રનાથ બ્રાહ્મણ રહેતો હતો. એ નજીકના રાજાપુરના સામંતનો રાજગુરુ હતો.

રુદ્રનાથની પત્નીનું નામ હુલસી હતું. આ હુલસીને એક પુત્રનો જન્મ થયો. એ જ તુલસીદાસ ...

પરંતુ એના જન્મથી કોઈને ખુશી થઈ નહોતી. તુલસીનો જન્મ થતાં ઘણી વાર લાગી હતી. માંડ એનો જન્મ થયેલો. અને એ જન્મ્યો ત્યારે એના મોંમાં દાંત આવી ચૂક્યા હતા !

આ દાંત એ છોકરાને માટે દુઃખનું કારણ બની ગયા. કારણ કે સામાન્ય રીતે બાળક જન્મે તે પછી પાંચ-સાત મહિને દાંત આવવાની શરૂઆત થાય છે. આથી બાળક દાંત સાથે જન્મે તેને જુનવાણી સમાજ અપશુકન માની લેતો હતો. તુલસીના મોંમાં કેટલા દાંત હતા એની તો નોંધ નથી. લોકવાયકા છે કે એને પૂરા બત્રીસ દાંત હતા અને જન્મતાંવાર જ એ રડવાને બદલે 'રામ' બોલેલો. પરંતુ આ તો પાછળથી ભક્તોએ જોડી કાઢેલી વાત લાગે છે. માત્ર થોડા દાંત સાથે જન્મ્યો હશે એમ માની શકાય.

.પરંતુ એ જમાનામાં લોકો આ વાત સહન કરવા તૈયાર નહોતા. ગામનાં સ્ત્રીપુરુષોએ હઠ લીધી કે આ છોકરાને જંગલમાં ક્યાંક મૂકી આવો. ભલે એને વરુ ફાડી ખાય. એ જીવતો રહેશે તો માબાપને અને ગામને નુકસાન કરશે.

સ્ત્રીઓ તો ઠીક, પરંતુ પુરુષો પણ પંડિત રુદ્રનાથને આવી સલાહ આપતા હતા. એ સાંભળીને હુલસીની ચિંતાનો પાર ન રહ્યો. આવા વિચિત્ર અને મોટા થઈ ગયેલા છોકરાને જન્મ આપતાં એને બિચારીને તકલીફ તો પડી જ હતી. એને લાગતું હતું કે હું મરી જઈશ. પણ સાથે સાથે છોકરાને પણ લોકો મારી ન નાખે એવી એની ઝંખના હતી. આથી

એણે પોતાની એક ખાસ દાસી ચુનિયાને બોલાવી. પોતાના પલંગ નીચેથી ઘરેણાંનો દાબડો કાઢીને એણે ચુનિયાને આપ્યો અને કહ્યું કે 'તું આ ઘરેણાં લે, અને આ છોકરા સાથે આ ગામ છોડીને ભાગી જા. તું એને ઉછેરજે. મોટો કરજે. હું તો કદાચ નહિ જીવું.'

ચુનિયાએ ઘરેણાં અને છોકરાને લઈને દુલેપુરવા ગામ છોડી દીધું. એ વાત ઈ.સ. ૧૪૫૭ની. વિક્રમ સંવત ૧૫૧૪ની શ્રાવણ સુદ ૯ના દિવસે તુલસીનો જન્મ અને ૧૧મા દિવસે તો એના જન્મસ્થાનમાંથી એને ભાગવું પડ્યું. થોડાક દાંતના પ્રતાપે !

આ બાજુ હુલસીને જે ડર લાગેલો તે સાચો પડ્યો. દીકરાને સલામત રીતે ગામ બહાર રવાના કરીને થોડા કલાકમાં જ એ બિચારીએ દેહ છોડ્યો. વહેમી લોકો બોલ્યા : 'જોયું ને ! છોકરો અભાગિયો જ હતો. જન્મીને પંદર જ દિવસમાં પોતાની જનેતાનો જાન લીધો.'

કોઈ પણ ઘટનાનું વૈજ્ઞાનિક કે તબીબી કારણ શોધવામાં તો ભારતની પ્રજા આજે પણ નથી માનતી, પછી ચારસો વરસ પહેલાંની પ્રજા તો એવો વિચાર કરે જ શાની ?

ચુનિયા છોકરાને લઈને દુલેપુરવાથી ભાગી અને હરિપુરા આવી. અહીં એનું સાસરું હતું. એણે ગાયનું દૂધ પાઈને પેલા 'દાંતાળા' છોકરાને ઉછેરવા માંડ્યો.

પરંતુ જગતમાં ઘણી વાર એવી ઘટનાઓ બને છે અને ઘણી વાર કુદરતી રીતે એવા અકસ્માત સર્જાય છે કે વહેમને પોષણ મળી જાય છે. હરિપુરામાં આવો જ એક અકસ્માત થયો. બાળક તુલસીદાસ પાંચ-છ મહિનાનો થયો ત્યારે ચુનિયાને સાપ કરડ્યો અને એ મરણ પામી. વહેમનાં પૂંછડાં તરત જ પટપટી ઊઠ્યાં. જોયું ને ? છોકરો જ અભાગિયો ! પહેલાં તો એણે માતાને મારી અને પછી પાલક માતાને

મારી ! એ અપશુકનિયાને નાખી આવો જંગલમાં ...

જોકે બ્રાહ્મણનો છોકરો હતો. કોઈનો એવું કરવાનો જીવ ન ચાલ્યો. એ બચી ગયો. માત્ર એ દયાપાત્ર પશુની જેમ જીવતો રહ્યો, બસ.

આ પછી છ-સાત વરસ તુલસી કેવી રીતે જીવ્યો એનો કશો આધાર લોકવાયકામાં પણ નથી મળતો. પરંતુ એનું જીવન હડધૂત હતું, એ ચોક્કસ. એ ઘેર ઘેર ભટકીને માગી ખાતો.

એક દહાડો એવી જ રીતે હરિપુરાના એક જમીનદારને આંગણે એ ખાવાનું માગવા ગયો હતો. એ દિવસે જમીનદારને ગુસ્સો ચડી આવ્યો. એણે તો છોકરાને એક લાકડી જ ફટકારી દીધી...

જમીનદાર તો એને બહુ જ ધબેડી નાખત. આજે પણ જમીનદારો ગરીબોને જીવતા જલાવી જ રહ્યા છે ને ! પરંતુ બરાબર આ જ વખતે નરહરાનંદજી નામના એક સાધુ મહારાજ એ જગ્યાએ પહોંચ્યા. એમણે ભોંયે પડેલા તુલસીને ઉઠાવી લીધો. એને તેડી લીધો. પેલા જમીનદાર સામે ગુસ્સાભરી નજરે જોયું. જમીનદાર શરમાઈને ઘરમાં જતો રહ્યો.

નરહરાનંદજીએ ગામલોકોને આ છોકરાની વાત પૂછી. ગામલોકોએ તુલસીનો અભાગિયો ઇતિહાસ કહી સંભળાવ્યો. નરહરાનંદ તુલસીને તેડીને ગામના મુખી પાસે ગયા અને બોલ્યા : 'મુખિયા, આ છોકરો તમને ગામલોકોને તો ગમતો નથી. બોલો, હું એને લઈ જાઉં ?'

મુખી કહે 'હોવે. અત્યારે ને અત્યારે લઈ જાવ ! એ જશે તો પાપ ટળશે. લઈ જાવ તમતમારે.'

આમ, તુલસીને એક તારણહાર મળી ગયા. નજીકની ચિત્રકૂટની ટેકરી ઉપર નરહરાનંદનો આશ્રમ હતો. એમણે ત્યાં જઈને તુલસીને જનોઈ આપી. એને ભણાવવા માંડ્યો. દુનિયાભરનાં મેણાંટોણાં અને લાઠીલાકડીઓ ખાઈને સુકાઈ ગયેલા તુલસીના મનમાં જાણે એકાએક

જ્ઞાનનો પાતાળકૂવો ફૂટી નીકળ્યો. એણે ગજબની તત્પરતાથી ભણતર ભણવા માંડ્યું. સંસ્કૃત ભાષા, ક્રિયાકાંડ, પુરાણો વગેરે એણે શીખવા માંડ્યાં. ઘણી વાર ગુરુની સાથે એ યાત્રાએ પણ નીકળતો. કાશીમાં એણે રામાનંદ, શેષ સનાતન વગેરે એ જમાનાના મહાન વિદ્વાનોનાં દર્શન કર્યાં.

આ શેષ સનાતન અનેક વિદ્યાઓના જાણકાર હતા. પરંતુ એમને કોઈ લાયક ચેલો મળતો નહોતો. નરહરાનંદના ચેલા તુલસીદાસમાં એમને પ્રતિભા જણાઈ. એમણે પોતાના ચેલા તરીકે તુલસીની માગણી કરી. નરહરાનંદને પણ લાગ્યું કે દેશના આ મહાન વિદ્વાન પાસે તુલસી વધુ સારું જ્ઞાન મેળવી શકશે. એમણે તુલસીને ત્યાં જ રાખી દીધો.

શેષ સનાતન તો વિદ્યાની અખૂટ ખાણ હતા. તુલસી પૂરાં પંદર વરસ લગી એમના ચરણે બેઠો. આખરે ગુરુનું અવસાન થયું ત્યારે જ એમની વિદ્યાદાનની પ્રવૃત્તિ પૂરી થઈ. તુલસીને લાગ્યું કે હજુ ઘણું શીખવાનું રહી ગયું છે. પરંતુ હવે શો ઉપાય ? ગુરુની ઉત્તરક્રિયા કરીને તુલસીએ કાશી છોડ્યું. ત્યારે એ પોતે મહાપંડિત બની ગયો હતો.

દેશાટન કરતો કરતો તુલસી પોતાને ગામ દુલેપુરવા આવી પહોંચ્યો. અહીં એનાં સગાંવહાલાં સૌ મરી પરવાર્યાં હતાં. એનું ઘર ભાંગીતૂટીને ખંડેર બની ગયું હતું. એણે ગામલોકોને વિનંતી કરી : ‘હું અહીં રહું ?’

ગામલોકો શરમથી મસ્તક ઝુકાવી ગયાં. પોતે જેને અભાગિયો બાળક ગણેલો એ તો મહાન વિદ્વાન બન્યો છે. એમણે તુલસીનું ઘર સમરાવી આપ્યું.

આ પછી તો તુલસીદાસનાં લગ્ન થયાં, એનો પ્રભાવ વધ્યો, એણે ‘રામચરિતમાનસ’ નામે રામાયણની નવરચના કરી, એકસો ઉપરાંત

વરસની જિંદગી ગાળી, ખુદ અકબર અને જહાંગીર એનાં દર્શને આવીને એને ચરણે નમ્યા. તુલસીદાસની સિદ્ધિ મહાન છે. પરંતુ મારે મન તો એમની જીવનકથાનું સૌથી મહત્ત્વનું પાસું એ છે કે એમણે અનેક વહેમોને ખોટા પાડ્યા.

આપણી લોકશાહીમાં 'લોકો'ના મતની બહુ મોટી અસર વ્યવહારમાં જણાતી નથી. આજે રાજકાજ જે રીતે ચાલે છે તેમાં લોકમતનો ઝાઝો પ્રભાવ જણાતો નથી. તેમાં તો ખુરશી ઉપર કયો માણસ બેઠો છે તેની જ અસર વધારે જણાય છે. લોકોને આજે જે મતાધિકાર છે તે નામ માત્રનો મતાધિકાર છે. જેવી રીતે ઘેટાં પોતાના ભરવાડને ચૂંટે, એવો જ આ અધિકાર છે. આખી પ્રજા જાણે ઘેટાંનું ટોળું છે !

ધર્મ ને ચિંતનની જવાબદારી અમુક ધાર્મિક પુરુષો પર, તેમજ પૂજા, જપ-જાપ વગેરેની જવાબદારી પૂજારી પર નાખી દેવાથી જેમ ધાર્મિક કે ભક્ત બની જવાતું નથી, તેમ વહીવટ અને સેવાની જવાબદારી અમુક ચૂંટેલા પ્રતિનિધિઓને સોંપી દેવાથી તે વ્યવસ્થા લોકશાહી બની જતી નથી.

**- વિનોબા**



# ૬.

**‘સમજ્યા વગરનું ગોખવું એ સાચા વિદ્યાર્થીનું લક્ષણ નથી.’**

## નાનક

પંદરમી સદીનો પાછલો ભાગ છે. પંજાબનું તિલવંડી નામનું ગામ છે.

ત્યાં એક સંસ્કૃત પાઠશાળા છે. પંડિત બ્રિજનાથ નામના એક વિદ્વાન બ્રાહ્મણ આ પાઠશાળા ચલાવે છે.

એક દિવસ પંડિત બ્રિજનાથની પાઠશાળામાં કાળુરામ નામના સજ્જન આવ્યા. તેઓ પોતાના દીકરાને પાઠશાળામાં દાખલ કરવા માગતા હતા. દીકરાનું નામ હતું નાનક.

પંડિતજીએ તો છોકરાને પાઠશાળામાં દાખલ કર્યો. એ જમાનામાં પાટી તો હતી નહિ. લોકો પાટિયા ઉપર ઝીણી રેતી ભભરાવીને સાંઠીકડા (વતરણા) વડે રેતીમાં અક્ષર પાડતા. અને છોકરો નવો નવો નિશાળે બેસે ત્યારે ગુરુજી એને સૌથી પહેલાં એક મંગળ વાગ્ય લખી આપતા, જેમ કે ‘શારદાયૈ નમઃ’, ‘શ્રી સરસ્વત્યૈ નમઃ’, ‘ૐ નમઃ સિદ્ધમ્’ વગેરે.

પંડિત બ્રિજનાથે પણ નાનકને 'ૐ નમઃ સિદ્ધમ્' એવું પાટિયા ઉપર લખી આપ્યું અને કહ્યું કે આ વાક્ય ગોખી માર.

નાનકે પૂછ્યું, 'ગુરુજી, આ લખ્યું છે એનો અર્થ શો ? મને જરા સાદી પંજાબીમાં શીખવો ને !'

પંડિતજી કહે, 'આ ગુરુમંત્ર છે અને સંસ્કૃતમાં છે. તમે આગળ ઉપર મોટા થશો ત્યારે એનો અર્થ સમજશો. હાલ તો બસ, ગોખી જાવ.'

'પણ સમજ્યા વગર ગોખવાથી શો લાભ ?'

'એ લાભ પણ તમને આગળ ઉપર સમજાશે. એક વાર હું ગોખાવું તેમ ગોખી જાવ.'

પણ નાનકે વગર સમજ્યે કશું પણ ગોખવાનો સાફ ઇન્કાર કર્યો, એટલું જ નહિ, પંડિત બ્રિજનાથની પાઠશાળામાં જવાનો પણ ઘસીને ઇન્કાર કરી દીધો !

* * *

નાનકે નિશાળને રાજીનામું આપ્યું હોય એવો આ કંઈ પહેલો પ્રસંગ નહોતો. આગળ પણ એક હિંદી પાઠશાળામાં એકડો ઘૂંટવાના લાભાલાભ વિષે ગુરુજી સાથે એને ચર્ચા થઈ ગયેલી અને એણે નિશાળ છોડી દીધેલી !

વિક્રમ સંવત ૧૫૨૬(ઈ.સ. ૧૪૭૦) માં બરાબર કાર્તિકી પૂર્ણિમાને દિવસે પોતાના મોસાળના ગામ ક્નાકચમાં જન્મેલા નાનક બાળપણથી જ ગજબની બુદ્ધિ અને વિવાદશક્તિ ધરાવતા હતા. એમના પિતાનું નામ કાળુરામજી હતું. તેઓ એક ઊંચા ક્ષત્રિય કુળના રાજપૂત હતા અને 'વેદી' અટકથી ઓળખાતા. એમનું રહેઠાણનું ગામ તિલવંડી હતું. કાળુરામજી તિલવંડીના જમીનદાર હાકેમરાય બુલાખીને ત્યાં મુનીમ હતા.

નાનકનાં માતાનું નામ તૃપ્તાજી હતું. તેઓ ખૂબ શાંત, સરળ, ભલાં અને વિવેકી હતાં.

આવાં માતાપિતાને ઘેર જન્મેલા નાનક જન્મથી જ તેજસ્વી હતા. એ જમાનામાં બાળકો જન્મે કે તરત જ્યોતિષને આધારે એમની જન્મકુંડળી મંડાતી અને એનું ભવિષ્ય ભાખવામાં આવતું. નાનકનું ભવિષ્ય ભાખનાર જોષીએ કહ્યું કે આ બાળક ભવિષ્યમાં એક મહાપુરુષ બનશે અને ઘણા ઘણા લોકો એને ચરણે મસ્તક ઝુકાવશે !

વાત સાવ સાચી ઠરતી લાગી. બે-ચાર વરસનો નાનક બીજા સૌ છોકરાઓથી જુદો તરી આવવા લાગ્યો. એ સદાય વિચારશીલ રહેતો, એટલું જ નહિ, દયાળુ પણ ખૂબ હતો. પોતાને જે ખાવાનું કે નાસ્તો મળે તે ગોઠિયાઓ સાથે વહેંચ્યા વગર ખાતો નહિ. અને ઘણી વાર તો પોતાને મળેલી ચીજવસ્તુઓ ગરીબોનાં છોકરાંઓને આપી આવતો !

આવા નાનકને ભણવા બેસાડવાની બબ્બે કોશિશો જ્યારે નિષ્ફળ ગઈ ત્યારે કાળુરામજીએ તેને ભણાવવાનો વિચાર માંડી વાળ્યો. એમણે નાનકને ભરવાડના છોકરાઓની જેમ ગાયો ચારવા મોકલવા માંડ્યો.

નાનકને આ કામ ગમ્યું. લીલાછમ વગડામાં મન ફાવે ત્યાં ફરવું અને જીવ મળે ત્યાં બેસી જવું એને ઘણું પસંદ હતું. અહીં તો નહિ કશું ગોખવાનું કે નહિ ગુરુજીની સોટીની બીક ! નાનક તો વગડામાં ગાયો ચારવા આવતા બીજા છોકરાઓને ભેગા કરીને રમવા લાગ્યો. ઘણી વાર સૌને ઝાડ નીચે બેસાડીને પોતે સાંભળેલી ભગવાનની ને એવી કથાઓ કહેવા લાગ્યો.

પણ બીજી બાજુ રેઢી પડેલી ગાયો કોઈ ખેડૂતના ખેતરમાં પેસી ઊગતા પાક ખાઈ જવા લાગી. થોડા દિવસ આમ ચાલ્યું. એટલે ખેડૂતોએ હાકેમરાય આગળ ફરિયાદ કરી. કહેવાય છે કે આ ફરિયાદની

જ્યારે હાકેમરાયે તપાસ કરી ત્યારે કોઈ ખેતરમાં નુકસાન જણાયું નહિ!

પરંતુ કાળુરામજી પુત્રનાં આ લક્ષણથી ચોંકી ગયા. એમણે પુત્રને ગાયો ચરાવવા મોકલવાને બદલે પોતાના ખેતરની રખેવાળી સોંપી. પણ નાનક તો જેવો ને તેવો અલગારી રહ્યો. ખેતરના પાક ચણવા પંખીઓ આવે તેમને એ ઉડાડતો નહિ. ઊલટાનો એ તો ગીત ગાતો :

રામદી ચીડિયા,
રામદા ખેતર ;
ખા લો ચીડિયા,
ભરભર પેટ !

એટલે તમે રામનાં પંખીઓ છો અને આ રામનું જ ખેતર છે. માટે આવો પંખીઓ, પેટ ભરીને દાણા ખાઈ લો !

આ જ રીતે એક વાર નાનકને એમના પિતાએ કશીક ખરીદી કરવા નજીકના લાહોર ગામે મોકલ્યા. અહીં પણ એમણે ખરીદી માટેનાં નાણાં સાધુઓમાં વહેંચી માર્યાં ! એમણે કહ્યું કે આ તો આપણે પુણ્ય ખરીદી રહ્યા છીએ, અને આથી સારી ખરીદી દુનિયામાં બીજી કશી હોઈ ન શકે.

આવા નાનક જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ ધર્મ તરફ એમનું મન વધુ ને વધુ વળવા લાગ્યું. દરમિયાનમાં હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેનાં વેરઝેર પણ એમણે જોયાં. અને એ જોઈને પણ એમનું દિલ દુ:ખી બનવા લાગ્યું. એથી એમણે સંસારનાં તમામ કામ છોડી દઈને સૌને એક બનાવવાનો ઉપદેશ આપવા માંડ્યો. એમણે જીવન અને નીતિ માટે લોકોને નવી ‘શીખ’ આપી. આ નવી શીખને આધારે પછી તો એક નવો જ ધર્મસંપ્રદાય શરૂ થયો, જે ‘શીખ’ સંપ્રદાય નામે ઓળખાય છે.

એમનું અવસાન વિક્રમ સંવત ૧૫૯૪માં (ઈ.સ. ૧૫૩૮માં) થયું

ત્યાં સુધીમાં એક મહાન પયગંબર જેટલું માન એમને મળી ચૂક્યું હતું અને એમણે ભારતમાં વસતી બે મોટી કોમોને એક બનાવવાનો રાજમાર્ગ ચીંધી આપ્યો હતો.

સાધુ પુરુષ આટલી વાતોથી ખૂબ જ સાવધ રહે છે :

૧. આંખ વાપરતી વેળાએ સ્પષ્ટ જોવાની કાળજી રાખે છે.

૨. પોતાના મુખ પર પ્રસન્નતા રાખે છે.

૩. પોતાનું વર્તન માનભર્યું રાખે છે.

૪. હંમેશાં સત્ય બોલે છે.

૫. પોતાનું કાર્ય ધર્મબુદ્ધિથી અને કાળજીથી કરે છે.

૬. શંકા પડતી બાબતોમાં બીજાને પૂછવામાં શરમ કે સંકોચ રાખતો નથી.

૭. ગુસ્સો ચડે ત્યારે તેના પરિણામનો આગળથી વિચાર કરે છે.



# ૭.

**હાથી ગાંડો થઈ ગયો હતો. ભલભલા ચમરબંધી શૂરવીરો ને સેનાપતિઓમાં નાસભાગ મચી ગઈ હતી. પરંતુ તેર વરસનો એક કિશોર ભાગ્યો નહિ !**

# ઔરંગઝેબ

મુગલ બાદશાહો સાઠમારીના શોખીન હતા.

સાઠમારીમાં બે પશુઓને સામસામાં લડાવવામાં આવે છે. મુગલો કૂકડા, બકરા અને ઊંટોની સાઠમારીથી માંડીને હાથીઓની સાઠમારી પણ ગોઠવતા.

જેમ આજે લોકો કિંગકોંગ અને દારાસિંગનાં કુસ્તીદંગલ જોવા ઊમટી પડે છે તેમ મુગલોના રાજમાં સાઠમારી જોવા લોકો ટોળે વળી જતા. સૌને ખૂબ આનંદ આવતો. મર્દાનગીના ખેલ જોવાનું સૌને ગમે. એમાંય પશુઓ સામસામાં લડે તે જોવાની મજા તો ઓર જ છે.

સાઠમારીઓ ગોઠવવાના શોખ માટે બાદશાહ શાહજહાં ઘણો જાણીતો છે. દેશના જુદા જુદા ભાગમાંથી હાથીઓ મંગાવીને એ વખતોવખત સાઠમારીઓ ગોઠવતો.

બંગાળના સૂબાને આ વાતની ખબર હતી એટલે વારંવાર એ પોતાના પ્રાંતમાંથી હાથીઓ પકડાવીને શાહજહાંને મોકલતો. એને ત્યાનાં જંગલોમાં હાથીઓની છત હતી.

એક વાર એણે એકસાથે ચાળીસ હાથી બાદશાહને ભેટ મોકલ્યા. એમાંય બે હાથીઓ તો નોખા તરી આવે તેવા હતા. સાધારણ હાથીઓ કરતાં બે હાથ ઊંચા અને શરીરે બમણા તગડા એ હાથીઓ નાના-શા પહાડ જેવા જ લાગતા હતા. એમાંથી એકનું નામ સુધાકર અને બીજાનું નામ સૂરતસુંદર હતું.

આ જબરદસ્ત હાથીઓને જોતાં જ બાદશાહે તેમની સાઠમારી ગોઠવવાનો હુકમ કર્યો.

સાઠમારીનો દિવસ નક્કી થયો.

એ દિવસે વહેલી સવારથી જ, દિલ્હી નગરીનાં લોક થોકેથોક ઊમટી પડ્યાં. જમના નદીને કાંઠે બાદશાહના મહેલ સામેના ચોગાનમાં લોકો ભેગાં થઈ ગયાં. હાથીઓ માટે વચ્ચે ખુલ્લી જગા રાખવામાં આવી હતી.

બાદશાહ પોતે તો બેગમોની સાથે ઝરૂખે બેઠા હતા પણ એમના શાહજાદાઓ દારા અને શુજા અને ઔરંગઝેબ ઘોડે ચડીને ફરતા હતા. રાજા જયસિંહ પણ એમની સાથે જ હતા અને કાચી ઉંમરના શાહજાદાઓની સંભાળ રાખતા હતા. દારા અઢારેક વરસનો હતો, સુજા સોળેકનો અને ઔરંગઝેબ તો માંડ તેર વરસનો હતો. જમનાને કાંઠે રેતાળ જગાએ પોતાના ઘોડા ઊભા રાખીને તે સૌ સાઠમારી જોતા બેઠા હતા.

સુધાકર અને સૂરતસુંદર બંને હાથીઓ પર મહાવતો બેઠા હતા. અંકુશ મારી મારીને હાથીઓને તેઓ ગુસ્સે કરતા હતા. એમને

એકબીજાની સામે ધક્કેલીને ભીડાવતા હતા. હાથીઓ પણ પરસ્પર ટકરાઈને ગુસ્સે થવા લાગ્યા હતા. જોરથી ચીંઘાડ પાડતા હતા અને એકબીજાને મારી નાખવા ધસતા હતા. લાંબા દંતૂશળ ભરાવીને સામેવાળાને ચીરી નાખવાની કોશિશ કરતા હતા.

એવામાં અચાનક સૂરતસુંદરનો એક લાગ ફાવી ગયો. એણે જોર કરીને સુધાકરના પડખામાં એક દંતૂશળ ઘોંચી દીધો. સુધાકરે દર્દની એક લાંબી ચીસ પાડીને આંચકો માર્યો. સૂરતસુંદરનો દાંત એના પડખામાંથી નીકળી ગયો.

હવે સુધાકર સાવ ગાંડો જ બની ગયો. લાલઘૂમ આંખો ફાડતો, સૂંઢ અને દંતૂશળ ઉછાળતો, ચીંઘાડ નાખતો એ દોડ્યો. દોડતાં દોડતાં ભાન ભૂલી ગયો. સૂરતસુંદર એક બાજુ રહી ગયો અને પોતે જમનાના કાંઠા ભણી ધસી ગયો. લોકોમાં હોહા થઈ ગઈ. નાસભાગ મચી ગઈ. રાજા જયસિંહ અને દારા અને શુજા પણ ભાગ્યા.

પણ ....

પણ આ શું ? પેલો ઔરંગઝેબ કેમ હજુ ત્યાં ને ત્યાં ઊભો છે ? હાથી બરાબર એના તરફ જ દોડ્યો આવે છે છતાં એ ઘોડાને ખસેડી કેમ નથી લેતો ? કેમ જાણે પથ્થરનું પૂતળું બની ગયો હોય એમ ખડો છે ?

ના, એ પથ્થરનું પૂતળું તો નથી બની ગયો. એણે હાથમાં પકડેલો ભાલો તો ઊંચકાવા લાગ્યો છે. બરાબર મજબૂત હાથે તોળાવા લાગ્યો છે.

ધન..... ધન.... ધન.... કરતો ગાંડોતૂર હાથી દોડ્યો. એણે પોતાના મારગમાં ઊભેલા ઘોડેસવાર કિશોરને દીઠો. એના તરફ જ એણે હડી કાઢી અને જઈને પોતાના દંતૂશળનો એક જોરદાર ધક્કો મારી દીધો. પણ એ જ વખતે ઘચ્ચાક ... ! ઔરગંઝેબનો અણીદાર ભાલો સુધાકરના

માથામાં ચાર વેંત ઊંડો પેસી ગયો. એટલું જ નહિ, જાણે એકાએક વીજળી ઝબકી હોય તેમ ઔરંગઝેબના હાથમાં સમશેર રમવા લાગી અને એના એક જ સપાટાથી હાથીની અડધી સૂંઢ કપાઈ ગઈ.

ઘોડા સાથે ગબડી પડવાને બદલે ઔરંગઝેબ કૂદીને એક બાજુ પડ્યો અને શમશેરનો બીજો ઘા મારવા દોડ્યો, પણ એટલી વારમાં તો ઘવાયેલો સુધાકર એની સામેથી નાસી છૂટ્યો હતો !

શાહજાદો શમશેર મ્યાન કરીને ઊભો રહ્યો. જાણે કાંઈ બન્યું નથી, જાણે રૂંવાડુંય ફરક્યું નથી, એમ અડગ ઊભો રહ્યો.

શાહજહાં તો ઝરૂખામાંથી દોડ્યા. પગમાં મોજડી પહેરવાય ઊભા ન રહ્યા. અડવાણે પગે નદીકાંઠે આવી પહોંચ્યા. એમના હૈયામાં તો ફાળ પડી હતી. શાહજાદો આજે જીવતો નહિ રહે એવો ડર હતો.

પણ શાહજાદો તો હસતો ઊભો છે. પોતાના ગબડી પડેલા ઘોડાને ઊભો કરીને થાબડે છે. બાદશાહ તો એની આવી અડગ વીરતા જોઈ ખુશખુશાલ થઈ ગયા અને એને ભેટી પડ્યા.

બીજે દિવસે દરબાર ભરાયો. શાહજહાંએ દીકરાને 'બહાદુર'નો ખિતાબ આપ્યો. પાંચ હજાર સોનામહોરોનું ઇનામ આપ્યું. હાથી સુધાકર એને આપી દીધો. ઉપરાંત બે લાખ રૂપિયાની ભેટ આપી. વળી પોતાનો વહાલસોયો દીકરો મોતના પંજામાંથી ઊગરી ગયો એ વાતના માનમાં એક લાખ મહોરો ગરીબોને વહેંચી આપી.

દિલ્હી નગરીમાં તો એ દહાડે સૌને મોંએ એક જ વાત હતી. આનું નામ વીર, આનું નામ શૂર ! સાચો શૂર મોત સામે અડગ રહે ને લડત કરે.

આ જ ઔરંગઝેબ મોટો થઈને બારતનો બાદશાહ થયો. નાનો હોવા છતાં મોટા બે ભાઈઓને મારી હઠાવીને ગાદીએ બેઠો. પણ કોઈને

નવાઈ ન લાગી. સાચો શૂર હોય એ જ ગાદી પર શોભે ને !

નાનો હતો ત્યારે ઔરંગઝેબ આવો શૂરવીર હતો. એની આવી શૂરવીરતા પાછલી જિંદગીમાં પણ ચાલુ રહી હતી. તમને એ જાણીને આશ્ચર્ય થશે કે ભારતના ઇતિહાસમાં કોઈ પણ રાજાએ ઔરંગઝેબ જેટલા મોટા પ્રદેશ ઉપર રાજ નથી કર્યું.

જ્યાં સુધી શરીર સ્વસ્થ છે, વૃદ્ધાવસ્થા નથી આવી, ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ નથી થઈ અને આયુષ્ય પણ પૂરું નથી થયું ત્યાં સુધી સમજુ માનવીએ પોતાનું હિત સાધી લેવું જોઈએ. ઘરમાં આગ લાગ્યા પછી કૂવો ખોદવાથી શું લાભ છે ?

- ભર્તુહરિ



# ૮.

**ઘર છોડીને નાસી ગયા, અંધ ગુરુના હાથનો એવો માર ખાધો કે જિંદગીભર નિશાની રહી જાય. છતાં વહેમ અને અજ્ઞાન સામે જ્ઞાન મેળવવાની સાધના કરતા રહ્યા.**

# સ્વામી દયાનંદ

સૌરાષ્ટ્રમાં મોરબી શહેર છે. એની નજીક ટંકારા નામે ગામ આવેલું છે. અહીં બ્રાહ્મણોની વસ્તી ઘણી. એમાં કરસનજી ત્રવાડી નામના એક આગેવાન બ્રાહ્મણ હતા. પોતે ધર્મમાં શ્રદ્ધાળુ હતા. ઘેર જમીન-જાગીર ખરી. પૈસા ઘણા. ધીરધારનો ધંધો પણ કરે.

આ કરસનજી ત્રવાડીને ઘેર ઈ.સ. ૧૮૨૬માં એક પુત્રનો જન્મ થયો. એનું નામ રાખ્યું મૂળશંકર.

આ મૂળશંકર નાનપણથી જ વિચારશીલ અને ચાલાક હતો. જરા શંકાખોર પણ ખરો. પરંતુ જ્ઞાનનું બીજ શંકા જ છે ને ! એ શંકાઓ કરીકરીને જ્ઞાન મેળવવા મથતો અને આગળ જતાં ખૂબ જ જ્ઞાની પુરુષ તરીકે આખા ભારતમાં જાણીતો બન્યો. મહર્ષિ દયાનંદ સરસ્વતી તરીકે તમે સૌ એને ઓળખો છો.

આ મૂળશંકરે શિવરાત્રીની રાત્રે શિવલિંગ ઉપર ઉંદર ફરતા જોયા અને મૂર્તિપૂજામાંથી એમનો વિશ્વાસ ઊઠી ગયો, એ પ્રસંગ તો તમે સૌએ વાંચ્યો હશે. પરંતુ એમના નાનપણની બીજી પણ ઘણી રોમાંચક વાતો છે.

ભગવાન બુદ્ધને જીવન અને જગત વિષે વિચારતા કરી મૂકનાર ત્રણ દૃશ્યો હતાં. આ દૃશ્યો ઘડપણ, રોગ અને મૃત્યુનાં હતાં. એ જ રીતે મૂળશંકરના ચિત્તને ખળભળાવી મૂકવામાં મૃત્યુના બે પ્રસંગોએ મોટો ભાગ ભજવ્યો છે.

એક વખત મૂળશંકર પોતાના વડીલ પુરુષો સાથે ગામમાં સગાને ત્યાં જમવા ગયો હતો. જમીપરવારીને સૌ આનંદ કરતા બેઠા હતા. એવામાં અચાનક સમાચાર આવ્યા કે મૂળશંકરની નાની બહેનનું અવસાન થયું છે. મૂળશંકર દોડતો દોડતો ઘેર આવ્યો. આ નાની બહેન એને ખૂબ વહાલી હતી. એણે જોયું કે ઘરમાં રોકકળ થઈ રહી છે. ઘરની વચ્ચોવચ નાની બહેન પડી છે. એ હવે કદી નહિ બોલે - નહિ ચાલે. સવારે તો જે બહેન હસતી હતી એને અચાનક આ શું થઈ ગયું એ જ મૂળશંકરને સમજાયું નહિ. પણ મોત વિષે બહુ ગંભીર વિચારો એ કરવા લાગ્યો.

આ પ્રસંગને માંડ બે વરસ વીત્યાં હશે ત્યાં તો એના ખૂબ જ વહાલા કાકા એકાએક બીમાર થઈ ગયા. એ મૂળશંકરને કશુંક કહેવા ગયા, પણ કહી શક્યા નહિ અને એકદમ એમના પ્રાણ જતા રહ્યા.

આ બે પ્રસંગોથી મૂળશંકર ખૂબ ચિંતાતુર બની ગયો. હવે ઘર-કામમાં કે ભણવામાં એનું ચિત્ત ચોટતું નહિ. એને લાગ્યું કે કાશીમાં કોઈ સારા ગુરુ પાસેથી વિદ્યા મળે તો કદાચ મૃત્યુનો ભેદ પારખી શકાય. એણે કાશી જવા માટે પિતાની રજા માગી.

પણ પિતા સમજી ગયા હતા કે છોકરાનું ઠેકાણે નથી. જો એ કાશી જશે તો જરૂર સાધુ થઈ જશે અને સંસારમાં પાછો નહિ આવે. આથી પિતાએ તેને કાશી જવાની તો રજા ન જ આપી. ઊલટાનો, એને ઘરઆંગણે બાંધી રાખવા માટે એનાં લગ્નની તૈયારીઓ આદરી. મૂળશંકરને આ વાતની ખબર પડી. એણે પિતા પાસે જઈને કહ્યું, 'મારી લગ્ન કરવાની ઇચ્છા નથી.'

પરંતુ એનું માને કોણ ? પિતાએ તો મૂળશંકરની વાત પર ધ્યાન આપ્યા વગર જ લગ્નની તૈયારીઓ આગળ વધારી. આથી મૂળશંકર માટે ઘર છોડવા સિવાય કશો ઉપાય રહ્યો નહિ. અને એણે એક મધરાતે ઘર છોડીને ચાલતી પકડી.

રસ્તામાં બાવાઓની એક જમાત મળી. મૂળશંકરે કહ્યું, 'મને તમારી સાથે રાખો, મને બાવો બનાવો.'

આગેવાન બાવાએ મૂળશંકરના શરીર ભણી આંગળી ચીંધીને કહ્યું, 'ભલા માણસ ! આવાં કપડાં અને આટલાં ઘરેણાં પહેરીને તે કાંઈ બાવો બનાતું હશે ?'

ત્યાં તો ઊડતા ખબર આવ્યા કે સિદ્ધપુરમાં મોટો મેળો ભરાવાનો છે. દૂરદૂરથી જ્ઞાની પુરુષો એ મેળામાં આવશે. મૂળશંકરને તો જીવન અને મૃત્યુનો ભેદ જાણવો હતો. માનવ સર્વ વાતે સુખી કેમ થાય એ જાણવું હતું. મેળામાં આવું જ્ઞાન આપનાર કોઈ મળી જશે એવી આશાએ તે સિદ્ધપુર ભણી ચાલ્યો.

પરંતુ ત્યાં જ એક મુસીબત એની સામે આવીને ઊભી થઈ ગઈ. સિદ્ધપુરના મારગમાં જ એક સાધુએ તેને ઓળખી કાઢ્યો. એણે ટંકારા સમાચાર મોકલી દીધા. તરત જ કરસનજી ત્રવાડી ઘોડેસવાર સિપાઈઓની ટુકડી લઈને સિદ્ધપુર આવ્યા અને એમણે મૂળશંકરને

પકડી પાડ્યો. પહેલાં તો ક્રોધ કરીને એને ખૂબ માર્યો. પછી આખી રાતનો પહેરો એના ઉપર ગોઠવ્યો.

પાછલી રાતે હાથમાં લોટો લઈને કુદરતી હાજતનું નામ દઈને મૂળશંકર છટક્યો. ઝડપથી થોડે દૂર સુધી દોડી ગયો. પછી એક ઘટાદાર ઝાડ ઉપર ચડી ગયો. ફરી શોધાશોધ અને દોડાદોડ થઈ. એક વાર તો ઘોડેસવાર સિપાઈઓ પેલા ઝાડ નીચે થઈને જ નીકળ્યા. પરંતુ મૂળશંકર અહીં છુપાયો હશે એવી ખબર ન પડી.

આ દોડાદોડ જરા શાંત પડી એટલે મૂળશંકર ઝાડ પરથી નીચે ઊતર્યો. વળી દોડવા લાગ્યો. આમ ને આમ ઘણા દિવસની દડમજલ પછી એ નર્મદા નદીને કાંઠે પહોંચ્યો. અહીં પરમાનંદ સંન્યાસી પાસે રહ્યો. એમની પાસે થોડોઘણો અભ્યાસ પણ કર્યો. પરંતુ એનાથી એને સંતોષ ના થયો.

એણે પૂર્ણાનંદ સરસ્વતી નામના બીજા ગુરુ શોધી કાઢ્યા. પૂર્ણાનંદે જ એને 'દયાનંદ સરસ્વતી' નામ આપ્યું. આ વખતે દયાનંદની ઉંમર ૨૫ વરસની હતી.

જોકે પૂર્ણાનંદ પણ દયાનંદને તો અપૂર્ણ જ લાગ્યા. એટલે એમને પણ છોડીને એ આગળ ચાલ્યો. હવે એને લાગ્યું કે હિમાલયમાં જ સાચું જ્ઞાન મળશે. ઈતિહાસમાં સૌ મહાન ઋષિ-મુનિઓ હિમાલયમાં જ તપ કરવા જતા ને અત્યારે પણ કદાચ હિમાલયની કોઈક ગુફામાં કોઈ જ્ઞાની ગુરુ બેઠા હોય ! આમ માનીને દયાનંદ હિમાલય ગયા અને ત્યાંના પહાડો ખૂંદવા મંડ્યા.

પણ હિમાલયની આ રખડપટ્ટીથી શરીર કસાવા સિવાય દયાનંદને વિશેષ કશું ન મળ્યું. એથી હિમાલય છોડીને વળી તળેટીમાં આવ્યા.

આખરે મથુરામાં એમને સાચા ગુરુ મળ્યા. તેમનું નામ સ્વામી

વિરજાનંદ સરસ્વતી હતું. પાંચ જ વરસની ઉંમરે અંધ બની ગયેલા અને શાસ્ત્રો સાંભળી-સાંભળીને વિદ્વાન બનેલા વિરજાનંદ જ્ઞાનના સાગર સમાન હતા. દયાનંદે એમની સેવા કરવા માંડી. ગુરુ માટે રસોઈ કરતા, કડકડતી ઠંડીમાં પણ જમના નદીમાંથી ભીને લૂગડે પાણી ભરી લાવતા, કપડાં ધોતા, સંજવારી કાઢતા અને છતાં ક્રોધી ગુરુ આવડા મોટા દયાનંદને પણ નાની નાની વાતો માટે વઢતા. કદીક માર પણ મારતા અને એક વખતે તો એવા જોરથી દંડો ફટકારેલો કે એના ઘાની નિશાની જિંદગીભર રહી ગયેલી. છતાં દયાનંદ એમની સેવા કરતા રહ્યા. કારણ કે ભારતના કોઈ સાધુઓ ન કહી શકતા તે વિરજાનંદે કહ્યું. એમણે સમજાવ્યું કે મૂર્તિપૂજા ઢોંગ છે. ક્રિયાકાંડ નકામા છે. ધર્મનો આધાર જ્ઞાન હોવું જોઈએ.

આ પછી લગભગ વીસ વરસ સુધી દયાનંદે ધર્મને નામે ચાલતા ઢોંગ સામે લડવામાં પોતાની તમામ શક્તિઓ સીંચી દીધી. ભારતના વિચારની પ્રગતિના ઇતિહાસમાં એમનું નામ હંમેશાં અમર રહેશે. એમનું અવસાન ઈ.સ. ૧૮૮૫માં બરાબર દિવાળીના દિવસે થયું ત્યારે આખા દેશમાં શોક ફેલાઈ ગયો.હતો. આજે પણ દિવાળીના દિવસે ઠેરઠેર દયાનંદને યાદ કરવામાં આવે છે.

હાસ્ય એક અદ્‌ભુત ઔષધ છે. એ પૌષ્ટિક છે અને એથી બધા પ્રકારનું બળ મળે છે.

**- મહાત્મા વોલ્ટન**



# ૯.

**મૂળે કદરૂપ હતો અને વળી શીતળામાં આંખ ગુમાવીને કાણો બન્યો, પરંતુ એણે 'બાડો બત્રીસ લક્ષણો' હોય એ કહેવત સાચી પાડી !**

# રાજા રણજિતસિંહ

બાળપણમાં નડેલા રોગ, કુરૂપતા, એકલતા, અન્યાય વગેરે આફતોને પરિણામે માણસ મરણિયો બને છે એ વાત સાચી છે ?

સમ્રાટ અશોકના બાળપણની કથા આવી જ હતી. તે કદરૂપો હોવાથી ઝનૂની અને ક્રૂર બન્યો હતો. આજે એક એવા જ બીજા રાજાની કથા વાંચીએ. તે રાજા અશોક જેટલો જાણીતો નથી. એણે કાંઈ મોટું સામ્રાજ્ય પણ જીત્યું નહોતું. પરંતુ એના જમાનાના પ્રમાણમાં એણે હાંસલ કરેલી સિદ્ધિ અદ્‌ભુત હતી. આ જ કારણે ભારતના ઇતિહાસમાં એનું નામ અમર બની ગયું છે.

આ રાજવીનું નામ રાજા રણજિતસિંહ.

આજથી બસોએક વર્ષ પહેલાં જ એનો જન્મ. એ વેળા અંગ્રેજોનો પ્રતાપ એટલો જોરદાર હતો કે કોઈ પણ ભારતીય રાજા પોતાનું રાજ વધારી તો શકે જ નહિ. રાજ જાળવવાનાં જ ઘણા લોકોને તો ફાંફાં હતાં.

એવા જમાનામાં રણજિતસિંહે એક મોટું રાજ જમાવ્યું. એ એની મોટી સિદ્ધિ છે.

રણજિતસિંહનો જન્મ ઈ.સ. ૧૭૮૦ની બીજી નવેમ્બરે અમૃતસરથી આઠ કિલોમીટર દૂર આવેલા એક ગામડામાં થયો હતો. એના પિતાનું નામ સરદાર મહાનસિંહ અને માતાનું નામ રાજકૌર હતું. એ વેળા પંજાબના શીખો બાર મિસલ(કુળ)માં વહેંચાઈ ગયેલા હતા. સરદાર મહાનસિંહ આમાંની 'સકરચખિયા' મિસલનો એક આગેવાન હતો. મૂળે એ જાટજાસીં નામના રજપૂત વંશનો હતો, પરંતુ શીખોએ શીખ ધર્મ અંગીકાર કર્યા પછી જૂના વંશનાં નામોનો ત્યાગ કર્યો હતો.

રણજિતસિંહ જન્મથી જ કદરૂપો હતો. એનું જીવનચરિત્ર લખનાર એક લેખકે તો કહ્યું : 'સાધારણ રીતે બાળક ગમે તેવું હોય તો પણ નાનપણમાં તો સુંદર જ દેખાય છે. પરંતુ રણજિતસિંહ તો નાનપણમાંય કદરૂપો હતો. માત્ર એના ચહેરાનો ચમકાર અને એની બોલચાલનો રુઆબ એવો હતો કે સૌને લાગતું કે આ છોકરો પરાક્રમી અને સત્તાધીશ થશે.'

બાળપણની કદરૂપતા ઓછી હોય તેમ, રણજિત હજુ બેત્રણ વરસનો હતો ત્યાં જ એના પર શીતળાનો હુમલો થયો. શરીરમાં સખત તાવ રહે અને આખા શરીરે ગરમીના મોટા ફોલ્લા થાય. સાધારણ રીતે એ જમાનામાં શીતળાથી કોઈક જ જીવતું બચે. રણજિત બચી ગયો. પરંતુ શીતળાએ પોતાની અમીટ નિશાનીઓ તેના શરીર ઉપર મૂકી દીધી. એક આંખ (ડાબી આંખ) સદાયને માટે એ ખોઈ બેઠો. આખા શરીરે શીતળાના કાળા કાળા ડાઘ અને ચાઠાં રહી ગયાં. આ કદરૂપતાએ રણજિતને આક્રમક સ્વભાવનો બનાવી મૂક્યો.

એ દસ જ વરસનો હતો ત્યારે વળી એના પર જીવલેણ ઘાત આવી. એને લડાઈ જોવાનો ઘણો શોખ હતો. એના પિતા મહાનસિંહ લડાઈમાં

જાય ત્યારે પોતે પણ સાથે જતો. ઈ.સ. ૧૭૯૦માં એક મુસ્લિમ સરદાર ગુલામમહમ્મદ સાથે પિતાને તકરાર થઈ. મંચાર નામના ગામ આગળ બંને વચ્ચે યુદ્ધ થયું. ત્યારે રણજિત પણ એક હાથી ઉપર બેસીને લડાઈ જોવા ગયો હતો. એ વેળા ગુલામમહમ્મદનો એક કાકો ભારે પરાક્રમ કરીને રણજિતવાળા હાથી ઉપર ચડી ગયો. હાથીના હોદ્દા ઉપર બેઠેલા રણજિતને ઠાર કરવા એણે તલવાર વીંઝી. પરંતુ એ જ વખતે એક નિમકહલાલ શીખની એના પર નજર પડી ગઈ. એણે ગોળી મારીને દુશ્મનને ઠાર કર્યો. પરંતુ એ ક્ષણે વેંત છેટા મોતનો રણજિતને અનુભવ થઈ ગયો. રણજિત મોતથી ડરતો મટી ગયો.

આટલી મુસીબતો ઓછી હોય તેમ, રણજિતસિંહ ફક્ત બાર વરસનો હતો ત્યારે એના પિતા મહાનસિંહ ગુજરી ગયા. રણજિત એનો મોટો દીકરો હતો. એટલે પિતાની જાગીરનો એ વારસદાર થયો. એકાએક આવી પડેલી આ જવાબદારીએ તેને એકદમ ગંભીર બનાવી મૂક્યો.

રણજિત નાનો છ વરસનો હતો ત્યારે જ 'કન્હૈયા' મિસલની એક છોકરી સાથે એનાં લગ્ન થઈ ગયાં હતાં. રણજિતની સાસુ સદાકૌર એક ઘણી જ હોશિયાર અને બહાદુર સ્ત્રી હતી. એણે મહાનસિંહની જાગીર સાથે પોતાની જાગીર ભેળવીને એક ઠીકઠીક મોટું રજવાડું રચવા માટે જ દીકરીને રણજિત વેરે પરણાવી હતી. મહાનસિંહના અવસાન પછી આ બંને રજવાડાંની સેના વડે સદાકૌર લડાઈઓ આદરી બેઠી. નજીકની જાગીરો દબાવીને એણે જમાઈને નામે ચડાવવા માંડી. નાનકડો રણજિત પોતાની બહાદુર સાસુનાં પરાક્રમો નિહાળતો હતો અને લડાઈઓમાં ભાગ લઈને કુશળ બનતો જતો હતો.

રણજિતની માતા રાજકૌર પણ દીકરા ઉપર કબજો રાખતી. આમ, બે સ્ત્રીઓની પાંખમાં દબાયેલો રણજિત ઘણી વાર અકળાઈ ઊઠતો.

એ સ્વતંત્ર બનવા માગતો હતો. આથી સોળ વરસની ઉંમરે એણે પહેલાં તો માતાને રાજકારભારમાંથી ખસી જવાનું કહ્યું. માતા નારાજ થઈ અને સામી થઈ. રણજિતે તરત જ સગી માતાને કેદ કરી અને જેલમાં પૂરી દીધી !

પરંતુ રણજિત ઉપર એની માતા કરતાં સાસુનો દાબ વધારે હતો એટલે રણજિત પોતાના વફાદાર સૈનિકોને લઈને પોતાની જાગીરમાંથી જ નીકળી ગયો ! એણે ઉત્તરમાં જેલમ નદીની આસપાસ નવેસરથી મુલક જીતીજીતીને પોતાનું આગવું રાજય સ્થાપ્યું.

તમે અહમદશાહ અબ્દાલીનું નામ કદાચ સાંભળ્યું હશે. મુગલાઈના છેલ્લા દિવસોમાં એણે ભારત ઉપર વારંવાર ચડાઈઓ કરી હતી. આ અહમદશાહનો પુત્ર શાહઝમાન પણ બળવાન હતો. ઈ.સ. ૧૭૯૭માં જયારે રણજિત સત્તર વરસનો હતો ત્યારે શાહઝમાને ભારત ઉપર હુમલો કર્યો. એણે પહેલાં તો લાહોર જીતી લીધું અને શીખ સરદારોને લૂંટવા માંડ્યા.

આ સમયે રણજિતે જબરી કુનેહ વાપરી. એણે શાહઝમાન સાથે જ ભાઈબંધી કરી લીધી ! જેલમમાં ડૂબી ગયેલી એની તોપો કાઢી આપી ! એને સમજાવી - પટાવીને પોતે લાહોરનો 'રાજા' નિમાયો.

લાહોર એ વખતે પંજાબનું મુખ્ય શહેર હતું. રણજિત લાહોરનો રાજા બન્યો એટલે આજુબાજુના ઘણા શીખ સરદારો એને માન આપવા લાગ્યા. રણજિત બેવડી ચાલ રમતો હતો. એક બાજુ શાહઝમાન સાથે ભાઈબંધી રાખતો હતો, બીજી બાજુ સરદારોને એકઠા કરીને શાહઝમાનનો સામનો કરવા માટે બળ એકઠું કરતો હતો. આખરે બે જ વરસમાં એને એટલી બધી ફાવટ આવી ગઈ કે એ આખા પંજાબનો મહારાજા બની ગયો ! પોતાની લડાઈખોર સાસુને પણ હરાવી અને એને પણ જીવી ત્યાં સુધી કેદમાં રાખી.

શીખોની બારે મિસલને એક ઝંડા હેઠળ લાવીને રણજિત 'મહારાજા' બન્યો ત્યારે એની ઉંમર ફક્ત ઓગણીસ વરસની હતી. એ કેટલો બધો શક્તિશાળી અને હોશિયાર હતો એનો તમને આ ઉપરથી જ ખ્યાલ આવી જશે.

- મનુષ્યનું મનુષ્ય પ્રત્યેનું સૌથી મોટું અને અક્ષમ્ય પાપ છે - અન્યની પીડા તરફ નિઃસંગતિ, ઉદાસીનતા દાખવવી. તમારી નજીકના જ માણસની પીડા પ્રત્યે ઉદાસીન રહેવું તેના જેવો કોઈ દોષ નથી.

- જ્યારે ખૂબ જ નજીકથી આવતો આર્ત પોકાર તમારા હૃદય સુધી ન પહોંચે અને દૂર દૂરથી આવતું ઉત્તેજક સંગીત તમને બહેકાવે.

- સામે પીડાથી છટપટતા હોય તેવા માણસને જુઓ અને તેમને કલ્પનાની આંખોથી માદક દૃશ્યો જોતા રહો.

- કોઈની સહાયતા કરવાને વખતે તમારા હાથપગ જડ થઈ જાય, પણ કામુક સંગીત વખતે શરીર નાચવા માંડે ત્યારે હે બંધુ મારા, તું જાણી લેજે કે તું પતનની અંતિમ સીડી પર પહોંચી ગયો છે.

**- રામાનંદ**



# ૧૦.

**બ્રાહ્મણની છોકરી તે વળી યુદ્ધકળા શીખે ? એ તે કાંઈ હાથીએ બેસે ? પરંતુ આ છોકરીએ તેમ જ કર્યું !**

# રાણી લક્ષ્મીબાઈ

ભારતનું સૌથી પવિત્ર ગણાતું વિદ્યાધામ કાશી.

આ શહેરમાં મૂળ મહારાષ્ટ્રનું એક બ્રાહ્મણ કુટુંબ વસતું હતું. કુટુંબના વડાનું નામ મોરોપંત તાંબે હતું. એમનાં પત્નીનું નામ ભાગીરથીબાઈ હતું.

આ મોરોપંત અને ભાગીરથીબાઈને ઘેર ઈ.સ. ૧૮૩૫ની ૧૧મી નવેમ્બરના દિવસે એક દીકરીનો જન્મ થયો. એનું નામ રાખવામાં આવ્યું 'મનુબાઈ'.

મોરોપંત તાંબેના વડવાઓ મહારાષ્ટ્રમાં સતારા નગર પાસે કૃષ્ણા નદીને કાંઠે વાઈ નામના ગામમાં વસતા હતા. એ જમાનામાં બ્રાહ્મણો માત્ર લોટ માગનારા અગર છોકરાં પરણાવનારા અને સત્યનારાયણની કથા કહેનારા નહોતા. ઘણા બ્રાહ્મણો દાતરડાની ખેતી કરતા અને ઘણા તલવારની ખેતી પણ કરતા. તલવારની ખેતી એટલે સૈનિકનો ધંધો. આ

વાઈ ગામના તાંબે બ્રાહ્મણો મરાઠાઓના પેશ્વાના લશ્કરમાં જોડાયા અને ધીરે ધીરે આગળ વધ્યા. સરદાર બન્યા.

એ લોકો સરદાર બન્યા એટલે પેશ્વાઓના મુખ્ય શહેર પૂનામાં એમનાં ઘરબાર થયાં. મોરોપંત જુવાન હતા ત્યારે પૂનામાં રહેતા પેશ્વા બાજીરાવ બીજાની સરદારી કરતા. તેઓ પેશ્વાના નાના ભાઈ ચિમણાજી અપ્પાના મુખ્ય સલાહકાર હતા.

પરંતુ એ પેશ્વાની પડતીના દિવસો હતા. થોડા વખતમાં જ પેશ્વાઓ અંગ્રેજોની સામે ભૂંડી રીતે હારી ગયા. એમણે તમામ રાજયવહીવટ ગુમાવ્યો અને બાજીરાવ ત્રીજાને તો અંગ્રેજોની જીવાઈ ઉપર ગુજારો કરવાના દિવસો આવ્યા.

આને પરિણામે ચિમણાજી અપ્પા પણ પૂના છોડીને કાશી રહેવા ગયા. આથી મોરોપંત તાંબે એમની સાથે ગયા. તેઓ ચિમણાજીની દીવાનગીરી કરતા, એટલે કે ચિમણાજીના હિસાબકિતાબ વગેરેની સંભાળ મોરોપંત રાખતા.

મોરોપંતની પુત્રી મનુબાઈ નાનપણથી જ ખૂબ દેખાવડી, હોશિયાર અને ચપળ હતી. એ સદાય હસતી રહેતી અને પોતાના ખૂબસૂરત દેખાવ તથા આનંદી સ્વભાવને કારણે સૌને વહાલી લાગતી.

પણ મનુભાઈનો આ આનંદ લાંબો સમય ટક્યો નહિ. એ ફક્ત ત્રણ વર્ષની હતી ત્યારે અચાનક માતા ભાગીરથીબાઈનું અવસાન થયું. પિતાજી બહુ પ્રેમાળ સ્વભાવના હતા. એમણે મનુને ઘણા લાડ લડાવ્યા. એની હર પ્રકારે કાળજી રાખવા માંડી. એને માતાની ખોટ ન સાલે એવું વાતાવરણ એમણે સર્જી દીધું. પોતે દીકરીને માટે માતા અને પિતા બંને બની ગયા.

પણ મોરોપંતના જીવનમાં પત્નીના અવસાન પછી તરત જ બીજી

ગંભીર આફત આવી. કાશીમાં ચિમણાજી અપ્પાનું પણ અવસાન થયું. હવે મોરોપંત પાસે કશી કામગીરી ન રહી. કાશીમાં રહેવાનો કશો અર્થ ન રહ્યો.

આથી મોરોપંત પોતાની નમાયી છોકરી મનુબાઈને લઈને પેશ્વા બાજીરાવ બીજાને આશરે ચાલ્યા. બાજીરાવની પેશ્વાની ગાદી જતી રહી હોવાથી એમણે એ વેળા પૂના છોડીને મધ્ય પ્રદેશમાં બ્રહ્માવર્ત નામની જગ્યાએ રહેવા માંડ્યું હતું. મોરોપંતે અહીં રહેવા માંડ્યું.

પણ અહીં મનુબાઈએ તો સૌની ચાહના જીતી જ લીધી. તેનો હસમુખો સ્વભાવ અને ચંચળ ચપળતા જોઈને સૌએ એનું નામ 'છબીલી' પાડ્યું.

પેશ્વા બાજીરાવને પુત્રો નહોતા. આથી એમણે પોતાની પાછળ નામની પેશ્વાઈ પણ જાળવી રાખવા માટે અને અંગ્રેજો તરફથી મળતી જીવાઈ ખાવા માટે બે છોકરાઓને દત્તક લીધા હતા. એમનાં નામ નાનાસાહેબ અને રાવસાહેબ હતાં. આ છોકરાઓને રાજકુમારો જેવી ખાસ તાલીમ અપાતી હતી. ભણતર ઉપરાંત એમને ઘોડેસવારી, તીરંદાજી, તલવારબાજી, નિશાનબાજી વગેરેની તાલીમ આપવા માટે પણ ખાસ માણસો રાખવામાં આવ્યા હતા. મનુબાઈ બાજીરાવની માનીતી કન્યા બની ગઈ હોવાથી એ પણ તાલીમમાં જોડાતી. એ પણ યુદ્ધકળા શીખતી અને અભ્યાસ કરતી. અને મજાની વાત એ હતી કે પેલા બંને છોકરાઓ કરતાં મનુબાઈ વધુ ઝડપથી વધુ શીખી જતી. એ ખૂબ જ ચાલાક હતી.

નાનપણથી જ એ મહત્ત્વાકાંક્ષી પણ હતી. એની આશાઓ ઊંચી હતી. એક વખતની વાત છે. દશેરાની કે એવા કશાક પર્વની ઉજવણી ચાલતી હતી. એના ભાગરૂપે પેશ્વાના મોટા છોકરા નાનાસાહેબને હાથી ઉપર સવારી કરવાનો લાભ મળ્યો. મનુબાઈએ હઠ પકડી કે હું પણ

હાથી ઉપર બેસું ! પરંતુ પેશ્વા પાસે હાથી એક જ હતો અને નાનાસાહેબે હઠ પકડી કે હાથી ઉપર મારા સિવાય બીજા કોઈને હું બેસવા નહિ દઉં !

પિતા મોરોપંતે મનુબાઈને કહ્યું, 'છોકરી ! તું તો એક બ્રાહ્મણની દીકરી છે. તારા નસીબમાં હાથી ક્યાંથી હોય ?'

મનુબાઈ છેડાઈ પડી. એણે કહ્યું, 'મારા નસીબમાં એક નહિ, એકવીસ હાથી છે, અને હું એટલા હાથી ઉપર બેસીને જ રહીશ !'

અને આગળ જતાં મનુબાઈ એક રાજની રાણી બની તથા એણે એકવીસ હાથી મેળવ્યા પણ ખરા !

એનામાં આવી હઠ હતી એટલું જ નહિ, આગેવાનીના ગુણ પણ કેળવાવા લાગ્યા હતા. બ્રહ્માવર્તમાં છોકરાં જે રમતો રમતાં એમાં મનુબાઈ હંમેશાં આગેવાની લેતી. રમત રમતાં એ રાણીનો પાઠ ભજવતી. બીજાં છોકરાંઓ પર હુકમ ચલાવતી.

એમ કરતાં મનુબાઈ આઠ વરસ પૂરાં કરીને નવમા વરસમાં બેઠી, ત્યારે અચાનક જ એક રાજની રાણી બનવાનો અવસર આવી ગયો. એ જમાનામાં છોકરીઓનાં લગ્ન સાત-આઠ વરસની ઉંમરે થઈ જતાં.

ઝાંસી નામના શહેરમાં ગંગાધરરાવ નામે રાજા હતા. એ પણ મરાઠા હતા. એમની પત્નીનું અવસાન થયું. એમની ઉંમર જરા વધારે થઈ હતી, પરંતુ એ જમાનામાં તો મોટી ઉંમરે પણ ઘણા લોકો લગ્ન કરતા. મનુબાઈનું લગ્ન આ ગંગાધરરાવ જોડે થઈ ગયું.

મિત્રો, હવે કદાચ તમને આ મનુબાઈનો બરાબર પરિચય થઈ ગયો હશે.

હા, એ જ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ.

તમને કદાચ ખ્યાલ હશે કે મહારાષ્ટ્રમાં છોકરીનાં લગ્ન પછી એનાં સાસરિયાં એનું નામ બદલે છે. લગભગ હમેશાં આ રીતે નામ

બદલવામાં જ આવે છે. એમ મનુબાઈનું નામ પણ બદલીને લક્ષ્મીબાઈ રાખવામાં આવ્યું હતું.

આ લક્ષ્મીબાઈ પછી તો ખૂબ બહાદુર નીવડી. એણે અંગ્રેજો સામે ટક્કર લીધી. ઈ.સ. ૧૮૫૭માં અંગ્રેજોની સામે આઝાદી જંગ મંડાયો ત્યારે એણે આગેવાની ભર્યો ભાગ લીધો અને એ લડતાં લડતાં શહીદ થઈ ગઈ.

આજે આઝાદ ભારતમાં નારીની બહાદુરીના આદર્શરૂપ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈને માનથી સંભારવામાં આવે છે.

હું એ માર્ગ જાણું છું. એ માર્ગ તલવારની ધાર જેવો તીક્ષ્ણ અને સાંકડો છે. એના પર ચાલતાં હું આનંદ અનુભવું છું. જ્યારે એ માર્ગથી ચલિત થાઉં છું, ત્યારે હું રોઉં છું. ઈશ્વરનું વચન છે - '' જે શુભનિષ્ઠાથી પ્રયત્ન કરે છે તેનો કદી નાશ થતો નથી.'' મને એ વચનમાં સંપૂર્ણ શ્રધ્ધા છે. તેથી હું મારી નબળાઈને લીધે ભલે, હજારો વાર ચલિત થાઉં પરંતુ હું શ્રધ્ધા ગુમાવીશ નહીં. અને મને આશા છે કે એક દિવસ એવો જરૂર આવશે જ્યારે મને આ દિશામાં પ્રકાશ લાધશે''.

**- મહાત્મા ગાંધી**



# ૧૧.

**મોટા ભાઈનો ઠપકો સાંભળીને એમણે ઘર છોડ્યું, પછી જ્ઞાનની લગનથી દેવ બની ગયા.**

## સ્વામી સહજાનંદ

અયોધ્યા નગરી એટલે શ્રીરામની રાજધાની.

એની પાસે છપૈયા નામનું એક ગામ છે. મનોમતી નામની નદીને કાંઠે આવેલું એ એક રળિયામણું ગામડું છે.

આ ગામડામાં હરિપ્રસાદ પાંડે નામના એક બ્રાહ્મણ રહેતા હતા. તેઓ સામવેદી સરવરિયા બ્રાહ્મણ કહેવાતા. પોતે શાસ્ત્રો અને પુરાણોના સારા એવા જાણકાર હતા. એમનાં પત્નીનું નામ હતું પ્રેમવતી.

આ હરિપ્રસાદ પાંડેને ઘેર ઈ.સ. ૧૭૮૧માં એક પુત્રનો જન્મ થયો. દીકરો ખૂબ રૂપાળો, ચપળ અને જીવરો હતો. પાંડેજીને એની મુખકાંતિ જોતાં જ લાગ્યું કે આ છોકરો મોટો થઈને જરૂર નામના કાઢશે.

પાંડેજીની સ્થિતિ ખાસ બહુ સારી નહોતી. બ્રાહ્મણવૃત્તિથી જે થોડીક કમાણી થતી એમાંથી માંડ એમનું ભરણપોષણ થતું. આ નાનકડો

છોકરો એમને એટલો બધો વહાલો હતો કે તેઓ છોકરાનો પડ્યો બોલ ઝીલી લેતા. એના બધા જ લાડકોડ પૂરા કરવા કોશિશ કરતા.

આ છોકરાનું નામ એમણે નીલકંઠ રાખ્યું. એનું બીજું નામ ઘનશ્યામ પણ ખરું.

નીલકંઠને મા-બાપ તરફથી તો લાડ મળવા લાગ્યા, પરંતુ બીજી મુસીબતો પણ એના પર ઊતરી.

સૌથી પહેલાં તો એ ફક્ત અઢી વરસનો હતો ત્યારે એના પર જીવલેણ આફત ઊતરી. આફતના મૂળમાં વહેમી માન્યતા હતી.

છપૈયાની નજીકના એક ગામડામાં કાલિદત્ત નામનો માણસ રહેતો હતો. એ શક્તિનો ઉપાસક હતો. એ શક્તિમાતાના યજ્ઞો કર્યા કરતો. એ માનતો હતો કે જો યજ્ઞમાં કોઈ બત્રીસલક્ષણા બાળકનો ભોગ અપાય તો યજ્ઞ કરનારની બધી ઇચ્છાઓ પૂરી થાય અને ઇચ્છે તે મળી જાય.

આ કાલિદત્તને જાણવા મળ્યું કે છપૈયાના ગરીબ બ્રાહ્મણ હરિપ્રસાદ પાંડેને ઘેર બત્રીસલક્ષણા છોકરાનો જન્મ થયો છે. એણે આ છોકરાને ઉપાડી લાવીને કાલિમાતા સામે એનો ભોગ આપવાનું નક્કી કર્યું. કાલિદત્ત માનતો હતો કે ગરીબના છોકરાને ઉપાડી લાવવાનું સહેલું પડશે. કોઈ કશું જાણશે નહિ. અને એક રાતે જઈને એણે ઊંઘતા નીલકંઠને ચુપચાપ ઉઠાવ્યો પણ ખરો. લાવીને પોતાના ઘરના એક ઓરડામાં પૂરી દીધો.

પરંતુ એનું આ કાવતરું પકડાઈ ગયું. લોકોને ખબર પડી કે હરિપ્રસાદનો ખોવાયેલો છોકરો કાલિદત્તના ઘરમાં છે. એમણે કાલિદત્તના ઘર પર હલ્લો કરીને છોકરાને છોડાવ્યો. આમ આ મુસીબતમાંથી તો નીલકંઠ બચ્યો. પરંતુ એનાં માબાપને એથી બીક લાગી ગઈ. એમને થયું કે જો છપૈયામાં જ રહીશું તો તો જરૂર એક દિવસ છોકરાને ગુમાવી

બેસીશું. એમણે વહેલી તકે છપૈયા છોડી દીધું અને અયોધ્યા શહેરમાં જઈ વસવા લાગ્યા.

નીલકંઠ માટે આ સ્થાનપલટો ઘણો લાભદાયી નીવડ્યો. અહીં એણે વિશાળ દુનિયા જોઈ. ભણતરનો પણ લાભ એને મળ્યો. જોકે એ અગિયાર વર્ષનો થયો ત્યાં તો એનાં માતા-પિતા ગુજરી ગયાં. એના કુમળા મન ઉપર આ ભયંકર આઘાતની પણ અસર થઈ.

નીલકંઠને એક મોટા ભાઈ હતા અને એક નાના. મોટાનું નામ રામપ્રસાદ અને નાનાનું નામ ઇચ્છાપ્રસાદ. મોટાં ભાભીનું નામ સુવાસિની હતું. માતાપિતા ગુજરી જતાં ઘરની જવાબદારી રામપ્રસાદને માથે આવી.

આ રામપ્રસાદ ભારે ગુસ્સાખોર હતા. નાની ઉંમરમાં આખા કુટુંબનો ભાર એમને માથે આવ્યો એટલે એ જરા વધુ ગુસ્સાખોર બની ગયા. તેઓ નીલકંઠ ઉપર ખૂબ ચિડાતા. નીલકંઠ તો કિશોર હતો. અહીંતહીં ઝઘડા પણ કરી બેસતો. કજિયો ઘેર લાવતો. આથી એક વાર મોટા ભાઈએ તેને ઠપકો આપ્યો, 'નીલકંઠ ! તારું તોફાન હવે વધતું જાય છે. તારે ખાતર થઈને મારે આમ કેટલા લોકો સાથે ઝઘડા કરવા ?'

આ સાંભળીને નીલકંઠને ભારે વસમું લાગ્યું. એક તો માબાપ વગરનો છોકરો. એમાં વળી લાડકોડમાં ઊછરેલો. એણે મોટા ભાઈને કહી દીધું, 'ભાઈ ! કાલથી તમારે મારા વતી કોઈ ઝઘડો વહોરવો નહિ પડે !'

નીલકંઠ શું કહેવા માગે છે તે મોટા ભાઈને તરત ને તરત તો સમજાયું નહિ. પરંતુ એ પછી બીજે જ દિવસે નીલકંઠ ગુમ થઈ ગયો ત્યારે જ ભાઈ-ભાભીને ખબર પડી ગઈ કે નીલકંઠ તો ઘર છોડીને જતો રહ્યો છે. ફક્ત અગિયાર વર્ષની વયે નીલકંઠે ઘર છોડ્યું.

ભાઈ-ભાભીને ઘણો આઘાત લાગ્યો. એમણે નીલકંઠની ઘણી તપાસ કરી. નીલકંઠના દોસ્તોને ઘેર, પાઠશાળામાં, આજુબાજુનાં ગામોમાં.... બધે ફરીફરીને નીલકંઠને શોધ્યો, પરંતુ ક્યાંય એનો પત્તો લાગ્યો નહિ. બિચારાંઓ રડીરડીને થાક્યાં. પણ નીલકંઠ ન જડ્યો તે ન જ જડ્યો.

તો નીલકંઠ ગયો હતો ક્યાં ?

એ તો ધ્રુવજીની જેમ તપ કરવા ચાલ્યો ગયો હતો ! અપરમાતાનું મેણું સાંભળીને જેમ ધ્રુવજી જતા રહ્યા હતા એમ મોટા ભાઈનો ઠપકો સાંભળીને નીલકંઠને પણ માઠું લાગ્યું હતું. એણે અયોધ્યા પાસેથી વહેતી યમુના નદીનો કિનારો પકડી લીધો. નદીને કાંઠે કાંઠે છેક હિમાલયની તળેટીમાં તે પહોંચી ગયો. અહીં મુક્તનાથ નામના ક્ષેત્રમાં એ થોડો વખત રહ્યો.

પછી વળી કોઈ સારા ગુરુની શોધમાં એણે દેશાટન આદર્યું.

રસ્તામાં એને ભાતભાતના માણસો મળ્યા. સ્વાર્થી અને ઢોંગી સાધુઓ મળ્યા, તપસ્વી સંતો પણ મળ્યા. નીલકંઠ એ બધાના અનુભવથી ઘડાતો રહ્યો. આખરે એ ગુજરાત આવ્યો. ગુજરાતે એને ઘણું માન આપ્યું અને એણે ગુજરાતને સાદાઇનો અને ભાઈચારાનો એક ધર્મ આપ્યો. આ નીલકંઠ જ આગળ જતાં સહજાનંદ સ્વામી તરીકે વિખ્યાત બન્યો. એણે સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી. ભક્તો સહજાનંદને સ્વયં ઈશ્વરના અવતારરૂપ માને છે.



# ૧૨.

**વનવગડામાં જન્મેલી એક છોકરી, જે ભારતની પ્રથમ વિદ્વાન નારીઓમાંની એક બની અને જેણે અનેક ક્ષેત્રે પહેલ કરી.....**

## રમાબાઈ રાનડે

અનન્ત શાસ્ત્રી ડોંગરે નામના એક વિદ્વાન માણસ ઓગણીસમી સદીની શરૂઆતમાં થઈ ગયા. મેંગ્લોર તાલુકાનું મલ્હરામ્બી ગામ એમનું વતન હતું.

શાસ્ત્રીજી કિશોર વયે પૂનામાં એક ગુરુને ત્યાં ભણવા ગયા. આ ગુરુ પેશ્વા બાજીરાવ બીજાના કુટુંબના પણ શિક્ષક હતા અને તેઓ બાજીરાવની પત્નીને સંસ્કૃત શીખવતા હતા. એ જમાનામાં લોકો માનતા કે છોકરીઓને લખતાં-વાંચતાં શીખવાની જરા પણ જરૂર નથી ! આથી અનંત શાસ્ત્રીના ગુરુ સામે જુનવાણી લોકોને ગુસ્સો હતો. પરંતુ તેઓ પેશ્વાના ગુરુ હોવાથી કોઈ સામું બોલી શકતું નહિ.

પણ જ્યારે અનંત શાસ્ત્રીએ ઘેર જઈને પોતાની પત્નીને સંસ્કૃત શીખવવા માંડ્યું ત્યારે તો એમના ઉપર સમાજ તૂટી પડ્યો ! હોહા મચી ગઈ. શાસ્ત્રીને ગામ બહાર કાઢી મૂકવામાં આવ્યા. શાસ્ત્રીજી અને

તેમનાં પત્ની રખડતાં થઈ ગયાં. વરસો સુધી રઝળતાં રહ્યાં. વચ્ચે થોડાં વરસ મ્હૈસૂરના રાજાનો આશ્રય મળ્યો પરંતુ સ્ત્રીકેળવણી વિષેના શાસ્ત્રીજીના ખ્યાલોને પરિણામે એમણે મ્હૈસૂર પણ છોડવું પડ્યું. અંતે પત્ની રસ્તામાં જ બીમાર પડીને મરી ગઈ.

હવે તદ્દન એકલા બનેલા અનંત શાસ્ત્રી પણ દેશભરમાં ફરતા રહ્યા. એમ કરતાં તેઓ પૈઠણ ગામે પહોંચ્યા. અહીં એક વૃદ્ધ શાસ્ત્રી રહેતા હતા. તેમને લક્ષ્મીબાઈ નામની એકની એક પુત્રી હતી. શાસ્ત્રીજીએ આ પુત્રીનાં લગ્ન આગ્રહ કરીને અનંત ડોંગરે સાથે કરી દીધાં. એ વેળા અનંતની ઉંમર ઓગણપચાસ અને લક્ષ્મીબાઈની ઉંમર નવ વરસની હતી. પરંતુ એ જમાનામાં આવાં લગ્નો ઘણાં થતાં. ઝાંસીની રાણી તરીકે પ્રખ્યાત લક્ષ્મીબાઈ પણ લગભગ આટલી જ ઉંમરે ઝાંસીના વૃદ્ધ રાજાને પરણી હતી ને !

આ લગ્ન પછી અનંત શાસ્ત્રી ડોંગરે પાછા પોતાના વતનમાં ગયા. એમણે લક્ષ્મીબાઈને ભણાવવા માંડી. પરિણામ પહેલાંના જેવું જ આવ્યું. વળી પાછા ગામલોકોએ શાસ્ત્રીજીને કાઢી મૂક્યા.

આ વેળા શાસ્ત્રીજી નજીકના ગંગામૂલ નામના જંગલમાં રહેવા ચાલ્યા ગયા. આ સ્થળ ઘણું જ સુંદર હતું. પરંતુ આમ તો ભયંકર જંગલ જ ને ! ન કોઈ માણસ કે ન કોઈ વસ્તી. લક્ષ્મીબાઈની ઉંમર નાની. જંગલનાં પ્રાણીઓના ભયંકર અવાજોથી એ બિચારાં બી જાય. આમ છતાં શાસ્ત્રીજી અત્યંત દૃઢ મનના આદમી હતા. તેઓ થોડો સમય તો ઝૂંપડી પણ બાંધ્યા વગર રહ્યા. રાત્રે ખુલ્લી જગામાં શિલાઓ ઉપર સૂઈ જતા. વાઘ જેવાં રાની પશુઓ તેમની આસપાસ આંટા મારતાં. છતાં દંપતી હિંમત જાળવી રાખતાં. તેઓ વનફળ ખાતાં, વનનાં ઝરણાંઓમાં સ્નાન કરતાં; અને આખો દિવસ સંસ્કૃત શાસ્ત્રો અને શબ્દોની ચર્ચા કરતાં. લક્ષ્મીબાઈ નવા નવા શ્લોકો મોઢે કર્યા કરતાં. તમને ખાસ નવાઈ

તો એ માટે લાગશે કે આ વાત હજુ લગભગ સવાસો વરસ પહેલાંની જ છે !

જોકે થોડા મહિનાઓ પછી નજીકનાં ગામડાંઓમાં લોકોને જાણ થઈ કે ગંગામૂલ જંગલમાં એક વિદ્વાન શાસ્ત્રી રહેવા આવ્યા છે. એટલે એ લોકોની મદદથી આ લોકોએ ઝૂંપડું બાંધી દીધું. તે પછી તો નજીકના કેટલાક છોકરાઓ પણ અનંત શાસ્ત્રી પાસે સંસ્કૃત શીખવા માટે આવવા લાગ્યા.

આ જંગલમાં જ લક્ષ્મીબાઈએ ત્રણ સંતાનોને જન્મ આપ્યો. પહેલી દીકરી હતી. બીજો દીકરો થયો. એનું નામ શ્રીનિવાસ. ત્રીજી દીકરી થઈ. એનું નામ રમાબાઈ રાખ્યું. જંગલમાં જન્મેલી આ રમાબાઈ એના જમાનાની ભારતની સૌથી વિદ્વાન સ્ત્રી તરીકે નામના પામવાની હતી. એનો જન્મ ઈ.સ. ૧૮૫૮ના એપ્રિલમાં થયો હતો.

પરંતુ એ નામના મળતાં પહેલાં તો એના બાળપણમાં અનેક મુસીબતો આવવાની હતી.

આ ત્રીજી દીકરીના જન્મ પછી શાસ્ત્રીજીને લાગ્યું કે લાંબો સમય વનમાં નહિ રહેવાય. પોતે ઘરડા થવા લાગ્યા હતા. લક્ષ્મીબાઈ જુવાન હતી અને છોકરાં નાનાં હતાં. એમને કોઈ મોટા ગામમાં ઠરીઠામ થવાનું ઠેકાણું મળે તેવી શાસ્ત્રીજીની ઇચ્છા હતી. આથી તેમણે ગંગામૂલનું રહેઠાણ બાર વરસ પછી પાછું છોડ્યું અને યાત્રા શરૂ કરી. છ માસની રમાબાઈ માટે એક કાવડ બનાવવામાં આવી હતી. લક્ષ્મીબાઈ એ કાવડ ઊંચકીને ચાલતાં. દીકરી બોલતી થઈ કે તરત લક્ષ્મીબાઈએ આખે રસ્તે એને શ્લોકો શીખવવા માંડ્યા.

એ લોકો ફરતાં ફરતાં પાછાં ત્રણેક વરસે મ્હૈસૂર પહોંચ્યાં. ત્યાં સુધીમાં લોકો અનંત શાસ્ત્રીને તો ભૂલી જ ગયા હતા. કોઈ એમની કથા

સાંભળવા પણ આવતું ન હતું. લક્ષ્મીબાઈએ વિચાર્યું કે પોતે અને બાળકી રમાબાઈ સંસ્કૃત કથા કહેશે તો લોકો કદાચ રાજી થશે. આથી એ બંનેએ કથાઓ કહેવા માંડી. થોડો સમય તો ઠીક ચાલ્યું. પરંતુ એ યુગમાં લોકો માનતા કે ભણેલી સ્ત્રીમાં દૈત્યનો વાસ હોય છે ! આ મા-દીકરી પર પણ પથરા ફેંકાવા લાગ્યા. બિચારું આ વિદ્વાન કુટુંબ વળી પાછું રઝળતું થઈ ગયું.

(આ પરિસ્થિતિ અને આજની પરિસ્થિતિ વચ્ચેનો ફેર સમજવા જેવો છે. આજે તો સ્ત્રીઓ ભણે તેમાં નવાઈ નથી લાગતી. વળી નાનકડી છોકરીઓ સંસ્કૃત બોલે તો તેને છાપાંઓ ખૂબ પ્રસિદ્ધિ આપે છે. આને કારણે કેટલીક બનાવટી સ્ત્રીઓ પણ મહાન ગણાય છે. એમને લાખો રૂપિયાની આમદાની પણ થાય છે. રમાબાઈના વખતમાં હાલત આથી તદ્દન વિપરીત હતી.)

શાસ્ત્રીજીનું કુટુંબ વળી પાછું એક જગાએથી બીજી જગાએ ફરતું ફરતું દિવસો પસાર કરવા લાગ્યું. ભારતના એકેએક તીર્થસ્થળની એમણે મુલાકાત લીધી. બાળકો માટે આ જિંદગી ઘણી કપરી હતી છતાં બાળકોને ઘણું જાણવાનું અને જોવાનું પણ મળ્યું. તેઓ કઠિનાઈની નિશાળમાં ઘડાવા લાગ્યાં. એમને જિંદગીનો સૌથી મહત્ત્વનો પાઠ એ મળ્યો કે કુદરત પોતાનાથી ઘણી વિરુદ્ધ જણાય છતાં હિંમત ન હારવી, પાછા ન પડવું.

તેઓ ઈ.સ. ૧૮૭૬માં મદ્રાસ પહોંચ્યાં. શાસ્ત્રીજી તદ્દન વૃદ્ધ અને અંધ બની ગયા હતા. ગરીબી તો કદી ટળી જ નહોતી. ખાવાનું ખરીદવા માટે પૈસાય નહોતા. છતાં શાસ્ત્રીજીએ જીવનમાં કદીય કોઈનીય સામે હાથ લાંબો નહોતો કર્યો, અને પાછલી જિંદગીમાં પણ ભીખનું ખાવાનું ખાવા નહોતા માગતા. તેઓ મદ્રાસ પહોંચ્યા ત્યારે આખા કુટુંબને અગિયાર તો ઉપવાસ થયા હતા. માત્ર કેટલીક લીલી વનસ્પતિ અને

પાણી ઉપર જ ગુજારો ચાલતો હતો.

અંતે શાસ્ત્રીજીએ મદ્રાસમાં દેહ છોડ્યો. પછી તો રમાબાઈ ઉપર આફતના ઓળા ઊતરવા લાગ્યા. મદ્રાસથી રાયપુર પહોંચતાં સુધીમાં તો લક્ષ્મીબાઈ ગુજરી ગયાં. પછી મોટી બહેન પણ ગઈ. હવે પંદર વરસની રમાબાઈ અને અઢાર વરસનો શ્રીનિવાસ જીવતાં હતાં. તેઓને સ્થિર થવાની આશા ક્યાંય વરતાતી નહોતી. રમાબાઈના સંસ્કૃતના જ્ઞાનનો કોઈને ઉપયોગ નહોતો. જયાં જાય ત્યાં ભાઈ શ્રીનિવાસ થોડીક મજૂરી કરી લેતો અને ભાઈ-બહેન રોટલો ઘડી ખાતાં.

તેઓ કોઈ વાર મંદિરને ઓટલે તો ઘણી વાર ધર્મશાળાઓમાં પડ્યાં રહેતાં. એક વાર તો એમને કાશ્મીરમાં જેલમ નદીને કાંઠે શિયાળાની ઋતુમાં ખુલ્લી હવામાં રહેવું પડ્યું હતું. ઠંડી તો ત્યાં ખૂબ પડે છે. ઠંડીથી બચવા માટે ભાઈ-બહેન પાસે કાંઈ સાધન નહોતું. આથી એમણે નદીની રેતીમાં ખાડો કર્યો અને ધરતીના પેટાળની હૂંફમાં સૂતાં. ખાડામાં સૂઈ ગયાં અને પછી ફક્ત માથાં બહાર રહે તેમ તેમણે રેતીને પોતાના શરીર ઉપર ઢાંકી દીધી.

વરસોનાં વરસો સુધી આવો રઝળપાટ કરતાં ભાઈબહેન આખરે કલકત્તા પહોંચ્યાં. એ ઈ.સ. ૧૮૮૦ની સાલ હતી. રમાબાઈની ઉંમર વીસ વરસની હતી. શ્રીનિવાસ ચોવીસેકનો હતો.

એ વખતનું કલકત્તા પણ અજબ હતું. અંગ્રેજોનો નજીકનો પરિચય મેળવનાર એ શહેર હતું. અંગ્રેજી સત્તાનું કેન્દ્ર હતું. આથી દરેક રીતે એ લંડનની બરાબરી કરવાની કોશિશ કરતું. દેશના ભણેલાગણેલા, વિદ્વાન અને સુધારક લોકોનું એ કેન્દ્ર હતું. અહીં જયારે સમાચાર ફેલાયા કે દક્ષિણ ભારતની એક યુવતી આવી છે, તેને વીસ હજાર જેટલા તો શ્લોકો મોઢે છે, અને એણે અનેક શાસ્ત્રો વાંચ્યાં છે, ત્યારે હલચલ મચી

ગઈ. મોટા મોટા પંડિતો અને વિદ્વાનો રમાબાઈ પાસે આવવા લાગ્યા. સવાલજવાબ કરવા લાગ્યા. રમાબાઈ સાચોસાચ વિદ્વાન હતી. પંડિતો એના જ્ઞાનથી છક્ક થઈ ગયા.

કલકત્તાનું એક સુખ હતું. ત્યાં રાજા રામમોહનરાય, કેશવચંદ્ર સેન વગેરે મહાપુરુષોએ સ્ત્રીઓના ભણતર અને જ્ઞાન સામેની સૂગ ટાળી દીધી હતી. આથી રમાબાઈના જ્ઞાન સામે બહારવટે ચડનારા ફાવ્યા નહિ. ઘણાખરા લોકોએ તો એને માન આપવા માંડ્યું. એનાં પ્રવચનો ગોઠવવા માંડ્યાં. બિપિનબિહારી દાસ નામના એક વકીલ તો રમાબાઈથી એટલા બધા પ્રભાવિત થયા કે એમણે આ અનાથ છોકરી સાથે લગ્ન કરવાની તૈયારી બતાવી. એ અરસામાં શ્રીનિવાસનું પણ મૃત્યુ થયું. એટલે નિરાધાર બનેલી રમાબાઈએ દાસબાબુ સાથે લગ્ન કરી લીધાં.

પરંતુ એનું આ સુખ પણ લાંબું ટક્યું નહિ. લગ્ન પછી મનોરમા નામની એક પુત્રી થયા પછી દાસબાબુ પણ અવસાન પામ્યા. આમ રમાબાઈ બાવીસતેવીસ વરસની થઈ, ત્યાં સુધીમાં તો તમામ સગાંવહાલાં પરવારી ગયાં. બીજું કોઈ હોત તો આવા દુઃખ સામે ભાંગી પડત. પરંતુ જેણે છ માસની ઉંમરથી જ કઠણાઈઓનો સામનો કરવા માંડ્યો હતો એ રમાબાઈ શાની હિંમત હારે ? એણે આખા દેશને પોતાનો બનાવી દીધો. ભારતની હાલત સુધારવામાં એણે પોતાની આખી જિંદગી અર્પણ કરી દીધી.

આગળ જતાં રમાબાઈ ‘પંડિતા’ તરીકે જાણીતાં બન્યાં. સ્ત્રી-કેળવણી માટે અને વિધવાઓના ઉદ્ધાર માટે એમણે ઘણું કામ કર્યું. એ કથા પણ બહાદુરીભરી કથા છે. કોઈ વાર સમય મળે તો એમની જિંદગીની આગળની કહાણી પણ વાંચી જજો.



# ૧૩.

**સાત-સાત વિષયમાં પીએચ.ડી. પદવી મળે એટલો અભ્યાસ એકવીસ વરસની ઉંમરમાં પતાવી દીધો – અને તે પણ ઘરકામ કરતાં કરતાં !**

## ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

બિચારો બાળપણથી જ દૂબળો હતો.

દરિદ્ર પણ હતો અને વળી બાપની છત્રછાયાથી દૂર હતો.

પરંતુ મોટો બનીને એ બંગાળનો જ નહિ, આખા દેશનો મહાપંડિત ગણાયો. કેટલાક લોકો વિદ્વાન હોય છે, કેટલાક વિદ્યાના ભંડાર જેવા હોય છે, આ તો વિદ્યાનો મોટો દરિયો હોય એવો જ્ઞાની હતો. એટલે જ ઇતિહાસમાં એનું નામ 'વિદ્યાસાગર' તરીકે જાણીતું બન્યું છે.

તમે સમજી ગયા હશો કે આપણે અહીં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની વાત માંડી છે. તમે ઈશ્વરચંદ્ર વિષે થોડુંક તો જાણતાં જ હશો. ગઈ સદીના એ મહાન વિચારક, કેળવણીકાર, સમાજસુધારક અને દેશસેવક હતા.

પણ એમના બચપણની બહુ થોડી વાતો તમે જાણતા હશો.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ બંગાળમાં વીરસિંહ નામના ગામમાં

ઈ.સ. ૧૮૨૦ની ૨૬મી સપ્ટેમ્બરે થયો હતો. તેમના પિતાનું નામ ઠાકુરદાસ અને માતાનું નામ ભગવતીદેવી હતું. ઠાકુરદાસના પિતા નાનપણમાં જ ઘર છોડી ગયેલા. તેથી ઠાકુરદાસને બહુ નાની ઉંમરે કમાણી કરવા માટે કલકત્તા જવું પડ્યું, જ્યાં એમણે માસિક બે રૂપિયાના પગારથી નોકરી શરૂ કરી હતી !

ઠાકુરદાસ ખૂબ દયાળુ હતા. ગામડે પોતાની માતા અને નાનાં ભાંડુઓને તેઓ પૂરો પગાર મોકલી આપતા. કલકત્તામાં પોતે ઘણી વાર ભૂખ્યા રહેતા !

તેઓ મહેનતુ પણ ખૂબ હતા. એથી પગાર ધીરે ધીરે વધતો ગયો અને આઠ રૂપિયા સુધી પહોંચ્યો. આ જ દિવસોમાં ઘર છોડીને નાસી ગયેલા તેમના પિતા પણ પાછા આવ્યા. તેમણે પુત્રનાં લગ્ન કરાવી આપ્યાં. ઠાકુરદાસનાં પત્ની ભગવતીદેવી પણ સદ્‌ગુણોની ખાણ સમાં હતાં. એ પણ ખૂબ દયાળુ અને પરગજુ હતાં. ગરીબોને જોઈને એમની આંખ ભીની થઈ જતી. કોઈ માણસને ભૂખ્યો તો જોઈ જ ન શકે.

આવાં સદ્‌ગુણી અને લાગણીશીલ માતાપિતાને ઘેર જન્મેલા ઈશ્વરચંદ્રમાં માતાપિતાના સંસ્કાર ઊતરે એમાં શી નવાઈ !

અને સદ્‌ગુણોની સાથે ઈશ્વરચંદ્રમાં એક વિશેષ ગુણ ઊતર્યો હતો. એ હતી એમની બુદ્ધિ. એમના બાળપણનું વર્ણન લખનારાઓએ જણાવ્યું છે કે ઈશ્વરનું માથું એના શરીર કરતાં ઘણું મોટું હતું ! દેહ તો સુકલકડી હતો. એને કારણે માથું હતું એના કરતાંય વધુ મોટું લાગતું. જાણે નાનકડી લાકડાની ઘોડી ઉપર ગોઠવવામાં આવેલો પૃથ્વીનો ગોળો !

અત્યંત બુદ્ધિશાળી લોકો નાનપણમાં જરા વિચિત્ર લાગે એવું વર્તન કરતાં હોય છે. એ ક્યારેક હસી પડે અને ક્યારેક ઉદાસ થઈ જાય અને

મોટેરાંઓને એમના હસવા કે રડવાના કારણનીય ખબર ન પડે. એ લોકોની મોટી ખોપરીના કારખાનામાં કેવાં કેવાં ચક્કરો ઘૂમે છે એનીય કોઈને સમજ ન પડે !

ઈશ્વર કેટલાંક કામ તો તદ્દન વિચિત્ર કરતો. એ ઘણી વાર પાડોશીઓને બારણે જઈને માટી ફેંકી આવે. પોતાનાં ધોયેલાં કપડાં હાથે કરીને ધૂળમાં રગદોળે. બોલે ત્યારે જીભ થોથવાય.

પણ એ પાંચ વરસની ઉંમરે નિશાળે બેઠો ત્યારે એની બુદ્ધિ જોઈને શિક્ષકો આભા જ બની ગયા. ઈશ્વરને કોઈ પણ વિદ્યા બે વખત શીખવવાની જરૂર પડતી નહિ. એક વાર જે સાંભળે કે વાંચે તે એને પૂરેપૂરું યાદ રહી જાય. નવું નવું જાણવા માગે.

આમ, એની ખોપરી તો મજબૂત હતી. પરંતુ શરીર ક્યાં મજબૂત હતું ? એક જ વરસના ભણતરમાં શરીર તો એવું નંખાઈ ગયું કે બીજું એક આખું વરસ માંદો રહ્યો ! પણ પછી તાજો થઈને તરત નિશાળે ગયો. ત્રણ વરસમાં તો એણે વીરસિંહ ગામમાં ભણવા જેવું જે કાંઈ હતું તે ભણી વાળ્યું. એની ઉંમર એ વેળા નવ વરસની હતી.

ઈ.સ. ૧૮૨૯માં એના દાદાનું અવસાન થયું. પિતાની ઉત્તરક્રિયા માટે ઠાકુરદાસ કલકત્તાથી વીરસિંહ આવ્યા ત્યારે જ એમને ખબર પડી કે નાનકડો ઈશ્વર તો અક્કલની ખાણ છે. એમણે પુત્રને કલકત્તા લઈ જઈને ભણાવવાનું નક્કી કર્યું.

સાચો વિદ્યાર્થી કોને કહેવાય અને એનું કૂતુહલ કેવું હોવું જોઈએ તે બતાવતો એક પ્રસંગ એ જ વખતે બન્યો. પિતા-પુત્ર કલકત્તા જઈ રહ્યા હતા. રસ્તામાં રસ્તાની બંને બાજુએ ઊભા કરેલા પથ્થરો ઉપર કશાંક લખાણ હતાં. આવા બેચાર પથ્થર આવી ગયા કે તરત ઈશ્વરના મનમાં ચટપટી થઈ : આ શાના પથ્થર હશે ? એણે તરત જ પિતાને આ

પ્રશ્ન પૂછ્યો. પિતાએ સમજાવ્યું કે હવે કલકત્તા કેટલું દૂર છે, એ દેખાડવા માટે આવા પથ્થરો ઊભા કરવામાં આવ્યા છે. એમને અંગ્રેજીમાં માઈલસ્ટોન કહે છે. ઉપર લખેલા અક્ષરમાં 'કલકત્તા' લખેલું છે અને આંકડા માઈલના છે. આ પછી ઠાકુરદાસે ઈશ્વરને એકથી નવ અને શૂન્ય સુધીના અંગ્રેજી આંકડા લખી આપ્યા. આ એક જ વારમાં ઈશ્વરને અંગ્રેજી આંકડા આવડી ગયા.

આપણે નાના ગામમાં રહેતા હોઈએ કે મોટા શહેરમાં, આવા માઈલસ્ટોન, જુદાં જુદાં બોર્ડ, ભીંતપત્રો, જાહેરખબરો ઘણું ઘણું આપણી નજર સામે આવે છે. શું આપણને એમના વિશે જાણવાનું કુતૂહલ થાય છે ખરું ? જો તમને એવું કુતૂહલ થતું હોય તો સમજી લેજો કે તમારે માટે જ્ઞાનના દરવાજા ઊઘડી ગયા છે !

* * *

આમ ઈશ્વરચંદ્ર કલકત્તા પહોંચ્યા. ત્યાં જઈને એમણે જોયું કે પિતાની સ્થિતિ બહુ સારી નહોતી. આઠ-દસ રૂપિયાના પગારમાં તેઓ પોતાનું અને કુટુંબનું ભરણપોષણ કરતા. તેઓ કલકત્તાના એક ગરીબ વિસ્તારમાં ફક્ત એક નાની કોટડી ભાડે રાખીને રહેતા.

એ લોકો ઈશ્વરચંદ્ર કરતાં નાના એક ભાઈને સાથે લાવેલા. ત્રણે જણે આ કોટડીમાં રહેવા માંડ્યું. પોતે અહીં આવી ગયો હોવાથી ઈશ્વરે ઘરનું કામકાજ પોતાને શિરે ઉઠાવી લીધું.

એ વહેલી સવારમાં ઊઠતો. સ્નાન વગેરે પતાવીને પોતાનો પાઠ કરતો. પછી બજારે જઈ શાકભાજી લઈ આવતો. પોતે રસોઈ બનાવતો. પિતાને અને નાના ભાઈને જમાડીને જાતે જમતો. વાસણ પણ પોતે જ માંજી નાખતો. એ પછી જ નિશાળે જતો.

નિશાળેથી આવીને વળી સાંજની રસોઈ કરતો, વાસણ માંજતો,

ઘરની સફાઈ કરતો અને ભાઈ તથા પિતાને ઊંઘાડીને પછી મોડી રાત સુધી અભ્યાસ કરતો.

બધાં જ ઘરકામ કરવા છતાં પોતાના અભ્યાસમાં એ કદી પણ કચાશ આવવા દેતો નહિ. રાંધતાં ને નહાતાં ને વાસણ માંજતાં ને રસ્તે જતાં એ હંમેશાં પોતાના ભણતરને જ યાદ કર્યા કરતો. પરિણામ એ આવ્યું કે એ હંમેશાં વર્ગમાં પહેલો રહેવા લાગ્યો. શિક્ષકોને પ્રિય થઈ પડ્યો, અને એ જમાનામાં તો અજાયબ કહેવાય એવી માસિક પાંચ રૂપિયાની શિષ્યવૃત્તિ મેળવવા લાગ્યો !

ઈશ્વર વિદ્યાર્થી હતો ત્યારે જ એનામાં માતાપિતાના દયાના ગુણ ખીલી ઊઠ્યા હતા. એ પોતાની શિષ્યવૃત્તિનો પોતે તો ભાગ્યે જ ઉપયોગ કરતો. ઘણીખરી રકમ ઘરમાં આપી દેતો. થોડાક પૈસાથી પોતાના ગરીબ વિદ્યાર્થી મિત્રોને મદદ કરતો. ઈશ્વરચંદ્રનો આ દયાનો ગુણ જીવનભર જેવો ને તેવો જ રહ્યો હતો, અને એને વિષેની અનેક પ્રસંગકથાઓ આજે પણ આપણને વાંચવા મળે છે.

આ બાજુ ભણતર તો એણે રૉકેટની ઝડપે પતાવવા માંડ્યું હતું. એ વખતે બંગાળમાં ભણતરની પ્રથા જુદી જ હતી. એમાં વ્યાકરણશ્રેણી, પછી સાહિત્યશ્રેણી, પછી અલંકારશ્રેણી .... એવી રીતનાં ધોરણ હતાં. ઈશ્વરે અગિયાર વરસની ઉંમરમાં તો વ્યાકરણશ્રેણીનો તમામ અભ્યાસ પતાવી દીધો અને એ સાહિત્યશ્રેણીને બારણે જઈને ઊભો રહ્યો. એ વખતે આટલી ઉંમરે સાહિત્યશ્રેણી સુધી કોઈ જ પહોંચતું નહોતું, આથી સાહિત્યશ્રેણીના શિક્ષકોએ તેને દાખલ કરવાની ના પાડી દીધી !

આખરે એના વ્યાકરણશ્રેણીના શિક્ષકોની ભલામણથી અને એની બુદ્ધિશક્તિ વિષે સંતોષ થવાથી એ શિક્ષકોએ તેને સાહિત્યશ્રેણીમાં દાખલ કર્યો. ઈશ્વરે આ શ્રેણી ચાર જ વરસમાં પસાર કરી. એ પછીની

અલંકારશ્રેણી એટલે તો મહાપંડિતો જ પામી શકે એવા જ્ઞાનની શ્રેણી. છતાં ઈશ્વરે પંદર વરસની ઉંમરે એનો અભ્યાસ આદર્યો.

અભ્યાસક્રમ અઘરો હતો. એના ગ્રંથો માથાફોડ હતા. ઈશ્વરને ઘણી મહેનત કરવી પડી. એનું દૂબળું શરીર વળી માંદું પડી ગયું. આખરે ૨૧ વરસની ઉંમરે એમણે આ અભ્યાસ પણ સફળતાપૂર્વક પૂરો કર્યો. એમણે આટલાં વરસોમાં વ્યાકરણ, કાવ્ય, અલંકાર, ન્યાય (તર્કશાસ્ત્ર), વેદાન્ત, જ્યોતિષ અને ધર્મ એટલાં શાસ્ત્રોમાં એ જમાનામાં મળતું તમામ જ્ઞાન હાંસલ કર્યું હતું. આપણે ત્યાં હમણાં જે શિક્ષણપદ્ધતિ ચાલે છે એ મુજબ જોઈએ તો એમણે સાત વિષયમાં પીએચ.ડી. પદવી મેળવવા પૂરતો અભ્યાસ કર્યો હતો. એમને આ અભ્યાસ બદલ મળેલી પદવીનું નામ 'વિદ્યાસાગર' હતું.

આ પછી એમને કશું ભણવાનું બાકી નહોતું. એમણે ભણાવવાનું કામ શરૂ કર્યું. પચાસ રૂપિયાના પગારથી શિક્ષક બન્યા.

ઈશ્વરચંદ્રે જીવનભર વિદ્યાની લગની જાળવી રાખી. ઉપરાંત દેશમાં ભણતરના વિકાસ માટે, સ્ત્રીઓના કલ્યાણ માટે અને વહેમોનું નિકંદન કાઢવા માટે પણ જીવનભર મહેનત કરી. ગઈ સદીના ભારતીય મહાપુરુષોમાં એમનું નામ અમર બની ગયું છે.

જે વ્યક્તિ બીજાના ગુપ્ત ભેદ તમારી સમક્ષ પ્રકટ કરે તેને તમારા ગુપ્ત ભેદોથી ક્યારેય માહિતગાર થવા દેશો નહિ કેમ કે જે વ્યવહાર એ અન્ય સાથે કરે છે તે તમારી સાથે પણ કરશે.

**- હજરત અલી**



# ૧૪.

**બાપ વગરનો છોકરો આપબળે ભણ્યો અને પછી દેશની આઝાદીની ચળવળનો આગેવાન બન્યો.**

## દાદાભાઈ નવરોજી

ઈ.સ. ૧૮૨૫ની ૪થી સપ્ટેમ્બરે મુંબઈના એક પારસી કુટુંબમાં એક છોકરાનો જન્મ થયો. એનું નામ પાડવામાં આવ્યું 'દાદાભાઈ'. એ વેળા તો કોઈને ખબર નહોતી કે આ નાનકડો છોકરો માત્ર નામનો જ 'દાદા' ન રહેતાં ખરેખરા અર્થમાં એક વિશાળ દેશનો 'દાદાજી' બની જશે.

અને ખબર પણ ક્યાંથી પડે ! કેવા ગરીબ ઘરનો એ છોકરો હતો ! ઘર ગરીબી અને રોગચાળાનો અખાડો હતું. એટલેસ્તો એના ગરીબ પિતાનું જવાન વયમાં અવસાન થયું. એ વેળા દાદાભાઈની ઉંમર ફક્ત ચાર વરસની હતી.

આમ, દાદાભાઈ બહુ નાની ઉંમરે નબાપા બન્યા, પરંતુ માતા માણેકબાઈ એમને પિતાની ખોટ સાલવા દે એવાં નહોતાં. એ ઘણાં મહેનતુ અને સમજુ બાઈ હતાં. સૌથી સારી વાત એ હતી કે માણેકબાઈ

ભણતરનું મહત્ત્વ સમજતાં હતાં.

માતાએ પોતાના લાડકા દીકરાને ઘણા સારા સદ્‌ગુણો પણ આપ્યા હતા અને ઘણા સદ્‌ગુણો એમણે જાતે પણ કેળવ્યા હતા.

દાખલા તરીકે, તેઓ જ્યારે બારેક વરસના હતા ત્યારે એક દૃઢ પ્રતિજ્ઞા એમણે કરેલી કે હું દારૂને અડીશ નહિ. આનું કારણ એક પ્રસંગ હતો. એ વેળા તેઓ થોડા સમય માટે મોસાળ ગયેલા. ત્યાં અંગ્રેજોની માફક ભોજન પહેલાં જરાક દારૂ પીવાનો રિવાજ હતો. જોકે નાનાં બાળકો દારૂ પીતાં નહિ, પરંતુ એમણે દારૂની બદીમાં સાથ તો આપવો જ પડતો. એક વાર એ ઘરમાં દારૂ ખૂટી પડ્યો હતો એટલે વડીલોએ કિશોર દાદાભાઈને કલાલની દુકાનેથી દારૂ લઈ આવવા રવાના કર્યો.

દાદાભાઈને ખબર હતી કે દારૂ પીવાથી શરીરને અને મનને નુકસાન થાય છે. પરંતુ એમણે હજુ દારૂડિયાઓની હાલત જોઈ નહોતી. જ્યારે તેઓ કલાલની દુકાને જઈને ઊભા રહ્યા અને હોશ ગુમાવીને પડેલા લોકોને જોયા ત્યારે એમનું મન કકળી ઊઠ્યું. દારૂપીઠાની ભયંકર દુર્ગંધથી પણ એ અકળાઈ ઊઠ્યા. માણસની આવી અવદશા કરનાર દારૂ લેવા પોતે જ આવ્યા એથી એમની શરમનો પાર ન રહ્યો. એમણે ત્યારે જ પ્રતિજ્ઞા કરી કે હું દારૂને અડકીશ નહિ.

આ નિર્ણય એમણે આપમેળે કર્યો હતો. કિશોરવયમાં જ જે માણસ આવી ભીષ્મપ્રતિજ્ઞા કરી શકે તે મોટો થઈને મહાન બને એમાં શી નવાઈ ?

આવો જ એમનો બીજો નિર્ણય અપશબ્દો નહિ બોલવાનો હતો. પોતે એ વખતે પંદરેક વરસના હતા અને માધ્યમિક શાળામાં ભણતા હતા. પોતાની જ ઉંમરના છોકરાને બેફામ અને બિનજરૂરી ગાળો બોલતા જોઈને તેમને ઘણી શરમ આવતી. એમણે પ્રતિજ્ઞા કરી કે મારા

જીવનમાં હું કદી અપશબ્દનો ઉપયોગ નહિ કરું.

દાદાભાઈમાં આવા ગુણો ક્યાંથી આવ્યા ?

એને માટે પહેલાં તો એમની માતાના સંસ્કાર જવાબદાર હતા. માતા માણેકબાઈ પોતે અભણ હતાં, છતાં ભણતરનું મહત્ત્વ સમજતાં હતાં. એટલે પેટે પાટા બાંધીને પણ એમણે દાદાભાઈને ભણાવવા માંડ્યા હતા. માતા પુત્રને પ્રેરક ધર્મકથાઓ સંભળાવતાં અને સંસ્કારી જીવનની પ્રેરણા આપતાં. દાદાભાઈએ લખ્યું હતું : ‘ હું જે કાંઈ આજે છું તે મારી માતાને આભારી છે.’

દાદાભાઈમાં વિચારશક્તિ અને નિર્ણયશક્તિ કેળવાઈ એનું બીજું કારણ એમનું વાંચન હતું. આજકાલ તો ઘણાંખરાં બાળકો પોતાના ભણતરની ચોપડીઓ સિવાય ભાગ્યે જ કશું વાંચે છે. દાદાભાઈ આઠ-દસ વરસના હતા ત્યારથી જ જંગી થોથાં વાંચવા લાગ્યા હતા. એમાં એક પુસ્તક હતું મહાકવિ ફિરદોસીનું ‘શાહનામા’, જેમાં ઈરાનના રાજાઓની કથાઓ છે. વળી ‘પારસી ધર્મ પાળનારનાં કર્તવ્યો’ નામના ગુજરાતી પુસ્તકનું પણ તેઓ વારંવાર વાચન કરતા. આ પુસ્તકમાં સદ્‌ગુણી જીવનના ઘણા પાઠ હતા.

મૅટ્રિકની પરીક્ષા પસાર કરીને દાદાભાઈ એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ નામની મુંબઈની કૉલેજમાં દાખલ થયા. ત્યાં તેમણે ‘મનની સુધારણા’ જેવું ગંભીર પુસ્તક વાંચ્યું. ક્લેયર્સનનું ‘ગુલામી વેપાર’ પુસ્તક તો એમને ખૂબ જ ગમી ગયું. માનવી જેવા માનવીનો પણ કેટલાક લોકો વેપાર કરે છે એ જાણીને દાદાભાઈનું હૃદય દુ:ખથી ભરાઈ ગયું, અને આઝાદી માટે કોશિશો કરવાનો એમણે મક્કમ નિરધાર કર્યો.

દાદાભાઈના સમયમાં ભણતર તદ્દન મફત હતું. આ કારણે દાદાભાઈ ભણી શક્યા. નહિતર કદાચ થોડોક અભ્યાસ કરીને એમણે નોકરી શોધવાનો વખત આવત.

ભણતર ઉપરાંત ઇતર વાચન કરવાને પરિણામે દાદાભાઈ ભણવામાં ખૂબ હોશિયાર હતા. એમણે ઘણાં ઇનામો અને સ્કૉલરશિપ મેળવ્યાં. વીસ વરસની ઉંમરે એલ્ફિન્સ્ટનનો અભ્યાસ પૂરો કર્યો ત્યારે એમને સોનાનો ચન્દ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

એ વખત મુંબઈના વડા ન્યાયાધીશ અને શિક્ષણસંસ્થાના વડા સર અર્સ્કાઈન પેરી હતા. એમણે દાદાભાઈની ઝળહળતી કારકિર્દી જોઈને વધુ અભ્યાસ માટે બ્રિટન મોકલવાનું નક્કી કર્યું. એમના ભણતરનો અર્ધો ખર્ચ તેઓ પોતે આપવાના હતા. પરંતુ બાકીનો અર્ધો ખર્ચ દાદાભાઈના નાતીલા પારસીઓએ આપવાનો હતો. પરંતુ નાતીલાઓએ ખર્ચ આપવાની ના પાડી. આ અગાઉ ભણવા માટે બ્રિટન ગયેલા બે-ત્રણ પારસીઓ ખ્રિસ્તી બની ગયા હતા. આ લોકોને ડર હતો કે કદાચ દાદાભાઈ પણ ખ્રિસ્તી બની જાય !

ખેર ! દાદાભાઈ એ વેળા તો બ્રિટન જઈ ન શક્યા. પરંતુ પછી ઘણાં વરસ બ્રિટનમાં રહ્યા. ત્યાં ભારતની આઝાદીની ચળવળને માટે ઘણું કામ કર્યું. દેશમાં પણ એમણે ઘણી ચળવળો કરી. ભારતની રાજકીય સંસ્થા હિંદી મહાસભાના તેઓ ત્રણ-ત્રણ વાર પ્રમુખ બન્યા અને દેશના 'દાદા' દાદાભાઈ નવરોજી બન્યા.

જે માનવીમાં શ્રદ્ધા નથી તેને જ્ઞાન હોતું નથી. જ્ઞાન વગરનાને આચરણ હોતું નથી. આચરણહીનને મોક્ષની પ્રાપ્તિ થતી નથી અને મોક્ષ મેળવ્યા વિના નિર્વાણ-પૂર્ણ શાંતિ પ્રાપ્ત થતી નથી.

**- ઉત્તરાધ્યયન સૂત્ર**



# ૧૫.

**શેરીના દીવા નીચે વાંચીને અને પેટે પાટા બાંધીને એણે અભ્યાસ કર્યો અને આગળ જતાં 'ગાંધીજીના ગુરુ'નું પદ મેળવ્યું.**

# ગોપાળકૃષ્ણ ગોખલે

ગાંધીજીએ પણ જેમને 'ગુરુ' માન્યા હતા એવા એક મોટા માણસના નાનપણની આ વાત છે. ગાંધીજીએ તેમને 'ગંગા' જેટલા પવિત્ર ગણ્યા હતા અને એમના હાથ નીચે કામ કરવા તૈયારી બતાવી હતી.

એમનું નામ ગોપાળકૃષ્ણ ગોખલે.

એમનું ખરું નામ ગોપાળરાવ કૃષ્ણરાવ હતું, પરંતુ અંગ્રેજીમાં પુત્ર અને પિતાનું નામ ભેગું થઈ ગયું. નામ 'ગોપાળકૃષ્ણ' બની ગયું. ગોપાળકૃષ્ણ નાના હતા ત્યારે ફક્ત 'ગોપાળ' નામે ઓળખાતા.

ગોપાળનો જન્મ મહારાષ્ટ્રના કોતલુક નામના ગામમાં થયો હતો. એમના પિતાનું નામ કૃષ્ણરાવ અને માતાનું નામ સત્યભામા હતું. પિતા કૃષ્ણરાવ ખૂબ પ્રમાણિક માણસ હતા. સ્વમાની પણ ઘણા. એક વાર તો એક અમલદારે જરા હલકાં વેણ કહ્યાં ત્યારે કૃષ્ણરાવ એને મારવા દોડેલા. જોકે બીજા લોકોએ વચ્ચે પડીને મારામારી અટકાવેલી. પરંતુ

કૃષ્ણરાવની પ્રમાણિકતા અને કામ કરવાની ધગશ જોઈને પાછળથી પેલા જ અમલદારે એમનો પગાર વધારી આપેલો !

સત્યભામા પણ ગુણવાન અને પ્રમાણિક હતાં. સુશીલ અને સમજુ હતાં. એમની યાદશક્તિ પણ સરસ હતી.

આવાં માતાપિતાનો પુત્ર ગોપાળ નાનપણથી જ હોશિયાર અને સાથે પ્રમાણિક બને એમાં શી નવાઈ ? અને ખોટું કામ કરતાં ડરે એ પણ એટલું જ સાચું.

સચ્ચાઈ માટે ગોપાળનો આગ્રહ કેવો હતો અને એનું હૃદય કેવું લાગણીશીલ હતું એ બતાવતો એક પ્રસંગ છે.

ગોપાળ એ વખતે પ્રાથમિક શાળામાં ભણે. એ વેળા કૃષ્ણરાવ કાગલ નામના ગામમાં રહેતા હતા અને ગોપાળને એ ગામની નિશાળમાં મૂક્યો હતો. એક દિવસ નિશાળના શિક્ષકે ગોપાળના વર્ગના સૌ છોકરાઓને એક દાખલો આપ્યો અને એ દાખલો ઘેરથી ગણી લાવવાનું કહ્યું. દાખલો તો બધા ગણી લાવ્યા, પણ ગોપાળ સિવાય બધાયનો દાખલો ખોટો હતો ! શિક્ષક તો પ્રસન્ન થઈ ગયા. એમણે ગોપાળને શાબાશી આપવા માંડી. એમની પીઠ થાબડી. પરંતુ ગોપાળ તો રડી પડ્યો. શિક્ષક જેમજેમ એનાં વખાણ કરતા જાય તેમતેમ ગોપાળ વધુ ને વધુ રડતો જાય !

આખરે હીબકાં ભરતાં ભરતાં ગોપાળે કહ્યું કે મેં તમને ઠગ્યા છે એનું મને દુઃખ થાય છે. એ કારણે હું રડું છું. આ દાખલો મેં જાતે નથી ગણ્યો.

કેવી સચ્ચાઈ !

આ સ્વભાવને પાપભીરુ સ્વભાવ કહેવામાં આવે છે. ખોટું કામ કરવાની બીક અને એનું દુઃખ તે પાપભીરુતા કહેવાય.

ગોપાળ એક બાજુ આવો પાપભીરુ હતો ત્યારે બીજી બાજુ એના મનની મક્કમતા પણ દૃઢ હતી. એક વાર જે વાત ખોટી લાગે કે ખરાબ લાગે તેને ફરી વાર અડકે પણ નહિ. સાવ નાના હતા ત્યારે એક વૈદ્યે એને કશીક દવા આપી. દવા તો એની માંદગી માટેની હતી. વૈદ્યે કહ્યું કે આ દવા ઘીમાં મેળવીને ખાવાની છે. ગોપાળે દવા ખાધી. પરંતુ દવા એટલી તો કડવી હતી કે ગોપાળના રૂંવાડાં ઊભાં થઈ ગયાં. એ ને એ જ વખતે કડવી દવા અને ઘી માટે અણગમો થઈ ગયો. એ પછી આખી જિંદગી ગોપાળકૃષ્ણે ઘી કદી ખાધું નહોતું.

પ્રાથમિક ધોરણોનો અભ્યાસ કાગલમાં પૂરો કરીને ગોપાળ અંગ્રેજી ભણવા માટે કોલ્હાપુરની નિશાળમાં દાખલ થયો. એના મોટા ભાઈ ગોવિંદરાવ આ જ નિશાળમાં ભણતા હતા. પિતા પોતાની થોડીક આવકમાંથી પણ દીકરાઓને ભણાવવાનો ખર્ચ કાઢતા હતા, કારણ કે છોકરા ભણીગણીને આગળ વધે એવી એમની ઇચ્છા હતી.

પરંતુ પિતાની છત્રછાયા નીચે સીધી રીતે જેમનાં બાળપણ વીતે છે તેઓ ભાગ્યે જ આગળ વધે છે. બાળપણથી જ એક અગર બીજી રીતે જેમને સખત મુશ્કેલીઓ વેઠવી પડે છે તેઓ જ શક્તિ કેળવે છે અને મહાન બને છે. ગોપાળના જીવનમાં પણ આવું જ બન્યું. એ ફક્ત ૧૩ વરસના હતા ત્યારે પિતા કૃષ્ણરાવનું અકાળ અવસાન થયું.

ગોપાળને થોડા વખત માટે તો એમ જ લાગી ગયું કે પોતે હવે ભણી જ નહિ શકે. પરંતુ એના મોટા ભાઈ ગોવિંદરાવ અને ભાભી ગોપાળ ઉપર ઘણો જ સ્નેહ રાખતાં હતાં. એમાંય ભાભીને તો નાના દિયરને ભણાવવાનો ખૂબ જ ઉત્સાહ હતો. એમણે કહ્યું કે મારે મારાં ઘરેણાં વેચવાં પડે તો ભલે પરંતુ ગોપાળને ભણાવવો તો છે જ.

ભાઈ અને ભાભીના આવા હેતને કારણે ગોપાળ અંગ્રેજી નિશાળમાં ભણતર ચાલુ રાખી શક્યો.

જોકે ભાઈની હાલત કાંઈ બહુ સારી નહોતી. એમને કાગલ ગામમાં પંદર રૂપિયાની કારકુની મળી હતી. એટલા પગારમાં પોતાના કુટુંબનું પૂરું કરવાનું અને ઉપરથી ગોપાળને પૈસા આપવાના. આથી સાચે જ ભાભીને પોતાનાં થોડાંક ઘરેણાં વેચવાં પડ્યાં. (ગોપાળકૃષ્ણે મોટા થઈને ભાભીને આથી અનેકગણાં વધુ ઘરેણાં ઘડાવી આપ્યાં હતાં.)

ગોપાળના અંગ્રેજી નિશાળના એ દિવસો ગજબની ગરીબાઈના હતા. મોટા ભાઈ એને મહિને ચાર રૂપિયા માંડ મોકલી શકતા. એમાંથી તો ખાવા-પીવાનો જોગ માંડ થતો. ઘણી વાર તો ઉપવાસ ખેંચી કાઢવા પડતા. ઘણી વાર પોતાની ઓરડીમાં દીવો કરવા માટે દિવેલના પૈસાય બચતા નહિ, ત્યારે ગોપાળને શેરીના દીવા નીચે બેસીને અભ્યાસ કરવો પડતો !

આમ ને આમ, ઈ.સ. ૧૮૮૧માં પંદર વરસની ઉંમરે ગોપાળે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી, એ પછી તેઓ કોલ્હાપુરની રાજારામ કૉલેજમાં દાખલ થયા. અને ત્યાં દેશસેવાનો પહેલો રંગ એમને લાગ્યો. ખાસ કરીને લોકમાન્ય ટિળકના છાપા 'કેસરી' સામે મુંબઈની અદાલતમાં કેસ મંડાયો, ત્યારે આખું મહારાષ્ટ્ર દેશભક્ત ટિળકને મદદ કરવા સાબદું બની ગયું. ગોખલેની કૉલેજના જુવાનોએ પણ ટિળકને મદદ કરવા માટે નાટકનો એક શો ગોઠવ્યો. ગોપાળે તેમાં ભાગ લીધો !

ત્યાર પછી તો ગોપાળકૃષ્ણ ગોખલે ઘણું ભણ્યા અને ઘણાં વરસ લગી એમણે દેશની સેવા કરી. એ કહાણી પણ ઘણી પ્રેરણાદાયી છે, પરંતુ આપણે અહીં મોટાં માણસોના નાનપણની જ વાતો લખવા માંડી હોવાથી આટલેથી જ કથા અટકાવું છું. તમને રસ પડે તો પુસ્તકાલયમાંથી ગોખલેનું જીવનચરિત્ર મેળવીને વાંચી જજો.



# ૧૬.

**નાની ઉંમરે પિતાને ગુમાવ્યા, આપમેળે ભણીને આગળ વધ્યા, સારી સરકારી નોકરી મળતી હતી, પરંતુ દેશસેવા માટે શિક્ષક બન્યા.**

# લોકમાન્ય ટિળક

એક વિદ્યાર્થી

હાઈસ્કૂલમાં ભણે.

એના વર્ગશિક્ષકે એક વાર છોકરાઓ પાસે કેટલાક શબ્દો લખાવ્યા. વિદ્યાર્થીઓને એ શબ્દોની જોડણી આવડે છે કે નહિ, તે જાણવાનો શિક્ષકનો હેતુ હતો.

એમણે લખાવેલા શબ્દોમાં એક શબ્દ ‘સંત’ હતો.

આ વિદ્યાર્થીઓએ પોતપોતાને આવડતી રીતે આ શબ્દની જોડણી લખી. પણ એક વિદ્યાર્થી જબરો નીકળ્યો. એણે આ એક જ શબ્દની જોડણી ત્રણ રીતે લખી : ‘સંત’, ‘સન્ત’, ‘સન્‌ત’.

શિક્ષક જરા અણઘડ હતા. એમણે પહેલી જોડણી સાચી આપી, અને બાકીની બે ઉપર ચોકડી મૂકી.

વિદ્યાર્થી કહે કે મારી બીજી જોડણીઓ પણ સાચી છે. તમે ખોટી કેમ આપો છો ?

શિક્ષક કહે, 'તું દોઢડાહ્યો છે ! જોડણીમાં તો જે બધા સ્વીકારતા હોય તે જ સાચી. દોઢડહાપણ કરવું નકામું.'

પણ છોકરાને સંતોષ થયો નહિ. એ સમજતો હતો કે એક જ બાબતનું વિવિધ રીતનું જ્ઞાન મેળવવું એ પણ ભણતરનો જ એક ભાગ છે. એ તો ઊપડ્યો શાળાના હેડમાસ્તર પાસે.

એણે કહ્યું, 'મારી આ બીજી બે જોડણીમાં શી ભૂલ છે તે બતાવો.'

હેડમાસ્તરે જોયું. જોડણી ખરેખર સાચી હતી. 'સંત' શબ્દને આવી ત્રણ જુદી જુદી રીતે જરૂર લખી શકાય. એમણે આ વિદ્યાર્થીને ત્રણે જોડણી સાચી આપી. પેલા શિક્ષકને ઠપકો આપ્યો. વિદ્યાર્થી જ્યારે શિક્ષકની ધારણા કરતાંય વધુ સારું કામ કરે ત્યારે શિક્ષકે ઈર્ષા કરવી ન જોઈએ. શિક્ષક જ્યારે વિદ્યાર્થીને મકરસક્રાંતિ વિષે દસ લીટી લખવાનું કહે ત્યારે વીસ કે ત્રીસ લીટી લખનારને ઊલટાનું ઉત્તેજન આપવું જોઈએ. યંત્રની જેમ દસ લીટી લખનાર છોકરાં આગળ જઈને કશું ઉકાળતાં નથી.

આપણા આ વિદ્યાર્થીની જબરી જીત થઈ.

અને એ ખરેખર આગળ વધીને દેશનો એક મહાન નેતા બન્યો.

એનું નામ લોકમાન્ય બાળગંગાધર ટિળક.

એમનો જન્મ તા. ૨૩-૭-૧૮૫૬ના દિવસે મહારાષ્ટ્રમાં થયો હતો. ૧૮૫૭નો આઝાદી જંગ ચાલતો હતો ત્યારે એમની ઉંમર એક વરસની.

નાનપણનું એમનું નામ 'કેશવ' હતું. પરંતુ માતાપિતા એમને બાળ

કહીને બોલાવતાં, આથી એ નામ જ પાકું થઈ ગયું. એ ભણવા બેઠા ત્યારે ચોપડામાં પણ આ જ નામ લખાવ્યું. બાકી એમનું મૂળ નામ કેશવ પંત ગણાય.

બાળકના પિતાનું નામ ગંગાધર પંત ટિળક. તેઓ નાનપણથી જ અનેક મુસીબતો વેઠતા આવ્યા હતા. એ નાના હતા ત્યારે જ એના પિતા સંસાર છોડીને સાધુ થઈ ગયા. ઘરનો બધો બોજો નવજુવાન ગંગાધરને માથે આવ્યો. ગંગાધર ધંધે શિક્ષક હતા.

એ ગણિત અને સંસ્કૃતના સારા જાણકાર હતા અને સંસ્કૃતમાં તો એમણે વિદ્યાર્થીઓને ઉપયોગી બને એવાં કેટલાંક પુસ્તકો પણ લખ્યાં હતાં.

બાળ આવા સ્વાશ્રયી અને વિદ્વાન પિતાના પુત્ર હતા.

બાળ પાંચ વર્ષના થયા એટલે તેમને નિશાળે મૂકવામાં આવ્યા. પરંતુ નિશાળ કરતાં તો ઘેર વધારે અભ્યાસ ચાલતો. શિક્ષક પિતાના ઘરમાં વિદ્યાનું જ વાતાવરણ હતું અને બાળ એ વાતાવરણના રંગે રંગાઈ ગયા હતા. આઠ-દસ વરસના થયા ત્યાં સુધીમાં તો ગણિત અને સંસ્કૃતનાં મોટાં મોટાં થોથાં એમણે ઉથલાવી નાખ્યાં. શબ્દરૂપાવલી, અમરકોશ જેવાં કેટલાંક પુસ્તકો તો મોંએ કરી નાખ્યાં.

દશ વરસની ઉંમરે તેઓ હાઈસ્કૂલમાં આવ્યા. અહીં એમનો ગણિત અને સંસ્કૃતનો શોખ વધારે ખીલી નીકળ્યો. સંશોધનવૃત્તિ પણ જન્મી. જુદી જુદી વૈજ્ઞાનિક શોધો કરનાર વિજ્ઞાનીઓનાં જીવન વાંચીને એમને પણ પ્રયોગો કરવાનું મન થયું અને વૈજ્ઞાનિક પ્રયોગ એટલે કોઈ પણ ઘટનાનું બધી બાજુથી નિરીક્ષણ કરવું તે.

આ જ વૃત્તિથી તેમણે પેલી 'સંત' શબ્દની ત્રેવડી જોડણી કરેલી !

આ જોડણીનો પ્રસંગ તો એક છે. એમના અભ્યાસકાળમાં આવાં

અનેક પ્રસંગો બન્યા કરતા. એ કોઈ પણ સિદ્ધાન્તને મૂળમાંથી અને બધી બાજુથી સમજવા કોશિશ કરતા. ‘આમ કેમ ?’ ‘આવું શાથી બને ?’ વગેરે જ્ઞાનના મૂળરૂપ સવાલો એમના મનમાં સતત ઊઠતા રહેતા.

એક વાર એક શિક્ષક વિજ્ઞાનનો કોઈ નવો સિદ્ધાન્ત સમજાવી રહ્યા હતા. બધા છોકરાઓ શિક્ષકનું ભાષણ ઉતાવળે નોટબુકમાં ઉતારી રહ્યા હતા. માત્ર બાળ એકધ્યાન થઈને શિક્ષક સામે તાકી રહ્યા હતા. આ જોઈને શિક્ષકે કહ્યું, ‘બાળ ! બીજા છોકરાઓની જેમ તું પણ આ સિદ્ધાન્ત નોટબુકમાં ઉતારી લે ને ! પછી ક્યાંક ભૂલી જવાશે.’

બાળે તરત જ જવાબ આપ્યો. ‘સર ! હું એ સિદ્ધાન્તને મનમાં ઉતારી લેવાની કોશિશ કરી રહ્યો છું. નોટબુકમાં ઉતારેલ સિદ્ધાન્ત ભૂલી જવાય, મનમાં ગ્રહણ કરેલો સિદ્ધાન્ત કદી ભુલાતો નથી.’

નાનપણથી જ આવા હોશિયાર બાળ ૧૮૭૨માં પિતાની છત્રછાયા ગુમાવી બેઠા. એ જ વરસે મૅટ્રિકની પરીક્ષા આપી. એમાં તેઓ સારી પેઠે પાસ થયા.

મૅટ્રિક પછી પૂનાની ડેક્કન કૉલેજમાં દાખલ થયા. અહીં તેમને જણાયું કે સારી રીતે જીવવા માટે સારું શરીર પણ હોવું જોઈએ. તેમણે પહેલું આખું વરસ શરીરની કસરતોમાં ગાળ્યું. પાકો અભ્યાસ તો વળી કરતા જ. એટલે પરીક્ષામાંય પાસ થયા. પરંતુ પહેલો નંબર મેળવવા પાછળ એમનું ધ્યાન જ નહોતું.

હા, આ બધો વખત એ ગણિતનો ખૂબ અભ્યાસ કરતા. પોતાના ભણતર કરતાં પણ ગણિતમાં આગળ વધતા રહેતા. એમના પ્રોફેસરોને આશા હતી કે બાળ મોટો થઈને જરૂર ગણિતમાં નામના કાઢશે.

તમને એ જાણીને નવાઈ લાગશે કે બાળ ગંગાધર ટિળક ધીરે ધીરે ભણતર તરફ ઠીક ઠીક બેદરકાર બની ગયા હતા. એ બી.એ. તો થયા,

પરંતુ એમ.એ. માં નાપાસ થઈ ગયા ! પરંતુ આનું કારણ એ હતું કે તેઓ ધીરે ધીરે લોકસેવા તરફ મન વાળવા લાગ્યા હતા.

એમને લાગ્યું કે વકીલાતનો ધંધો સ્વતંત્ર છે. એ ધંધો કરતાં કરતાં લોકસેવા કરી શકાય. આથી તેઓ એલએલ.બી. થઈ ગયા. પણ પછી તો એ ધંધોય એમણે ન કર્યો. ઘણા વિચારને અંતે એમને લાગ્યું કે જો લોકસેવા કરવી હોય તો સામાન્ય માનવીને અજ્ઞાન, ભ્રમ, વહેમ અને ભયમાંથી મુક્ત કરવા જોઈએ. તેમને પોતાના હક્કો વિષે જાગ્રત અને તેજસ્વી બનાવવા જોઈએ. અને આ માટે શિક્ષણ એ જ સારામાં સારો ઉપાય છે.

એવામાં એમને સમાચાર મળ્યા કે વિષ્ણુ શાસ્ત્રી ચિપલૂણકર નામના એક લોકસેવક સ્વતંત્ર શાળા શરૂ કરવાનો વિચાર કરે છે. ટિળક અને એમના મિત્ર આગરકર તરત જ ચિપલૂણકરને મળ્યા. બંને જણા આ નવી શાળામાં શિક્ષક બન્યા.

૧૮૮૦માં તેઓ પૂનાની આ નવી શાળામાં જોડાયા. શાળાનું નામ ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ હતું. પગાર દર મહિને રૂપિયા ત્રીશ હતો. સગાંવહાલાં અને મિત્રોએ ખૂબ સમજાવ્યા કે આ ધંધો કરવો રહેવા દો. ફક્ત ત્રીશ રૂપિયામાં તમારું દળદર નહિ ફીટે. સરકારી નોકરી ન કરો તો કાંઈ નહિ, વકીલાત કરો. એમાં સારી કમાણી છે.

પણ ટિળકે તો જ્ઞાનનો ફેલાવો કરીને દેશના ઉદ્ધારમાં હિસ્સો આપવાનું નક્કી કર્યું હતું. એ કહે કે હું તો શિક્ષક જ થઈશ.

એ વેળા એક જણે આકરી ટીકા કરી : 'ટિળક ! ફક્ત ત્રીશ રૂપિયાની કમાણીમાં બચાવશો શું ? મૂઆ પછી મડદું બાળવા જેટલા પૈસા પણ નહિ બચે !'

ટિળકે હસીને જવાબ આપ્યો : 'મડદાની ચિંતા હું શા માટે કરું ?

મૂઆ પછી એ બાળવાના પૈસા નહિ હોય તો, મડદું ગંધાઈ ન ઊઠે અને રોગ ન ફેલાવે એ માટે સુધરાઈ પોતે જ એનો અગ્નિસંસ્કાર કરી નાંખશે !'

પરંતુ આવો પ્રસંગ ન આવ્યો. ટિળકે દેશસેવાનાં કામોમાં એવા જોરશોરથી ઝુકાવ્યું કે આખા દેશના નેતા બની ગયા, 'લોકમાન્ય'નું બિરુદ પામ્યા.

૧લી ઑગસ્ટ, ૧૯૧૯ના દિવસે એમનું અવસાન થયું ત્યારે એમની પોતાની મૂડીથી તો મડદું બાળવાના પૈસા નહોતા. પરંતુ દેશના એક મહાન નેતા એ બની ચૂક્યા હતા. દેશે એમને માટે ચંદનની ચિતા તૈયાર કરાવી. ગાંધીજી, લાલા લજપતરાય જેવા મહાન દેશભક્તોએ તેમની નનામી ઉપાડી.

જીવન જીવવા માટે છે, અને એના જેવો આનંદ બીજો એકે નથી. સંપત્તિ અને વૈભવ માણસને સુખ આપશે એ ભ્રમ છે. સૌંદર્ય અને આનંદથી જ સુખ મળે છે. વાસ્તવિક સૌંદર્ય શાંત પ્રકૃતિ, પવિત્ર આચાર અને પવિત્ર વિચારમાં જ છે. આ વસ્તુ જે માનવીમાં છે તે જ સુખ ભોગવે છે. આ ગુણ મેળવવા માનવીએ રાતદિવસ સંઘર્ષ કરવો જ જોઈએ. એ જ જીવન છે.

**- પ્લેટો**



# ૧૭.

**એની ઈચ્છા હતી ઘોડાનો રખેવાળ બનવાની અથવા સારો ક્રિકેટર બનવાની; પરંતુ એ બની ગયો સંન્યાસી !**

## સ્વામી વિવેકાનન્દ

ગઈ સદીના પાછલા ભાગમાં જેટલા મહાપુરુષો એકલા બંગાળમાં પાક્યા એટલા ભારતમાં નહિ પાક્યા હોય. કદાચ અંગ્રેજો અને એમના જ્ઞાનવિજ્ઞાન સાથેના પ્રથમ પરિચયનું એ પરિણામ હશે.

આપણે આજે જે નરેન્દ્રની વાત માંડી બેઠા છીએ તે પણ બંગાળી હતો. એનો જન્મ ઈ.સ. ૧૮૬૩ની ૧૨મી જાન્યુઆરીએ કલકત્તાના સિમોલિયો વિસ્તારમાં થયો હતો. પિતા વિશ્વનાથ દત્ત અને માતા ભુવનેશ્વરીદેવી. એ લોકો ઠીકઠીક ધનવાન હતાં. પુત્ર નરેન્દ્રની એકલાની સેવામાં બબ્બે તો દાસીઓ રાખવામાં આવી હતી !

આવી ખમ્મા ખમ્મામાં ઊછરતા નરેન્દ્રનું લાડકવાયું નામ ‘વીલેબીલે’ હતું. એ ઘણો રમતિયાળ હતો. ચોરસિપાઈની રમત એને બહુ ગમતી. અને ક્રિકેટમાં તો એટલો બધો રસ હતો કે પોતે સારો ક્રિકેટર બનવાની આશા રાખતો હતો.

એને પશુપંખી પણ બહુ ગમે. મકાન પાછળની વાડીમાં બેઠો બેઠો મોર, કબૂતર, કાકાકૌઆ સાથે વાતો કર્યા કરે. વાંદરાં, બકરાં, ગાય અને ઘોડા સાથે દોડાદોડી કરે. ઘોડા ઉપર તો એને એટલી પ્રીતિ હતી કે એક વાર બોલેલો : 'હું તો મોટો થઈને ઘોડાનો રખેવાળ બનીશ !'

શરીરની કસરત પણ સતત ચાલે. મુક્કાબાજી પણ બહુ ગમે. સંગીતમાંય રસ. બજનો ગાવામાં તો ઘણી વાર એવો ખોવાઈ જાય કે આજુબાજુનું એને કશું જ ભાન ન રહે.

એક દિવસ પોતાના દોસ્તો સાથે મંદિરમાં બેઠેલો. આંખો મીંચીને એ તો મનોમન કશીક પ્રાર્થના બોલવા લાગ્યો. એમ ને એમ એકધ્યાન થઈ ગયો. એટલામાં મંદિરમાં સાપ નીકળ્યો. એને જોઈને 'સાપ !' 'સાપ !' કરતાં બીજાં સૌ છોકરાં તો જાય નાઠાં. પણ નરેન્દ્રને તો એની ખબર પણ ન પડી. એ તો આંખો મીંચીને હાથ જોડીને ધ્યાનમાં મસ્ત બની ગયેલો.

ગભરાયેલા દોસ્તોએ નરેન્દ્રનાં માતાપિતાને વાત કરી : 'મંદિરમાં સાપ આવ્યો છે અને તમારો છોકરો તો સૂનમૂન થઈને બેસી રહ્યો છે !'

માતાપિતા હાંફળાંફાંફળાં દોડ્યાં. મંદિરે પહોંચ્યાં. પણ મંદિરને બારણે જ સડક થઈને ઊભાં રહી ગયાં. અંદર દોડી જવામાં જોખમ હતું. નાનકડો નરેન્દ્ર આંખો મીંચીને બેઠો હતો અને એની સામે જ પેલો નાગ ફેણ માંડીને ડોલતો હતો. એ નાગને જરાક ગુસ્સે થવાનું કારણ મળે તો નરેન્દ્રને ડંખ મારી દે. બિચારાં માતા-પિતા અને દોસ્તો અધ્ધર શ્વાસે મંદિરને તાકી જ રહ્યાં.

આ પછી થોડીક વારે નાગ જતો રહ્યો. માતાએ અંદર દોડીને નરેન્દ્રને તેડી લીધો.

નરેન્દ્ર તોફાની તો હતો જ, સાથે નીડર પણ એવો જ. કશાથી ડરે

જ નહિ ને !

એને એક વાર હીંચકા ખાવાની આદત પડી ગઈ. રોજ બપોરે હીંચકા ખાવા જોઈએ. પરંતુ હીંચકાની એની રીત આગવી જ ! નજીકની વાડીમાં ચંપાનું એક ઝાડ હતું. નરેન્દ્ર એ ચંપાના ઝાડ ઉપર ચડે. એની એક ડાળ ઉપર પગ ભરાવે અને પછી પોતે શરીર નીચે લટકાવીને હીંચકા ખાય. જાણે લંગુર ! જાણે વડવાગોળ ! એને પડવાની તો બીક જ નહિ.

એને આમ લટકતો જોઈને એક મુરબ્બીને બીક લાગી. છોકરો કદાચ પડી જશે. એમણે કહ્યું, 'નરેન્દ્ર ! આમ ઊંધા લટકીને હીંચકા ન ખવાય. કદાચ વાગી બેસશે.'

નરેન્દ્ર કહે, 'ચિંતા ન કરો. મને નહિ વાગે.'

આવી સારી શિખામણ આ છોકરાને ગળે નહીં ઊતરે એમ માનીને મુરબ્બીએ કહ્યું, 'અરે, આ ઝાડ ઉપર તો બ્રહ્મરાક્ષસ નામનું ભૂત થાય છે. એ તારી ડોક જ મરડી નાખશે.'

નરેન્દ્ર ખડખડાટ હસી પડ્યો. 'કાકા ! હજુ તો કોઈ બ્રહ્મરાક્ષસે મારી ડોક મરડી નથી. આ ઝાડ ઉપર તો હું મહિનાઓથી હીંચકા ખાઉં છું. છતાં બ્રહ્મરાક્ષસ આવશે તો હું જ એની ડોકી મરડી નાખીશ !'

અને એ તો ચંપાની ડાળે ટાંટિયા લટકાવીને મોજથી હીંચકતો રહ્યો....

પણ એ માત્ર તોફાની અને કસરતી નહોતો. હોશિયારી તો એની જ !

એક વાર એના પિતાને મધ્ય પ્રદેશના રાયપુર ગામે જવાનું થયું. ત્યાં એમને બે વરસ રહેવાનું હતું. નરેન્દ્રે એ વખતે અંગ્રેજી ત્રીજા (અત્યારના નવમા) ધોરણની પરીક્ષા આપી હતી. એટલે ખરી રીતે

અભ્યાસ ચાલુ રાખવો જોઈએ. પરંતુ એણે તો પિતાજી સાથે જવાની હઠ પકડી.

અને એ રાયપુર ગયો પણ ખરો. મધ્ય પ્રદેશનાં વનોમાં એ બે વરસ લગી રખડતો રહ્યો અને નદીઓમાં નહાતો રહ્યો.

બે વર્ષ પછી એ કલકત્તા પાછો ગયો. પાછો શાળામાં દાખલ થયો. એણે એક જ વર્ષમાં ત્રણ વર્ષનું ભણતર પૂરું કરી નાખ્યું, અને મૅટ્રિકની પરીક્ષા આપી. એની બુદ્ધિ એટલી તેજસ્વી હતી કે આ પરીક્ષામાં એ પહેલા વર્ગમાં આવ્યો.

આગળ જતાં એની બુદ્ધિશક્તિ અને યાદશક્તિ ઓર ખીલી ઊઠી. એક પુસ્તક એક વાર વાંચે કે એનો શબ્દેશબ્દ એને યાદ રહી જાય.

જેવી આ યાદશક્તિ એવી જ બુદ્ધિશક્તિ. એ શક્તિ એણે સત્યની શોધમાં લગાડી...

આગળ જતાં આ નરેન્દ્ર સંન્યાસી બન્યો. એણે વિવેકાનંદ નામ ધારણ કર્યું. આજે વિવેકાનંદની ગણતરી દેશની પ્રથમ હરોળની વિભૂતિઓમાં થાય છે.

તમે હસશો તો સંસાર હસી પડશે. પણ તમે રડશો તો તમારે એકલાએ જ રડવું પડશે, કેમ કે આ મૃત્યુલોક કેવળ હાસ્યની જ ઈચ્છા રાખે છે. રૂદન તો એની પાસે ખુદ પોતા પૂરતું જ છે.

**- એલન વ્હીલર વિલકોક્સ**



# ૧૮.

બાળપણથી જ સ્ત્રીઓની દુર્દશા જોઈ અને એણે સ્ત્રીઓની ઉન્નતિ માટે ભેખ ધારણ કર્યો.

# ધોંડુ કેશવ કર્વે

એનું મૂળ નામ તો અણ્ણાજીરાવ હતું. અણ્ણાસાહેબ પણ કહેવાય. પરંતુ માબાપ એને લાડમાં 'ધોંડુ' કે 'ધોંડો' કહેતા. જોકે નામ લાડકું હોવા છતાં છોકરો લાડકો નહોતો. બાળપણમાં બિચારો કશા લાડકોડ પામ્યો નહોતો.

એના પિતાનું નામ કેશવ ભટજી હતું. તેઓ કોંકણના દરિયાકાંઠાના મુરૂડ નામના ગામમાં વસતા હતા. એક જમાનામાં કેશવ ભટજીના બાપદાદા ઘણા મશહૂર હતા. લડવૈયા હતા. ધનવાન પણ હતા. જયારે મરાઠી રિયાસત દેશ આખામાં સૌથી જોરાવર હતી તે સમયની એ વાત. કોંકણના આ નાનકડા ગામના આ ભટજીઓ છેક ગુજરાતમાં વસતા. અહીંનાં જકાતી નાકાં સંભાળતા, લખલૂંટ નાણાં કમાતા. એક વડવાએ તો દામાજી ગાયકવાડને એ જમાનામાં સાડા છ લાખ રૂપિયા ધીરેલા, એવી નોંધ મળે છે.

પરંતુ પછી મરાઠી રિયાસત પડી ભાંગી. ભટજીના વડવા પાછા મુરૂડમાં આવીને બેસી ગયા. સમૃદ્ધિ ચાલી ગઈ. ગરીબી આવી પડી. મૂળે બ્રાહ્મણો. એટલે લક્ષ્મી જાળવી પણ ન શક્યા. બની ગયા દરિદ્ર પંતુજીઓ. જોકે કેશવ ભટજી હતા વટવાળા. કોઈનીય આગળ હાથ લાંબો નહિ કરવાની એમની પ્રતિજ્ઞા હતી.

આવા કુટુંબમાં ધોંડુનો જન્મ ઈ.સ. ૧૮૫૮ની ૧૮મી મેના દિવસે થયો હતો.

એમનું શરૂઆતનું શિક્ષણ મુરૂડની ગામઠી નિશાળમાં એમણે મેળવેલું, પણ ભણતરની લગની એવી કે પ્રાથમિક શાળાનાં છ ધોરણ તો એટલાં જલદી પૂરાં કરી નાખ્યાં કે પછી ફાઇનલ પરીક્ષા માટે ઉંમર ટૂંકી પડી ! ફાઈનલની પરીક્ષા આપતાં એમણે અઢી વરસની રાહ જોવી પડેલી !

ભણવામાં પણ બધા વિષય આવડે. સંસ્કૃત આવડે એટલું જ સારું ગણિત પણ આવડે. ભજન-કીર્તન અને સંગીતમાં પણ એટલો જ રસ. ધાર્મિક ગ્રંથોના વાચનનો રસ પણ ઊંડો. પરંતુ એનો અર્થ પાછો એ નહિ કે મૂજી સ્વભાવ ! એનો સ્વભાવ તો આનંદી. બધી રમતોમાં પણ હોશિયાર. છોકરાઓને એની આવડતમાંય વિશ્વાસ અને એની ન્યાયબુદ્ધિમાં પણ શ્રદ્ધા. એટલે કોઈ વાર સોગટાબાજીમાં કે ગંજીપાની રમતમાં ઝઘડો થાય તો છોકરાઓ ઈન્સાફ કરાવવા ધોંડુ પાસે આવે.

ફાઈનલની પરીક્ષા આપવા માટે ધોંડુને જે અઢી વરસની રાહ જોવી પડી તે સમય એણે રમતગમતમાં વેડફયો નહિ. એણે આ દિવસોમાં ખૂબ છાપાં અને પુસ્તકો વાંચવામાં ધ્યાન પરોવ્યુ અને ખાસ કરીને એ વખતની સામાજિક સમસ્યાઓ વિષે એણે વધુ વાંચ્યું.

એ વખતે બાળલગ્નો સામે અને વિધવાવિવાહની તરફેણમાં

દેશમાં આંદોલન ચાલી રહ્યાં હતાં. ઈ.સ. ૧૮૬૯માં જ્યારે ધોંડુ અગિયાર વરસનો હતો ત્યારે મુંબઈમાં પહેલવહેલો એક વિધવાના પુનર્લગ્નનો પ્રસંગ યોજાયો. 'ઇન્દુપ્રકાશ' નામના છાપામાં આ વાતની વિગતો અને ચર્ચાઓ આવતી. દેશભરના જુનવાણી લોકો આ લગ્નનો વિરોધ કરી રહ્યા હતા. માત્ર મૂઠીભર સમાજસુધારકો જ સ્ત્રીના અધિકારોની તરફેણ કરતા હતા. નાનકડા ધોંડુના મનમાં પહેલેથી જ આ બાબતમાં સારા સંસ્કાર પડ્યા. એમને લાગ્યું કે વિધવાઓને બીજા લગ્નની ના પાડવી એ તેમને જીવનભરની કેદમાં નાખવા બરાબર હતું. એના આવા સંસ્કારને મજબૂત બનાવે એવો એક પ્રસંગ ધોંડુની પડોશમાં જ બની ગયો. એની પડોશમાં એક સંસ્કારી કુટુંબ રહેતું હતું. તે ઘરમાં એક બાળવિધવા હતી. એ બિચારીથી વૈધવ્યનું દુઃખ વેઠાયું નહિ ત્યારે નાસી ગઈ. એ તો નાસી ગઈ પરંતુ એનો દંડ બિચારા પેલા કુંટુબને ભોગવવો પડ્યો. નાતના પંચે એ કુટુંબનો રોકડ દંડ કર્યો ! ધોંડુને આમાં અન્યાય જણાયો.

ગામમાં જ એક સુધારક વિચારના ભાઈ રહેતા હતા. ધોંડુને એમના માટે સારું માન હતું. એ ભાઈ એકાએક ગુજરી ગયા. પરંતુ એમણે પત્નીને કહી રાખેલું કે મારા અવસાન પછી તારે માથાના વાળ ઉતરાવવા નહિ. (તમને ખ્યાલ હશે કે એ યુગમાં વિધવાઓએ માથાના વાળ ઉતરાવી નાખવા પડતા.) આ બાઈએ પતિની આજ્ઞા માનીને વાળ ઉતરાવવાની ના પાડી. પરિણામે એના સગા દીકરાઓએ લોકલાજને વશ થઈને એ બાઈને ઘરમાંથી બહાર કાઢી ! નાના ધોંડુને આ પ્રસંગે ખૂબ દુઃખ પહોંચાડ્યું. એણે નક્કી કર્યું કે આવી અભાગણી સ્ત્રીઓને માટે પોતે મોટો થઈને જરૂર કશીક કામગીરી બજાવશે.

સ્ત્રીઓનું કામ કરવાની પોતાની આ પ્રતિજ્ઞા અમલમાં મૂકવાનો પ્રસંગ પણ નાનપણમાં જ આવી મળ્યો. ધોંડુનાં લગ્ન ફક્ત ૧૪ વરસની

ઉંમરે એક અભણ છોકરી સાથે થયાં હતાં. છોકરી અભણ એટલા માટે હતી કે એ વેળા મહારાષ્ટ્રમાં કોઈ છોકરીઓને ભણાવતું જ નહિ. છોકરીને ભણાવવી એ પાપ ગણાતું. સમાજના નિયમો સામે બળવો પોકાર્યા બરાબર ગણાતું. કિશોર ધોંડુએ સમાજના આ વિરોધની પરવા કર્યા વગર પત્નીને અને નાની બહેનને ઘેરબેઠાં ભણાવવાની શરૂઆત કરી. ૧૮ વરસની ઉંમરે એણે મરાઠીની ફાઇનલ પરીક્ષા આપી. એમાં પાસ થયા પછી વળી અંગ્રેજી પહેલેથી ભણવું પડતું. આટલી ઉંમરે ધોંડુએ અંગ્રેજી કક્કો શીખવાની શરૂઆત કરી. પરંતુ એને અંગ્રેજી ભણતર જરાય અઘરું ન પડ્યું. જેનામાં બાળપણથી જ સ્ત્રીઉન્નતિ જેવા આદર્શો અંગે વિચારવાની બુદ્ધિ હોય એને આટલું ભણતર ભણતાં શી મુશ્કેલી પડે ?

માત્ર પૈસાની મુશ્કેલીઓ અનેક હતી. પિતા તો ભાગ્યે જ કશી મદદ કરી શકતા એટલે ધોંડુ નાના વિદ્યાર્થીઓનાં ટ્યુશન રાખીને અને હોશિયાર વિદ્યાર્થી તરીકે શિષ્યવૃત્તિ મેળવીને રોટલાખર્ચ કાઢતો. પાંચમી અંગ્રેજીથી ભણવા માટે એ મુંબઈ ગયો ત્યારે પણ આવી જ રીતે ભણતો હતો.

આમ છતાં ઉદારતા અને પરોપકારનો પાર નહિ. નિયમ એવો રાખેલો કે પોતે જે કાંઈ કમાય તેમાંથી રૂપિયે એક પૈસો દાન માટે અલગ તારવવો !

એક વાર એવું બન્યું કે પોતે જે વીશીમાં જમતા હતા ત્યાંનો રસોઇયો માંદો પડ્યો. એને દવાદારૂ માટે પાંચ રૂપિયાની જરૂર પડી. ધોંડુએ તેને આ રૂપિયા આપ્યા. એ પછી રસોઇયો હવાફેર માટે દેશમાં ગયો. કેટલાક મહિના પછી એ રસોઇયો રસ્તામાં મળી ગયો. ધોંડુને જોઈને એ ખૂબ ગભરાઈ ગયો. કારણ કે દેશમાંથી પાછા આવ્યા પછી પણ એની હાલત કાંઈ સારી નહોતી. પરંતુ ધોંડુએ તો એને કહ્યું :

'ભાઈ ! હું પેલા પાંચ રૂપિયા તારી પાસે માગતો નથી.. ઊલટાનો હું તો તને થોડીક મદદ કરવા માગું છું.' આમ કહીને પોતે પેલા રૂપિયા - પૈસો કરી કરીને દાન માટે જે ત્રણેક રૂપિયા એકઠા કરેલા તે આ રસોઇયાને આપી દીધા !

એ જ ધોંડુ પછી તો સ્ત્રીઓના ઉદ્ધારક અને સ્ત્રીશિક્ષણના એક અગ્રેસર તરીકે દેશભરમાં જાણીતો બન્યો. એણે આખા દેશની સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણની પહેલવહેલી યુનિવર્સિટીની રચના કરી. આ મહાપુરુષનું આખું નામ અણ્ણાસાહેબ ધોંડો કેશવ કર્વે. એમની પેલી યુનિવર્સિટી કર્વે યુનિવર્સિટી નામે જાણીતી છે.

મહર્ષિ કર્વે સો ઉપરાંત વરસ લગી જીવ્યા. ઈ.સ. ૧૯૬૧માં ૧૦૩ વરસની ઉંમરે એમને 'ભારતરત્ન'નો ભારતનો સૌથી ઊંચો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

માનવી જે કાંઈ ખોરાક ખાય છે એનાથી બળવાન બનતો નથી પણ જેટલું પચાવી શકે છે તેનાથી બળવાન બને છે.

માનવી જે કમાણી કરે છે તેથી નહિ પણ જેટલું બચાવે છે તેનાથી શ્રીમંત બને છે.

માનવી જે વાંચે છે તેથી નહિ પણ યાદ રાખે છે તેથી પંડિત બને છે અને જે ઉપદેશ આપે છે તેથી નહિ પણ જે કાંઈ આચરણ કરે છે તેથી ધર્મવાન બને છે.

**- લોર્ડ બેકન**



# ૧૯.

**રમકડાની તોપ લઈને ફરતો એ છોકરો મોટો થઈને દેશનો મહાન વિજ્ઞાની બન્યો !**

# જગદીશચંદ્ર બોઝ

એક હતા ન્યાયાધીશ. એમનું નામ ભગવાનબાબુ. તેઓ બંગાળના ફરીદપુર જિલ્લાના ડેપ્યુટી મેજિસ્ટ્રેટ હતા. ન્યાય આપવામાં જેવા નિષ્પક્ષ હતા એવા જ સાહસિક પણ હતા. ઘણી વાર તો ડાકુઓ, ધાડપાડુઓ અને બહારવટિયાઓ સામે એકલે હાથે ઝઝૂમતા. એક વેળા એમણે જીવના જોખમે એક ડાકુ સરદારને પકડેલો અને કેદ કરેલો. પરંતુ ભગવાનબાબુની ન્યાયબુદ્ધિમાં એ ડાકુને એટલો બધો વિશ્વાસ હતો કે એ જેલમાંથી છૂટ્યા પછી ભગવાનબાબુને ઘેર આવ્યો અને એણે કશીક નોકરી આપવાની માગણી કરી !

ભયંકર ડાકુ હતો. પોતે જ એને પકડીને કેદમાં પૂરેલો. એનો વિશ્વાસ કોણ કરે ? છતાં ભગવાનબાબુની હિંમત અજબ હતી. માનવી હંમેશાં મૂળે સારો જ હોય છે અને સંજોગો એને ખરાબ બનાવે છે, એવું તેઓ માનતા હતા. આથી એમણે તો આ ડાકુ સરદારને પોતાને ત્યાં નોકરી આપી. એટલું જ નહિ, પોતાના ચાર વરસના દીકરા જગદીશને

નજીકની નિશાળે લાવવા-લઈ જવાની કામગીરી એને સોંપી. પોતાના લાડલા દીકરાના પ્રાણ એક ખૂંખાર ડાકુના હાથમાં સોંપનાર ભગવાનબાબુની હિંમત કેવી ગજબની કહેવાય એ તમે સહેલાઈથી સમજી શકશો.

ભગવાનબાબુનો આ જગદીશ તે જ આપણા દેશના પ્રખર વિજ્ઞાની સર જગદીશચંદ્ર બસુ. તેમનો જન્મ ઈ.સ. ૧૮૫૮ની ૩૦મી નવેમ્બરે બંગાળના વિક્રમપુર જિલ્લાના રાઢિયાલ ગામે થયો હતો.

નાનકડો જગદીશ તો પેલા ડાકુને ખભે બેસીને નજીકના ગામની નિશાળે જાય. રસ્તામાં પેલો ડાકુ ઘણી વાતો કરે. લૂંટફાટની, મારામારીની, બહાદુરીની એ વાતો. નાના જગદીશને મનમાં થઈ આવે કે હુંય મોટો થઈને કોઈ મોટો લડવૈયો બનીશ.

નાનપણમાં એ ઘણી રામલીલાઓ પણ જોતો. એમાં દાનેશ્વરી કર્ણ, સત્યવાદી હરિશ્ચંદ્ર, ઋષિ દધીચિ, સમ્રાટ અશોક જેવાનાં નાટક ભજવાય. જગદીશ કર્ણ અને અશોક જેવો બનવાની કલ્પના કરે.

જગદીશ રાઢિયાલ પાસેની જે નિશાળમાં ભણતો ત્યાં ગામડાગામના ગરીબોનો એને પરિચય થયો. માછીમારો અને ગરીબ મુસ્લિમોના છોકરા અહીં ભણતા. જગદીશને બાળપણથી જ આ ગરીબો તરફ મમતા જાગી. ઘણી વાર એ મોટો અમલદાર થઈને આ સૌની ગરીબી દૂર કરવાની કલ્પનાઓ પણ કરતો.

પરંતુ નવ વરસની ઉંમરે જગદીશને કલકત્તાની અંગ્રેજી નિશાળમાં મૂકવામાં આવ્યો અને વળી એનું જીવન બદલાઈ ગયું. ગામડામાં તો એ પશુ-પંખીઓ, જીવજંતુઓ અને માછલીઓ અને ગરીબ છોકરાઓના પરિચયમાં આવતો. અહીં મોટે ભાગે અંગ્રેજી છોકરાઓ એની સાથે ભણતા. એમણે ગામડિયા જગદીશને ચીડવવા માંડ્યો.

જગદીશને ઘણું માઠું લાગતું. પોતે ગામડાનો છે તેથી શું થઈ ગયું ? ભણવામાં તો બીજાઓથી આગળ હતો. પણ અંગ્રેજ છોકરા આવું કાંઈ સમજે નહિ. એમાંય એક છોકરો તો વર્ગમાં મોટો 'દાદો' ગણાતો. એ તો જગદીશની પાછળ જ પડી ગયેલો. 'ગામડિયો' કહીને એને ખીજવ્યા કરે. આખરે એક દિવસ જગદીશને એટલી ચીડ ચડી ગઈ કે એણે આ મોટા છોકરાને પછાડી દીધો ! ગમે તેમ તોય એણે ગામડાનાં ઘી-દૂધ ખાધાં હતાં. અંગ્રેજ છોકરો તો બિચારો ચિત થઈ ગયો ! એને જગદીશે એવો માર માર્યો કે પછી ફરી કદી એણે ચૂં કે ચાં ન કરી ! બીજા છોકરાઓ પણ જગદીશથી ડરવા લાગ્યા.

જગદીશને પહેલેથી જ આ અંગ્રેજ અને અમલદારી છોકરાઓ સાથે હળવું-ભળવું ગમતું નહિ. એ બધા એને હલકો માનતા હતા ખરા ને ! આને પરિણામે જગદીશ સાવ એકલો પણ પડી જતો. રમવા માટે અને હરવાફરવા માટે તથા નવરાશની વેળાએ વાતો કરવા માટે એને કોઈ સાથીદારો નહોતા.

એક રીતે આ સારું જ થયું; કારણ કે એને પરિણામે જગદીશ ગંભીર પુસ્તકો વાંચતો થયો અને એકલા બેઠાં નાનામોટા પ્રયોગો કરતો થયો. આને પરિણામે એનામાં વૈજ્ઞાનિક બુદ્ધિ વિકસી.

એ દિવસોમાં જગદીશ પોતાની એકલતા ટાળવા માટે કલકત્તાના બજારમાંથી એક ઘેટું, એક કબૂતર અને એક સસલું વેચાતાં લઈ આવ્યો. આ પ્રાણીઓની સારસંભાળ રાખવી, એમને માટે ઘર બનાવવું, એમના ઘાસચારાની જોગવાઈ કરવી વગેરે કામોમાં જગદીશનો નવરાશનો વખત વીતી જતો. એણે એ પશુપંખીઓ માટે રમકડાના પુલ અને નાનકડા બગીચાની પણ રચના કરેલી.

પ્રયોગો કરવાની એની તમન્ના કેવી જોરદાર હતી એનો એક નમૂનો એની તોપ ગણાય.

દસેક વરસની ઉંમરે ઘરનાં ભંગાર વાસણો ગળાવીને એણે પિત્તળની એક નાની-શી તોપ બનાવડાવી હતી. ગામના કંસારાને આ તોપ માટેની ડિઝાઈન એણે જાતે આપેલી. જગદીશ આખો દિવસ આ તોપ લઈને રમ્યા કરતો.

સોળ વરસની ઉંમરે શાળાનો અભ્યાસ પૂરો કરીને જગદીશ કલકત્તાની કૉલેજમાં બેઠો. ત્યાં બી.એ. થયા પછી વિલાયત ગયા. ત્યાં પહેલાં તો તબીબી વિદ્યા શીખવાનો એમનો વિચાર હતો, પરંતુ પોતાની તબિયત સારી ન રહી. દેશમાંથી જ તાવ લઈને ગયા હતા. એ કદી સાજા થયા જ નહિ. એમણે વિચાર્યું કે જ્યાં હું પોતે જ સાજો નથી રહેતો ત્યાં વળી તબીબી વિદ્યા શીખીને કોને સાજા કરીશ ? એટલે એમણે ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનનો અભ્યાસ કર્યો.

પચીસ વરસે તેઓ એમ.એસસી. થઈને દેશમાં આવ્યા. તે પછી તો આખું જીવન વિજ્ઞાનના શિક્ષણ અને પ્રયોગોમાં ગાળ્યું. વનસ્પતિમાં પણ જીવ છે, એવી એમની શોધ બહુ જાણીતી છે. પ્રકાશ વિષે પણ કેટલીક શોધો કરેલી. ઈ.સ. ૧૯૩૭માં એમનું ૮૦ વરસની ઉંમરે અવસાન થયું ત્યાં સુધીમાં તેઓ ભારતના એક મહાન વિજ્ઞાની તરીકે નામના પામી ચૂક્યા હતા.

શું તમે નિશાન ચૂકી ગયા છો ? તો શું થયું ? લક્ષ્ય તો હજી ચમકી રહ્યું છે. તમે દોડવામાં પાછળ રહી ગયા છો ? તો શું થયું ? શ્વાસ ખાવા થોભો, જેથી પુનઃ દોડવામાં ભાગ લઈ શકો.

**- એલન વ્હિલર વિલકોક્સ**



# ૨૦.

**બાળપણથી જ દીનદુખિયાંની સેવા કરવા ઝંખતી એ છોકરી એક આખા દેશની આઝાદીની તમન્નાની જાગતી જ્યોત બની ગઈ !**

# ભગિની નિવેદિતા

આયર્લૅન્ડ દેશ.

ભારત જેવો જ એનો ઇતિહાસ. ભારતની જેમ જ અંગ્રેજોનું એ દેશ ઉપર રાજ. ભારતની જેમ જ એ દેશની પ્રજા પણ આઝાદી માટે જંગે ચડેલી.

આ દેશનો ટાયરોન તાલુકો. એનું ડનગાનોમ નામે નાનકડું ગામ. ત્યાં સેમ્યુઅલ રિચમંડ નોબલ નામના ભાઈ રહે. તે પાદરી હતા. તેમના પિતા જહૉન નોબલ પણ પાદરી હતા. પાદરી એટલે ધર્મ દ્વારા લોકસેવા કરનારા સેવકો, એવી એમની સમજણ હતી. એને એ સમજણ મુજબ તેઓ ડનગાનોમના રહેવાસીઓના મિત્ર અને માર્ગદર્શક બની રહેલા. દેશભક્તિનો છંદ એમને પણ લાગેલો અને આયર્લૅન્ડની સ્વતંત્રતા માટેની ચળવળમાં પોતાનાથી બનતો ફાળો એ આપતા રહેતા.

જેવા પતિ હતા એવાં જ સેવાભાવી પત્ની હતાં. નામ એમનું મેરી

હતું. નવા જ્ઞાન અને ધર્મ-સુધારા માટે ખપી જનાર ઈસુ ખ્રિસ્તનાં માતા મેરી જેવાં જ એ નિખાલસ અને સાફદિલ હતાં. ભોળાં પણ એટલાં જ. એટલેસ્તો, એમને પ્રથમ સંતાન થવાની વેળા આવી ત્યારે થોડાંક ગભરાઈ ગયેલાં. એમણે માનતા લીધી કે જો પહેલું સંતાન સુખરૂપ અવતરશે તો એને પ્રભુસેવામાં અર્પણ કરી દઈશ ! પિતા સેમ્યુઅલ નોબલ હસતાં હસતાં કહેવા લાગ્યા, 'જોજે ને, તારું સંતાન પ્રભુસેવા કરવાને બદલે હાથમાં બંદૂક લેશે અને અંગ્રેજો સામે લડવા નીકળશે !'

આમ છતાં, માતા મેરી તો કહેતાં, 'ભલે ને એ બંદૂક લે. એ તો દેશસેવા ગણાશે. અને દેશસેવા એ પ્રભુસેવા કરતાં કાંઈ કમ ન ગણાય.'

પતિ-પત્નીની આવી આગાહીઓનો આખરે અંત આવ્યો. દીકરીનો જન્મ થયો. માતા રાજી થયાં. દીકરી કાંઈ બંદૂકડી લઈને રણમેદાનમાં નહિ જાય. એ તો ખરેખર સાધ્વી જ બનશે !

દીકરીનું નામ પાડ્યું માર્ગારેટ ઈલિઝાબેથ નોબલ. એનો જન્મ ઈ.સ. ૧૮૬૭ની ૨૮મી ઓક્ટોબરે.

માતા મેરીની આશા ફળી. માર્ગારેટ જીવતી રહી. એટલું જ નહિ, મોટી થઈને એણે દેવસેવા કે દેશસેવા કરતાં પણ મહાન એવી વિશ્વ-માનવતાની સેવા કરી. કારણ કે એ જ મોટી થઈને ભારતની ભગિની નિવેદિતા બની.

માર્ગારેટનું શરૂઆતનું બાળપણ આયર્લૅન્ડમાં પોતાનાં દાદીમા પાસે વીત્યું : કારણ કે એનાં માતાપિતા ઇંગ્લૅન્ડમાં જુદાં જુદાં ગામે ફરતાં હતાં. પોતાના ધર્મના કામ અંગે એમણએ ઘણું ઘૂમવાનું રહેતું અને એમાં નાનકડી માર્ગારેટ પરેશાન થઈ જાય એવી એમને બીક હતી.

માર્ગારેટ દાદીમા પાસે રહે છે. લાડ કરે છે. ભણે છે. પણ કોઈ કોઈ વાર ઉદાસ થઈ જાય છે. દાદીમાને પૂછે છે, 'મારાં બા-બાપુજી ક્યાં છે?'

'તારાં બા-બાપુ દીનદુઃખિયાંની સેવા કરે છે, માડી,' દાદીમા જવાબ આપે છે.

'દાદીમા, હુંય દીનદુઃખિયાની સેવા કરવા જાઉં ?' નાનકડી બાલિકા પૂછે છે.

દાદીમા એને ગોદમાં લપેટી લે છે, કહે છે, 'ના મા ! તારે શા સારુ એવાં લોકમાં રઝળવું પડે ? તું તો રાજકુંવરી બનશે. તારે તો રાજ કરવાનું !'

માર્ગારેટ પૂછે છે, 'તે હેં દાદીમા, આ દીનદુઃખિયાં કેવાં હોય ?'

એ સવાલનો જવાબ એને એક દિવસ મળી ગયો. બાપુજીનો કાગળ આવ્યો કે હવે અમે સ્થિર થયાં છીએ. ઇંગ્લૅન્ડના ડેવનશાયરમાં ટોરિંગ્ટન ગામમાં કાયમ રહેવાનાં છીએ. થોડા દિવસમાં જ હું માર્ગારેટને બોલાવી જઈશ.

બાપુજી એને ટોરિંગ્ટન લઈ ગયા ત્યારે માર્ગારેટે જોયું કે, ઘરમાં બે બીજાં ભાંડરુ પણ રમે છે. એક બહેન છે. એનું નામ મે. એક નાનકડો ભાઈલો છે. એનું નામ રિચમંડ.

માર્ગારેટ થોડા દિવસ તો આ ભાંડરુ સાથે રમી. પછી એણે પિતાને કહ્યું, 'બાપુજી, તમે દીનદુઃખિયાંની સેવા કરો છો, એવું દાદીમા કહેતાં હતાં. મને તમારી સાથે લઈ જાવ ને !'

પિતાએ થોડોક વિચાર કર્યો. પછી કહ્યું, 'ભલે, તું કાલે મારી સાથે આવજે.'

અને બીજે દિવસે માર્ગારેટ પિતાજી સાથે ગામની ગરીબ વસ્તીમાં ગઈ. ત્યાં વસતા હતા મજૂરો, જે શેઠિયાઓનાં કારખાનાંઓમાં કામ કરતા. બદલામાં એમને થોડો પગાર મળતો. એ લોકો માંડ માંડ જીવતા રહે એટલો જ પગાર શેઠિયાઓ એમને આપતા. એમનાં ઘર નાનકડાં

હતાં. ગંદાં હતાં. એમનાં છોકરાં ચીંથરેહાલ અને દૂબળાં, માંદલાં, અભણ હતાં. એમની શેરીઓ સાંકડી હતી અને એમાંથી ગંદા પાણીની નીકો વહેતી હતી.

સેમ્યુઅલ નોબલ એ બધાંને નહાવાનું કહે છે, ઘર સાફ રાખવાનું કહે છે, લૂગડાં ભલે થીગડાંવાળાં હોય પણ એ ધોઈને પહેરતાં શીખવે છે. બાળકોને થોડું થોડું ભણાવવાની કોશિશ પણ કરે છે. બીજું તો એ શું કરી શકે ? એમની હાલતમાં ધરમૂળથી સુધારો કરવાનું તો એમના હાથમાં નથી. એ છે ખાલી પાદરીબાવા અને એમનો પગાર પેલા શેઠિયાઓના દાનમાંથી જ આવે છે !

માર્ગારેટ પિતાની સાથે આ ગરીબ વસ્તીમાં ઘૂમતી રહી. એના નાનકડા દિમાગમાં એક ગૂંચ પડી ગઈ. એણે જોયું કે કેટલાંક લોકો સુખમાં ને એશઆરામમાં જીવે છે. જ્યારે કેટલાંક ગંદાંગોબરાં ઘરોમાં પશુઓની જેમ જીવન વિતાવે છે. પોતે પાદરીની દીકરી હતી ખરી ને, એટલે દયાથી દિલ ઊભરાઈ ગયું. આ ગરીબો માટે 'કાંઈક' કરી છૂટવાની તમન્ના જાગ્રત થઈ.

ઘર બહારની જિંદગી સાથેનો માર્ગારેટનો આ પહેલો પરિચય.

એવામાં એક એવો પ્રસંગ બની ગયો કે જેણે માર્ગારેટના જીવનને ઘડવામાં મોટો ફાળો આપ્યો.

પિતા સેમ્યઅલ એકાએક બીમાર પડી ગયા. રોજના અઢાર અઢાર કલાકની મહેનતે એમના શરીરને ઘસી નાખ્યું હતું. ઘણા લોકો એમની ખબર કાઢવા આવતા. એમાં એક ઘરડા પાદરીબાવા આવ્યા. એ ઘણાં વરસો સુધી ભારતમાં કામ કરી આવ્યા હતા.

એમણે સેમ્યુઅલના ઓરડામાં જ રમતી માર્ગારેટને જોઈ. એની વિશાળ અને માયાળુ આંખો જોઈ. એનું તેજસ્વી કપાળ જોયું. પિતાનો

પડ્યો બોલ ઝીલવાની એની તૈયારી જોઈ. એ બોલી ઊઠ્યા, 'સેમ્યુઅલ, તું માને કે ન માને પણ તારી આ છોકરી ભારે સેવાભાવી થશે. અને એટલી બધી સેવાની આજે ભારત દેશને જરૂર છે. એટલે મને લાગે છે કે એ જરૂર ભારત જશે.'

સેમ્યુઅલ નોબલને આ વાત સાંભળીને ખૂબ આનંદ થયો. એમણે માતા મેરીને નજીક બોલાવ્યાં અને કહ્યું, 'જો, આપણી માર્ગારેટ મોટી સાધ્વી બનવાની છે. એને બરાબર ભણાવજે. કદાચ એને ભારત જવાનું થાય તો એના મારગમાં આડી ન આવીશ.'

માતા મેરીએ વચન આપ્યું કે હું કદી માર્ગારેટના રાહમાં રુકાવટ ઊભી નહિ કરું.

આ પછી તરત જ સેમ્યુઅલ નોબલનું અવસાન થયું. એ વેળા એમની ઉંમર ફક્ત ચોત્રીસ વરસની હતી. લોકસેવામાં જાત ઘસી નાખનાર એ પિતાની આજીવન ટકે એવી અસર માર્ગારેટના મન ઉપર પડી હતી.

પતિના મૃત્યુ પછી મેરીએ ઇંગ્લૅન્ડ છોડી દીધું, કારણ કે નાનાં નાનાં બાળકો સાથે એકલાં રહેવું મુશ્કેલ હતું. એમણે મોટી દીકરીઓને એક ધાર્મિક શાળામાં મૂકી અને પોતે નાના દીકરા સાથે આયર્લૅન્ડ ચાલ્યાં ગયાં.

આ ધાર્મિક શાળામાં માર્ગારેટે સારા અને સંયમી જીવનની તાલીમ લીધી. ઈ.સ. ૧૮૮૪માં શાળાની છેલ્લી પરીક્ષામાં પાસ થઈને એણે શિક્ષિકાની નોકરી સ્વીકારી. માતા અને ભાઈ-બહેનને બોલાવી લીધાં. બાળકોને ભણાવવામાં, નવી નવી શૈક્ષણિક પદ્ધતિઓ શીખવવામાં અને ગરીબ લોકોને બને તેટલી મદદ કરવામાં એણે દિવસો વિતાવવા માંડ્યા.


પણ એના મનને ક્યાંય ચેન પડતું નહોતું. પોતે નોકર છે. તે પૂરતું ન હોય અને પોતાનું મન રૂંધામણ અનુભવતું હોય એવું એને લાગ્યા કરતું. એટલે જ છ વરસમાં ચાર ગામ બદલતી આખરે ઈ.સ. ૧૮૯૨માં લંડન શહેરમાં જઈ પહોંચી.

અને લંડન શહેરમાં આખરે એને એક એવા માણસનો પરિચય થયો જેણે માર્ગારેટને ભારત ભણી આકર્ષિત કરી. એ માણસ સ્વામી વિવેકાનંદ. ઈ.સ. ૧૮૯૫માં તેઓ લંડન આવ્યા અને માર્ગારેટ એમની શિષ્યા બની ગઈ.

એ પછીની માર્ગારેટની જિંદગી પણ જાણવા જેવી છે. ભારતનાં ભગિની નિવેદિતા બનેલાં એ મહાન નારીનું પૂરું જીવનચરિત્ર તમને વાંચવા મળે તો જરૂર વાંચી જજો.

જગતમાં તમારો કોઈ મિત્ર નથી કે શત્રુ નથી. તમારું વર્તન જ મિત્ર કે શત્રુ બનાવવા જવાબદાર છે.

**- ચાણક્ય**



# ૨૧.

**કચ્છના એક ગરીબ બ્રાહ્મણનો છોકરો આપબળે આગળ વધીને અમર બની ગયો.**

## શ્યામજી કૃષ્ણવર્મા

શામુ એનું નામ.

ચોપડે લખાય શામજી કે શ્યામજી.

કચ્છ-માંડવીના ભણસાળી બ્રાહ્મણ 'ભુલા'નો એ દીકરો. 'ભુલા'નું સાચું નામ તો કરસનદાસ હતું પણ ગરીબ માણસનું નામ લોકો ફાવે તેમ બગાડી કે ફેરવી શકતા હોય છે. કરસનદાસ ભણસાળીને સૌ 'ભુલો' ભણસાળી કહેતા.

આ ભુલા ભણસાળીને ઘેર ઈ.સ. ૧૮૫૭ના વરસમાં દીકરો જન્મ્યો.

૧૮૫૭ એટલે બળવાનું વરસ. ભારતના પહેલા આઝાદી જંગનું વરસ. પરદેશીઓ સામે બંદૂકો તાકવાનું વરસ. એની બળવાખોરીની હવા દેશભરમાં ફેલાઈ ગયેલી. એ હવા ભણસાળીના નવા જન્મેલા દીકરાનેય લાગી ગઈ હશે. કારણ કે મોટા થઈને એ એક મહાન

ક્રાંતિકારી દેશભક્ત બન્યો. અંગ્રેજોની ગુલામીમાંથી દેશને છોડાવવા માટે જીવનભર ઝઝૂમ્યો.

પણ એનું બાળપણ તદ્દન સામાન્ય રીતે વીત્યું હતું. એના જન્મ પછી તરત જ ઘરને ગરીબાઈએ ઘેરી લીધું હતું. તે એટલે સુધી કે એના બાપને બિચારાને વહાલું વતન છોડીને દૂર દૂર મુંબઈમાં મજૂરી કરવા જવું પડ્યું હતું. ઘેર શામુ, એની મા અને દાદીમા એટલાં જણ જ રહ્યાં હતાં. બિચારાં આમતેમથી લોટ માગીને પેટ ભરતાં. ભુલા ભણસાળી મુંબઈમાં કાંઈ લખલૂટ કમાણી કરતા નહોતા. એ તો મજૂરી કરીને થોડીક બચત કરી લેતા, તે કુટુંબને માંડ માંડ સહેજ ટેકારૂપ બનતી.

શ્યામુ નાનપણથી જ ચકોર હતો. એની વાણીમાં મીઠાશ હતી. એટલે માને લાગતું હતું કે છોકરો કદાચ ભણ્યેગણ્યે હોશિયાર બનશે.

એ પાંચ વરસનો થયો ત્યારે એને માંડવીની ધૂડી નિશાળમાં મૂકવામાં આવ્યો. સાથે સાથે બ્રાહ્મણના છોકરા તરીકે એણે સંસ્કૃત ભણવા માંડ્યું. એના શુદ્ધ ઉચ્ચાર અને સારી યાદશક્તિને કારણે એને શ્લોકો સારી પેઠે યાદ રહી જતા.

પણ શામુ દસ વરસનો થયો ત્યાં તો માતા ગુજરી ગઈ. બિચારાનો બાપ તો પરદેશ હતો. હવે એ નમાયો બની ગયો. એકલાં દાદીમાને આશરે એ જીવતો રહ્યો. કદાચ આટલી નાની ઉંમરમાં માતાની છત્રછાયા ગુમાવવાને કારણે શામુના મનમાં જવાબદારીની ભાવના કેળવાઈ. તદ્દન સાધારણ ઘરનાં છોકરાંમાં આવા જ કોઈ કારણસર તેજ ઝબકી જાય છે અને તેઓ ઇતિહાસમાં અમર બની જાય છે.

ભણતરના સમયનો સારામાં સારો ઉપયોગ કરતો શામુ રમતગમતમાં બહુ પરોવાતો નહિ. શરીરે જરા દૂબળો દેખાતો. તોફાન તો કદી કરતો નહિ. માત્ર નવું જ્ઞાન મેળવવાની કશીક પણ તક મળે

તો તરત ઝડપી લેતો.

એ બાર વરસનો હતો ત્યારે આવી એક તક મળી. ગામમાં એક સંન્યાસિની આવ્યાં. તેઓ દેશની યાત્રાએ નીકળ્યાં હતાં. શામુ એમનાં દર્શન કરવા ગયો. સંન્યાસિનીને શામુ પહેલી નજરે જ તેજસ્વી જણાયો. એમણે પૂછ્યું, 'દીકરા, તને શું ભણવું ગમે છે ?'

શામુ કહે, 'સંસ્કૃત.'

એટલે સંન્યાસિનીએ તેને સંસ્કૃત 'વિષ્ણુસહસ્રનામ' તેમજ 'સુબોધ સંસ્કૃત' નામનાં બે પુસ્તકો આપ્યાં. જેમ કોઈ દુકાળિયો માણસ રોટલો ઝાપટી જાય તેમ શામુએ આ બન્ને પુસ્તકો હૈયામાં ઉતારી લીધાં.

એટલામાં ભુલા ભણસાળી ઘેર આવ્યા. એમણે દીકરાની જ્ઞાન માટેની લગની જોઈ. એમને થયું કે છોકરાને જરાક આગળ ભણાવું. હાઈસ્કૂલનું ભણતર ભણાવું. કદાચ કોઈ રાજરજવાડામાં એને કારકુની મળી જાય તો સારી કમાણી થઈ જાય. એટલે એમણે શામુને ભુજની નિશાળમાં મૂક્યો.

ભુજમાં શામુને પહેલી જ વાર 'લાઈબ્રેરી' જોવા મળી. ભણતરની બેચાર પોથીઓ ઉપરાંત પણ સેંકડો - હજારો પુસ્તકો હોઈ શકે તેનો અહીં એને ખ્યાલ આવ્યો. એણે ઝપાટાબંધ આ પુસ્તકો વાંચવા માંડ્યાં. એનું મન ખીલી ઊઠ્યું.

અને ત્યારે જ એક એવો પ્રસંગ બની ગયો જેણે શામુની જિંદગીને નવો વળાંક આપી દીધો. કચ્છના એક શ્રીમંત માણસ મથુરદાસ લવજી ભુજની નિશાળ જોવા આવ્યા. એ નિશાળના મહેમાન હતા, એટલે એમની આગળ છોકરાઓના ભણતરની રજૂઆત થઈ. કિશોર શામુએ સંસ્કૃતના શ્લોકો ખૂબ શુદ્ધ ને સ્વચ્છ અવાજે ગાઈ સંભળાવ્યા. શેઠ પ્રસન્ન થઈ ગયા. એમણે આ છોકરાને આગળ ભણાવવા માટે મદદ

કરવાની તૈયારી બતાવી. એને મુંબઈ લઈ ગયા. ત્યાં 'ગોકુળદાસ કરશનદાસ પારેખ શિષ્યવૃત્તિ' એને અપાવી. એટલું જ નહિ, વિલ્સન હાઈસ્કૂલ નામની જાણીતી શાળામાં પ્રવેશ અપાવ્યો.

એ દિવસોમાં ભણતરનો બહુ પ્રચાર નહોતો. ખૂબ ધનવાન ઘરના છોકરા જ હાઈસ્કૂલ સુધી પહોંચતા. અને એમાંથી કોઈક કોઈક જ કૉલેજ જતા. એટલે વિલ્સન હાઈસ્કૂલમાં બધા ધનવાન ઘરના નબીરા હતા. એમની વચ્ચે દરિદ્ર બ્રાહ્મણના દીકરા શામુને જરાક અતડું તો લાગતું જ હતું. પરંતુ એની હોશિયારીને કારણે થોડા વખતમાં જ એ સૌનો પ્રીતિપાત્ર બની ગયો.

એ હંમેશાં પહેલો નંબર જાળવી રાખતો. સાથોસાથ જ એક શાસ્ત્રીજીની પાઠશાળામાં સંસ્કૃત પણ શીખતો. એને વિલ્સન હાઈસ્કૂલ પછી વધુ જાણીતી એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં પ્રવેશ મળ્યો. અહીં પણ એ હંમેશાં પહેલો રહેતો.

એક વાર એ જ શાળામાં ભણતા રામદાસ નામના વિદ્યાર્થીને એના શ્રીમંત પિતા શેઠ છબીલદાસ લલ્લુભાઈએ પૂછ્યું, 'તારા વર્ગમાં પહેલો નંબર કોનો આવે છે ?'

રામદાસે કહ્યું, 'શ્યામ ભણસાળી નામનો એક કચ્છી છોકરો છે.'

પિતાએ કહ્યું કે એ છોકરાને એક વાર આપણે ઘેર બોલાવી લાવજે.

શ્યામજી શેઠને ઘેર ગયો. શેઠ એને જોઈને રાજી થઈ ગયા. એમણે પોતાની તેર વર્ષની દીકરી ભાનુમતીનાં લગ્ન એની સાથે કરી આપ્યાં.

આ દરમિયાનમાં શ્યામજીને બે મહાપુરુષોનો પરિચય થયો. એક દયાનંદ સરસ્વતી. એમણે શ્યામજીની તેજસ્વિતા જોઈને કહ્યું કે સંસ્કૃતનો ખૂબ અભ્યાસ કર અને વિલાયત જઈને આપણા દેશની સંસ્કૃતિનો પ્રચાર કર. બીજા મળ્યા ભારત અંગેના જાણકાર અંગ્રેજ

વિદ્વાન મોનિયેર વિલિયમ્સ. તેઓ ઇંગ્લૅન્ડની ઑક્સફૉર્ડ યુનિવર્સિટીમાં સંસ્કૃતના પ્રાધ્યાપક હતા. શ્યામજીને એમણે ઇંગ્લૅન્ડ બોલાવ્યો. શ્યામજી ઈ.સ. ૧૮૭૯માં બાવીસ વરસની ઉંમરે ઇંગ્લૅન્ડ જવા ઊપડ્યો.

આમ, એક તદ્દન ગરીબ ઘરનો છોકરો મોટા મોટા જમીનદારો અને શેઠિયાઓને પણ મુશ્કેલ એવી વિલાયતની સફરે નીકળ્યો.

એની આ પછીની કથા તો બહુ રોમાંચક છે. તમારી લાઇબ્રેરીમાં શ્યામજી કૃષ્ણવર્માનું કોઈ લાંબું જીવનચરિત્ર હોય તો તે વાંચી લેજો. તમને એમાંથી જરૂર દેશસેવાની પ્રેરણા મળી રહેશે.

ખાનગીમાં બીજાની નિંદા કરવી એ પાપ છે. તમારે તેનાથી દૂર રહેવું. ઘણી ઘણી વાતો મનમાં ઊઠે પણ જો તમે તે વાણીમાં મૂકો તો ધીરે ધીરે તેમાંથી રજનું ગજ થાય છે. જો તમે ક્ષમાદૃષ્ટિ રાખી ભૂલી જાઓ તો બધી વાતનો અંત આવી જાય છે.

**- સ્વામી વિવેકાનંદ**



# ૨૨.

**જે દૂબળા છોકરાને એની માતાએ પડોશના છોકરા સાથે અદલબદલ કરવાની ઇચ્છા કરેલી, એ જ છોકરો માતા માટે અને એની માતૃભાષા માટે ગૌરવરૂપ બની ગયો !**

# ગોવર્ધનરામ ત્રિપાઠી

છોકરો સાવ દૂબળો-પાતળો હતો. માંદલો પણ એવો. શરીર તો સોટા જેવું અને પાછું સાવ ફિક્કું. એ જીવતો કેમ રહ્યો છે એની જ એની માને નવાઈ લાગે.

મા તો હતી ખખડધજ. ઘણી જ તંદુરસ્ત અને બળુકી. એને ઘણી વાર વિમાસણ થાય છે કે મારા જેવી બહાદુર સ્ત્રીનો છોકરો સાવ આવો સુકલકડી કેમ પાક્યો ? એને એવું પણ થાય કે આવા દૂબળા છોકરાને બદલે હૃષ્ટપુષ્ટ છોકરો મળી જાય તો ઉછેરવાની મજા આવે !

વિચાર આવ્યો એટલે એણે અમલ કરવાનું પણ નક્કી કર્યું. પાડોશનાં એક બહેનને ઘેર પણ એની સાથે જ એક દીકરો જન્મ્યો હતો. દૂબળા છોકરાની આ સબળ માતાએ તો જઈને પાડોશણને કહ્યું, 'મારો છોકરો તમે લઈ લો અને બદલામાં તમારો છોકરો મને આપો !'

પડોશણ તો આ વિચિત્ર વાત સાંભળીને આભી જ બની ગઈ. તાકી જ રહી પોતાના દીકરાનો અદલોબદલો કરવા આવેલી આ મા સામે !

પણ પેલીની ખોપરી ઉપર તો છોકરાઓના અદલાબદલાની ધૂન સવાર જ થઈ ગયેલી. એણે કહ્યું, 'તમારે જોઈએ તેટલાં નાણાં આપું. પણ મારા છોકરાની સામે તમારો છોકરો આપી દો.'

હવે પેલાં બહેનને સમજાયું કે આ કોઈ મશ્કરીની વાત નથી. એ હસી પડ્યાં. આ ઘેલી માતાને એમણે ઘણાં ઘણાં સમજાવ્યાં. કહ્યું કે જેમ આપણે લૂગડાં કે રાચરચીલાનો અદલોબદલો કરીએ તેમ છોકરાઓનો અદલોબદલો કરી ન શકાય. ઘણી સમજાવટ પછી પેલી માતાને ગળે વાત ઊતરી કે ગમે તેવો હોય આ મારો છોકરો છે. એમણે આ છોકરાને બને તેટલી સારી રીત ઉછેરવાનું નક્કી કરીને અદલાબદલાનો નિર્ણય ટાળી દીધો.

આ છોકરાનું નામ ગોરધન હતું. ગોરધનની માતાની આ કાંઈ એક જ વિચિત્રતા નહોતી. એણે તો દીકરાના જન્મ પહેલાં જ એનું વેવિશાળ પણ કરી નાખ્યું હતું !!

આ વાત ગઈ સદીની અધવચની છે. એ વેળા બાળલગ્નો તો ઘણાં થતાં. છોકરી છ-આઠ વરસની અને છોકરો આઠ-દસ વરસનો થતાં જ એનાં લગ્ન થઈ જતાં. પરંતુ જન્મ પહેલાંથી વેવિશાળની વાત તો અજબ કહેવાય.

પરંતુ ગોરધનની માતા શિવકાશી અજબ જ હતાં. એમની એક બહેનપણીને અને એમને બાળકો જન્મવાને હજુ વાર હતી ત્યારે જ એમણે બહેનપણીને કહેલું, 'જો, મારે ત્યાં દીકરો જન્મવાનો છે, અને મને લાગે છે કે તારે ત્યાં દીકરીનો જન્મ થશે. આપણે અત્યારથી જ એ બંનેનાં લગ્ન નક્કી કરી નાખીએ.'

પેલી બહેનપણી તો જરાક મૂંઝાઈ ગઈ ; છોકરાંઓના જન્મ પહેલાં જ વેવિશાળ ?

પરંતુ ગોરધનની માતા તો કહે કે તું ચિંતા ના કર. હું કહું છું એમ જ થશે. મારા દીકરા સાથે તારી દીકરીનાં લગ્ન કરવાનાં !

આ વાતમાં તો શિવકાશી સાચાં પડ્યાં. એમણે નક્કી કર્યા પ્રમાણે જ છોકરો-છોકરી જન્મ્યાં અને ગોરધન તેર વરસનો થયો ત્યારે એનાં લગ્ન એ જ છોકરી હરિલક્ષ્મી સાથે થયાં !

ગોરધન બહુ દૂબળો હતો, પરંતુ ભણવામાં હોશિયાર નીકળ્યો. બધાં જ માંદલાં છોકરાંઓની જેમ એ લાગણીશીલ પણ ઘણો. નાનો હતો ત્યારે ગામમાં માણભટ્ટ કથા કરવા આવે ત્યારે કથાના રસમાં ડૂબી જાય. ભીમની કથા આવે ત્યારે કૂદકા મારે પરંતુ દ્રૌપદીનાં દુઃખ સાંભળીને આંસુ સારે ! આવા છોકરા મોટા થઈને જો કલાકાર બને તો પોતાની કળા જરૂર દીપાવે. ગોરધને પણ આગળ જઈને લખવાની કળા અપનાવી. અને એક લેખક તરીકે એ અમર બની ગયો.

તમને જાણીને નવાઈ લાગશે કે એ બીજી ચોપડીમાં હતો ત્યારથી જ એણે કવિતા કરવા માંડેલી !

બનેલું એવું કે ગોરધન તો નડિયાદનો રહેવાસી હતો પરંતુ મનસુખરામ નામના એના એક કાકા મુંબઈ રહેતા હતા. આ કાકાને આ દૂબળા છોકરા ઉપર ભારે લાગણી હતી. આથી કાકા એને ઉછેરવા માટે મુંબઈ લઈ ગયેલા. અહીં જ ગોરધનને નિશાળમાં મૂક્યો. ગોરધન બીજા ધોરણમાં હતો ત્યારે એણે ચોપાઈ નામના છંદમાં એક કાગળ પોતાની માતાને લખ્યો !

ગોરધનની બીજા ધોરણની ચોપડીમાં એક કવિતા આવતી હતી. એનું નામ હતું ‘સારી ચોપડીઓ સોહાય’. આ કવિતા વાંચીને સારી

ચોપડીઓ વાંચવા તરફ એનું ધ્યાન વળેલું. નાની ઉંમરમાં જ એણે ભણતર સિવાયની ઘણી ચોપડીઓ વાંચવા માંડેલી. આજના વિદ્યાર્થીઓએ ખાસ સમજવા જેવી આ વાત છે. આજે તો આપણે ભણવાની ચોપડી અને એની બે-ત્રણ 'ગાઇડો' વાંચીને બેસી રહીએ છીએ. ગોરધને તો હાઈસ્કૂલમાં જ વિશ્વસાહિત્ય વાંચવા માંડેલું, અને એથી જ એ પોતાના શિક્ષકો સાથે પણ ગમે તે વિષય ઉપર ચર્ચા કરી શકતો !

આ બધા વાચનને પરિણામે જ ફક્ત વીસ વરસની ઉંમર એણે ભલભલા મહાપુરુષો જ કરી શકે એવા ત્રણ નિર્ણય કર્યા હતા : (૧) એલએલ.બી.ની પરીક્ષા પાસ કરીને વકીલ બનવું; (૨) સ્વતંત્ર વકીલાત કરવી, પરંતુ કોઈની નોકરી કરવી નહિ અને (૩) જીવનના ચાળીસમા વરસે વકીલાત પણ છોડીને સાહિત્યસેવા કરવી.

અને પાંચેક વરસ ન છૂટકે નોકરી કરવા સિવાય ગોરધને આ ત્રણે પ્રતિજ્ઞાઓ બરાબર પાળી. પાછલી જિંદગી આખી એણે સાહિત્યને અર્પણ કરી અને એક એવી નવલકથા લખી જે ગુજરાતી ભાષાની સૌથી પહેલી મહાન નવલકથા બની ગઈ. એ નવલકથા પ્રગટ થયા પછી લગભગ એકસો વરસ પછી આજે પણ વિદ્યાર્થીઓ એ ભણે છે અને નાગરિકો એ વાંચે છે.

તમે ઓળખી ગયા આ ગોરધનને ?

એનું પૂરું નામ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી. એમનો જન્મ ઈ.સ. ૧૮૫૫માં વિજયાદશમીના દિવસે નડિયાદમાં થયો હતો અને મૃત્યુ ઈ.સ. ૧૯૦૭ની ચોથી જાન્યુઆરીએ મુંબઈમાં થયું. એમણે અનેક ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત પુસ્તકો લખ્યાં, જેમાં ચાર ભાગમાં લખાયેલી નવલકથા 'સરસ્વતીચન્દ્ર' અમર કૃતિ બની ગઈ છે.



# ૨૩.

**એની ઈચ્છા હતી સાધ્વી બનવાની પરંતુ એક પાદરીને પરણ્યા પછી ધર્મ વિષેનો એનો ભ્રમ ભાંગી ગયો !**

## ઍની બેસન્ટ

આ એક એવી સ્ત્રીના બાળપણની વાત છે, જેણે મોટાં થઈને ભારતને વતન બનાવ્યું હતું. આ સ્ત્રીનું નામ ઍની.

ઍનીનો જન્મ ઈ.સ. ૧૮૪૭માં લંડન શહેરમાં થયો હતો. એનાં માતાપિતા સંસ્કારી હતાં. પિતા ગણિત, સાહિત્ય અને ફિલસૂફી જેવા વિષયો પર સારો કાબૂ ધરાવતા. માતા સરળ સ્વભાવની અને ધર્મશ્રદ્ધાળુ ગૃહિણી હતી. એની ધર્મશ્રદ્ધા પુત્રીને વારસામાં મળી હતી.

ઍનીનો પિતા બહુ પ્રેમાળ હતો. ઍનીને તો એ ખૂબ જ ચાહતો. ઍની પિતા પાસે ધારે તે કરાવતી એવી તો એ લાડકી હતી. એ ઘણી વાર પિતાને કહેતી કે મારી ઢીંગલીને ચૂમી ભરો. એટલે પિતા એની ઢીંગલીને ચૂમી લેતો.

પરંતુ ઍનીના જીવનમાં નાનપણથી જે કેટલીક વિચિત્ર ઘટનાઓ બનવા લાગી હતી. એ સાવ નાનકડી હતી ત્યારથી એને વિચિત્ર સપનાં

આવ્યા કરતાં. ઘણી વાર એ સપનામાં દિવ્ય પ્રકાશ જોતી, ઘણી વાર કમકમાટી ઊપજે તેવાં દૃશ્યો જોતી. બાળપણથી જ સ્વર્ગની ને નરકની ને એવી બધી વાર્તાઓ વાંચવા - સાંભળવાનું એ પરિણામ હતું.

ઍનીના મન પર ઊંડી અસર કરે એવો એક પ્રસંગ પાંચ વર્ષની ઉંમરે જ બની ગયો. એના પિતાને ક્ષય રોગ લાગુ પડ્યો. અને ઍનીની ઢીંગલીને છેલ્લી ચૂમી ભરીને પિતા અવસાન પામ્યા. તેઓ અવસાન પામ્યા એ તો ઠીક, પરંતુ ઍનીની ભોળા દિલની માતા ઉપર વિપરીત અસર કરતા ગયા. એમના અવસાન પછીની આખી રાત એ બાઈ એક ઓરડો અંદરથી બંધ કરીને અંદર પુરાઈ રહી. બીજે દિવસે ઘણી સમજાવટ પછી એ બહાર આવી. ત્યારે એ વિચિત્ર દેખાતી હતી. એની આંખો ચકળવકળ હતી. એના વાળ રાતોરાત લગભગ સફેદ થઈ ગયા હતા. અને સૌથી વિચિત્ર વાત તો એ હતી કે એ બાઈ કહ્યા કરતી હતી કે હું રાતમાં મારા પતિની કબર ઉપર ગઈ હતી. એમણે કહ્યું છે કે પુત્રી ઍનીને તારી પાસે રાખ ! દીકરા આલ્ફને મારી પાસે મોકલી દે !

પાંચ વરસની ઍનીને માટે આ બધી વાતો નવાઈજનક તો હતી જ પરંતુ એના મનમાં વિચિત્ર માન્યતાઓ પેદા કરે તેવી હતી. અધૂરામાં પૂરું આ પછી થોડા જ દિવસમાં ભાઈ આલ્ફ ગુજરી ગયો. એટલે ઍની મૃત્યુ પછીની જિંદગીમાં અને મરેલાઓ સાથેની વાતચીતમાં માનતી થઈ ગઈ.

પિતાના મૃત્યુ પછી ઍનીની માતાની હાલત ખરાબ થઈ ગઈ. ઘરમાં ખાસ કશી મિલકત તો હતી જ નહિ. બાળકોનું અને પોતાનું ગુજરાન ચલાવવું મુશ્કેલ હતું. આથી લંડન શહેર છોડીને એ હેરો શહેરમાં ચાલી ગઈ. ત્યાં એણે વિદ્યાર્થીઓ માટેનું એક છાત્રાલય શરૂ કર્યું. વિદ્યાર્થીઓને રહેવા-જમવાની સગવડ આપીને એણે કમાણી કરવા માંડી.

હેરો શહેરમાં ઍનીએ ભણતર શરૂ કર્યું. સાવ નાની ઉંમરે એણે કવિ મિલ્ટનનું ‘પૅરેડાઇઝ લૉસ્ટ’ (ગુમાવેલું સ્વર્ગ) નામની ભારેખમ કવિતા વાંચી હતી. એ કવિતાના કેટલાક ભાગ મોઢે કર્યા હતા. ઘરના બગીચામાં હરતાં ને ફરતાં ઍની આ કવિતા ગાયા કરતી. આ કવિતા ધાર્મિક છે. ઍનીના મનમાં પણ ધર્મના સંસ્કાર પડ્યા હતા. એને ખ્રિસ્તી સાધ્વી બનવાના કોડ હતા.

પરંતુ અઢાર વરસની નવયુવાન ઉંમરે જ એના જીવનમાં એક એવો પ્રસંગ બની ગયો કે ઍનીનું જીવન કડવું ઝેર બની ગયું અને ખ્રિસ્તી ધર્મમાંથી એનો વિશ્વાસ ઊઠી ગયો.

એ વરસે ઍની એક યુવાન પાદરીને મળી. પાદરી એની સુંદરતા ઉપર મોહી પડ્યો. ઇંગ્લૅન્ડમાં પ્રોટેસ્ટન્ટ પાદરીઓને પરણવાની છૂટ હોય છે. આ પાદરીએ ઍનીને કહ્યું, કે ચાલ, આપણે પરણી જઈએ. પરંતુ ઍની તો પોતે જ સાધ્વી બનવા માગતી હતી. એણે લગ્ન માટે ઘસીને ના પાડી દીધી. પેલો જુવાન પાદરી એમ માને એવો નહોતો. એ તો એની પાછળ ગાંડો બન્યો હતો. એણે ઍનીની માતા આગળ લગ્નની માગણી મૂકી. માતાએ પણ ઍનીને કહ્યુ કે લગ્ન કર. આથી બિચારી ઍનીનો છુટકો ન રહ્યો. એણે પાદરી સાથે લગ્ન કરવાની હા પાડી. એણે મન વાળ્યું કે પાદરીની પત્ની બનીને પણ ધર્મની સેવા સહેલાઈથી થઈ શકશે.

આમ, ઍની પરણી તો ખરી, પણ થોડા વખતમાં જ એનો સંસાર કડવો ઝેર બની ગયો. પેલો પાદરી તો ભારે લંપટ, ઝનૂની, નિર્દય અને પત્ની પર જોહુકમી ચલાવવાનો શોખીન હતો. ઍની બિચારી ધર્મિષ્ઠ હતી. બંને વચ્ચે બહુ ઝડપથી ઝઘડા થવા લાગ્યા. પાદરીએ ઍનીની દરેક પ્રકારની પ્રગતિ રૂંધવા માંડી. એક વાર એણે એક પુસ્તક લખ્યું તો પાદરીએ ગુમ કરી દીધું. એક વાર એક છાપામાં થોડી વાર્તાઓ છપાઈ,

તેના પુરસ્કારનાં નાણાં આવ્યાં તે પાદરીએ ઝૂંટવી લીધાં. એણે કહ્યું કે કોઈ પણ કમાણી પર પત્નીની માલિકી હોઈ ન શકે. બધી પતિની કમાણી ગણાય. અને એને સોંપી દેવી જોઈએ.

આ પછી તો બંને વચ્ચે ઘણા ઝઘડા થતા રહ્યા. ઍનીને બે સંતાનો થયાં પછી તો ઝઘડા પણ ખૂબ વધી પડ્યા. ઈસુ ખ્રિસ્ત અને ધર્મ ઉપર ઍનીની આસ્થા સાવ ચળી ગઈ. એ પતિથી વિખૂટી પડી ગઈ.

આ ઍની આખરે ઇંગ્લૅન્ડ છોડીને ભારત આવી. ભારતની સેવિકા બની રહી. એક વાર તો એ ભારતની રાષ્ટ્રીય કૉંગ્રેસની પ્રમુખ બની. આખી જિંદગી એણે ભારતની સેવામાં ગાળી. ૧૯૩૩માં એનું અવસાન થયું.

ભારતવાસીઓ તેને ઍની બેસન્ટ તરીકે ઓળખે છે. ધર્મસેવા અને લોકસેવા વચ્ચે આખી જિંદગી હાલકડોલક રહેલી ઍની બેસન્ટની જિંદગીની સંપૂર્ણ કથા પણ વાંચવા જેવી છે. કોઈ પુસ્તકમાંથી ઍનીની પૂરેપૂરી જીવનકહાણી મળી જાય તો વાંચી લેજો.

પ્રત્યેક માનવીએ પોતાના ખીસામાં ડાયરી અને પેન્સિલ રાખવી જોઈએ અને જે સદ્‌વિચારો આવે તે નોંધવા જોઈએ. જે અનાયાસ આવે છે તે ઘણું કરીને સૌથી વધુ કિંમતી હોય છે. એને સંભાળીને રાખવા જોઈએ કેમકે એ વિચારો વારંવાર આવતા નથી.

**- બેકન**



# ૨૪.

**એનો જન્મ થતાં અગાઉ જ પિતાનું અવસાન થઈ ચૂક્યું હતું ... મોટા ભાઈઓને આશરે અહીંતહીં ભટકતો એ મોટો થયો, પરંતુ પછી દેશની પહેલી હરોળના નેતાઓમાં સ્થાન પામ્યો.**

## મોતીલાલ નહેરુ

દીકરાનો જન્મ થાય તે પહેલાં તો પિતાનું અવસાન થયું. દીકરાએ જન્મીને કદી બાપનું મોં નિહાળ્યું નહિ. પણ આ દીકરો આપબળે આગળ વધ્યો અને દેશના પહેલી હરોળના નેતાઓમાં સ્થાન પામ્યો.

એનું નામ મોતીલાલ હતું. આખું નામ પંડિત મોતીલાલ ગંગાધર નહેરુ. સ્વતંત્ર ભારતના પહેલા વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના એ પિતાજી થાય. ખૂબ જ ધનવાન, વૈભવશાળી અને આબરૂદાર એ માણસ હતા. એમના જમાનામાં કહેવાતું કે પંડિત મોતીલાલ નહેરુનાં કપડાં પૅરિસમાં ધોવાય છે ! પોતાના જન્મ અગાઉ જ પિતાને ગુમાવી બેસનાર મોતીલાલે આટલી મોટાઈ કેવી રીતે હાંસલ કરી એની કહાણી વાંચવા જેવી છે.

નહેરુ કુટુંબના વડવાઓ મૂળે કાશ્મીરના રહેવાસી હતા. આ વડવાઓમાં રાજ કૌલ નામે એક પુરુષ બહુ જાણીતા બન્યા હતા. એ

સંસ્કૃત અને ફારસી ભાષાઓના અચ્છા વિદ્વાન હતા. એમની આ ખ્યાતિ સાંભળીને દિલ્હીના મુગલ બાદશાહ ફર્રુખસિયરે એમને દિલ્હી બોલાવ્યા. એ વાત ઈ.સ. ૧૭૧૬ની આસપાસ બની. બાદશાહે રાજ કૌલને દિલ્હી નજીક એક નહેરને કાંઠે જમીન અને મકાન આપ્યાં અને અહીં રહેવા વિનંતી કરી. આમ, નહેરને કાંઠે વસવાથી રાજ કૌલના કુટુંબીઓ 'કૌલ નહેરુ' કહેવાવા લાગ્યા. પછી ધીરે ધીરે 'કૌલ' અટક ભુલાઈ ગઈ અને 'નહેરુ' અટક રહી ગઈ.

જ્યારે ઈ.સ. ૧૮૫૭માં ભારતનો પહેલો આઝાદીજંગ આરંભાયો ત્યારે આ નહેરુવંશના પંડિત લક્ષ્મીનારાયણના દીકરા પંડિત ગંગાધર દિલ્હીના કોટવાળ હતા. આ આઝાદીજંગ નિષ્ફળ ગયો અને મુગલ સત્તાને વફાદાર એવા ઘણા લોકો એને કારણે બરબાદ થઈ ગયા. પંડિત ગંગાધરને પણ સહકુટુંબ દિલ્હી છોડવું પડ્યું. એમની પણ મિલકત, જૂના દસ્તાવેજ, જૂના કાગળપત્રો વગેરેનો આ દોડાદોડમાં નાશ થયો. એ લોકો ઘણી આફતો પાર કરીને આગ્રા પહોંચ્યા. પરંતુ નહેરુ કુટુંબની મુસીબતોનો હજુ અંત આવ્યો નહોતો. પંડિત ગંગાધર ઈ.સ. ૧૮૬૧માં ફક્ત ૩૪ વરસની ભરજુવાન ઉંમરે અવસાન પામ્યા. એ વેળા એમને બે પુત્રો હતો. એમનાં નામ પંડિત બંસીધર અને પંડિત નંદલાલ. એમનાં પત્નીને સંતાન થવાનું હતું અને પંડિત ગંગાધરના અવસાન પછી ત્રણ મહિને, ઈ.સ. ૧૮૬૧ના મેના છઠ્ઠા દિવસે એ સંતાનનો જન્મ થયો. એ જ પંડિત મોતીલાલ.

બંસીધર અને નંદલાલ હજુ તો નવયુવાનો હતા. ત્યાં તો કુટુંબનો ભાર એમને શિરે આવી પડ્યો. પરંતુ નહેરુ કુટુંબમાં ભણતરનું માહાત્મ્ય પહેલેથી જ વધારે હતું. બંને ભાઈઓને અંગ્રેજી સારું આવડતું હતું અને એ જમાનામાં અંગ્રેજ અમલદારો સાથે કામ પાડવા માટે રાજરજવાડાં અને જમીનદારોને આવા અંગ્રેજી જાણનારાઓની ઘણી જરૂર પડતી.

અદાલતમાં કેસ અંગ્રેજીમાં ચાલતા અને થોડુંક અમસ્તું અંગ્રેજી જાણનારા પણ વકીલ બની શકતા. આથી બંસીધર આગ્રામાં ન્યાય ખાતામાં જોડાયા અને નંદલાલ રાજસ્થાનના ખેતરી રાજ્યના દીવાન બની ગયા.

મોતીલાલ તથા તેમનાં માતા થોડો વખત બંસીધર સાથે આગ્રા રહ્યાં. પછી બંસીધરની બદલી જ્યાં જ્યાં થતી ગઈ ત્યાં ત્યાં એમની સાથે ફર્યાં. મોતીલાલ થોડો સમય આગ્રામાં ભણ્યા, તે પછી કાનપુરમાં ભણ્યા અને પછી અલ્લાહાબાદમાં ભણ્યા.

મોતીલાલને નાનપણથી જ પોતાની અસહાય દશાનો ખ્યાલ આવી ગયો હતો. એથી એમની બુદ્ધિ બહુ તીવ્ર અને નાજુક બની ગઈ હતી. જે કાંઈ ભણતા એમાં સારી કાબેલિયત મેળવી લેતા. પરંતુ તે પછી તોફાન પણ બહુ કરતા, કારણ કે એમને રોકટોક કરનાર પિતાજી તો હતા નહિ.

મોતીલાલ તોફાની કેમ બની ગયા એ વિષે એક લેખકે સરસ કારણ આપ્યું છે : તેમની બુદ્ધિ સારી હોવાથી અભ્યાસ કરવામાં બહુ શ્રમ ન પડતો. કાંઈ ભણવાનું હોય તે તરત શીખી જતા. ગૃહકાર્ય ચપટી વગાડતાં પૂરું કરી નાખતા. આને પરિણામે એ તરત જ નવરા પડી જતા અને તોફાન તેમજ નવા નવા ઉધમાત શરૂ કરતા ! શાળા અને કૉલેજમાં તોફાની ટોળીના એ આગેવાન રહેતા.

પરંતુ તોફાની એટલે ખાલી ખાલી ધીંગામસ્તી કરનારા નહિ. 'કમજોર ઔર ગુસ્સા બહોત' જેવા પણ એ તોફાની નહોતા. એમને નાનપણથી જ કસરતનો પણ શોખ હતો. એમણે નિશાળનો અભ્યાસ કાનપુરમાં કરેલો અને કાનપુર એ જમાનામાં અખાડાઓ તથા મલ્લકુસ્તીઓનું ધામ હતું. સતત કુસ્તી કરવાને કારણ તથા કસરતથી મોતીલાલનું શરીર કસાયું હતું. બાળપણની આ શરીરકેળવણી એમને

પાછલી અવસ્થામાં બહુ ઉપયોગી નીવડી.

આપણે આગળ કહ્યું તેમ, જન્મથી જ નબાપા હોવાથી મોતીલાલનો સ્વભાવ બહુ આળો બની ગયો હતો. નાનીનાની વાતો પણ એમના મન ઉપર ભારે અસર કરતી અને એ ગુસ્સે થઈ જતા. એમની બી.એ. ની પરીક્ષા વખતનો જ એક પ્રસંગ લઈએ.

બી.એ.ની પરીક્ષા માટે એ વખતે ઉત્તર પ્રદેશમાં ફક્ત આગ્રાનું જ એક કેન્દ્ર હતું. એટલે તેઓ આ પરીક્ષા આપવા માટે અલ્લાહાબાદથી ખાસ આગ્રા આવ્યા હતા. પરીક્ષા શરૂ થઈ. પહેલો જ પ્રશ્નપત્ર લખતાં જરાક મૂંઝાયા. લખ્યું તો હતું સારું પરંતુ દહેશત પેઠી કે જોઈએ તેટલા સારા જવાબ લખાયા નથી. હું જરૂર નાપાસ થઈશ !

આમ વિચાર આવવા માટે અને મન ઉદાસ કે નિરાશ બનવા માટે કશું કારણ નહોતું, પરંતુ મન જ એવું નાજુક હતું કે પરીક્ષામાંથી રસ ઊડી ગયો. પરીક્ષાના બાકીના બધા દિવસો દરમિયાન તેઓ પરીક્ષામાં બેસવાને બદલે જમના નદીને કાંઠે તાજમહેલમાં બેસી રહ્યા !

હકીકતમાં એમના પહેલા પ્રશ્નપત્રના જવાબો એટલા સારા હતા કે પ્રોફેસરો એમને અભિનંદન આપવા લાગ્યા. પરંતુ પછી જ્યારે એમને ખબર પડી કે મોતીલાલે બીજા પ્રશ્નપત્રો લખ્યા જ નથી, ત્યારે સૌ દુઃખી થઈ ગયા. એમણે આવું કરવા બદલ મોતીલાલને ઠપકો આપ્યો, પરંતુ એથી તો બી.એ.ની પરીક્ષા ઉપરથી મોતીલાલનું મન જ ઊઠી ગયું. એમણે વકીલ બનવાનું નક્કી કર્યું.

અને એવા તો પ્રખર વકીલ બન્યા કે દેશભરમાં એમનો ડંકો વાગી ગયો. એમણે દેશસેવાની પ્રવૃત્તિઓમાં કેવો અગ્રભાગ ભજવ્યો એની કથા પણ રસપ્રદ છે. એ પણ કદીક વાંચી જજો.



# ૨૫.

**નિશાળમાં શિક્ષકને સ્લેટ મારીને ભાગી આવ્યા અને વકીલાત કરવા લાગ્યા : 'છોકરા તે વળી માસ્તરને મારવાની હિંમત કરે !'**

## વિઠ્ઠલભાઈ પટેલ

ઘણી વાર એવું બને છે કે એક જ કુટુંબમાં નાનો ભાઈ ઘણો તેજસ્વી પાકે ત્યારે મોટો ભાઈ ગમે તેટલો નોંધપાત્ર હોય છતાં ઢંકાઈ જાય છે. તમને ખબર હશે કે અંધારિયાના પખવાડિયામાં દિવસના ભાગે ઘણુંખરું ચંદ્ર આકાશમાં જ હોય છે, પરંતુ સૂર્યના તેજ આગળ એ ઢંકાઈ જાય છે. બાકી એ જ ચંદ્ર જ્યારે સૂર્ય ન હોય ત્યારે કેટલો તેજસ્વી જણાય છે ! રૂસના રાષ્ટ્રપિતા લેનિનના મોટા ભાઈ એલેકઝાંડર કાંઈ જેવાતેવા રાષ્ટ્રભક્ત નહોતા. એમણે તો જુલ્મી રાજા ઝાર ઉપર બૉમ્બગોળો ફેંકેલો અને એ બદલ એમને ફાંસીની સજા પણ થયેલી. છતાં ઇતિહાસમાં એલેકઝાંડરનું નામ આપણે ભાગ્યે જ કદી વાંચીએ છીએ.

આપણા દેશના આઝાદીના ઇતિહાસમાં પણ એક એવી બંધુ-બેલડી જોવા મળે છે, જેમાં નાનો ભાઈ ખૂબ પ્રખર નેતા તરીકે જાણીતો થયો અને એનો મોટો ભાઈ પણ તેજસ્વી હોવા છતાં ઓછો જાણીતો બન્યો.

આ બંધુ-બેલડી તે આપણા ગુજરાતના વિઠ્ઠલભાઈ પટેલ અને વલ્લભભાઈ પટેલ. વલ્લભભાઈ નાના હતા. એ આગળ વધીને દેશના 'સરદાર', 'લોખંડી પુરુષ', 'ભારત-ઐક્યવિધાતા' અને પ્રથમ રાષ્ટ્રીય સરકારના નાયબ વડા પ્રધાન બન્યા. એમનાં ઘણાં જીવનચરિત્રો લખાયાં છે. એમના બાળપણની વાતો તો જરૂર વાંચવા મળશે. પરંતુ વિઠ્ઠલભાઈનો તમને બહુ પરિચય કદાચ નહિ થાય. બાકી વિઠ્ઠલભાઈની રાષ્ટ્રસેવા અને સિદ્ધિઓ પણ કાંઈ કમ નહોતી. એ આપણા દેશની એમના જમાનાની ધારાસભાના વડા બન્યા હતા. દેશની રાજકીય સંસ્થાઓના આગેવાન બન્યા હતા.

આ વિઠ્ઠલભાઈ પટેલના બાળપણની થોડીક વાતો અહીં વાંચીએ.

વિઠ્ઠલભાઈ પટેલનો જન્મ ખેડા જિલ્લાના કરમસદ ગામમાં ઈ.સ. ૧૮૭૩ના ઑક્ટોબરમાં થયો હતો. તેમના પિતાનું નામ ઝવેરભાઈ અને માતાનું નામ લાડબાઈ.

ઝવેરભાઈ પટેલ સાધારણ સ્થિતિના ખેડૂત હતા, પરંતુ એક વાતમાં તેઓ બીજા બધા કરતાં જુદા પડતા હતા. તેઓ જમાનાને ઓળખી ગયા હતા અને એ જમાનામાં ભણતરની ઘણી અગત્ય રહેશે એવું સમજતા હતા. એમણે છોકરાઓને બને તેટલું શિક્ષણ આપવાનું નક્કી કર્યું હતું. પોતે છોકરાઓને ખેતરે સાથે લઈ જાય ત્યાં પણ એમને આંક અને શબ્દો ગોખાવતા !

કરમસદની ભાગોળે એક જૂનું ખંડેર આવેલું હતું. એમાં ગામની નિશાળ બેસતી. વિઠ્ઠલભાઈએ પાંચ વરસની ઉંમરે એ નિશાળમાં એકડો ઘૂંટ્યો.

પરંતુ આ નિશાળ નાની હતી અને એમાં આગળ ભણતરની કશી સગવડ નહોતી. આથી બાજુના મોટા શહેર નડિયાદમાં રહેતા એમના

મામા ડુંગરભાઈ એમને પોતાને ઘેર તેડી ગયા.

નડિયાદમાં વિઠ્ઠલભાઈ બે રીતે ઝળકી ઊઠ્યા : એક તો હોશિયાર વિદ્યાર્થી તરીકે અને સાથોસાથ જ એક તોફાની છોકરા તરીકે ! હોશિયાર વિદ્યાર્થી કદી તોફાની ન હોય એવું ઘણા લોકો માને છે, પરંતુ વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈએ આ માન્યતા ખોટી પાડી છે. વિઠ્ઠલભાઈ તો માત્ર તોફાની નહિ, રખડુઓના સરદાર હતા !

પણ હતા જબરા ઉસ્તાદ. કદીક તોફાનમાં પકડાઈ જવાનો વખત આવે તો કેવી રીતે છટકી જવું એ પણ એમને આવડતું ! એક વાર એવું બન્યું કે એક શિક્ષકે એમને જરાક ધમકાવ્યા. વાંક એમનો જ હતો. પરંતુ વિઠ્ઠલભાઈને તો એવો ગુસ્સો ચડી આવ્યો કે શિક્ષકને છુટ્ટી સ્લેટ જ મારી દીધી ! એ પછી કાંઈ નિશાળમાં ઊભા રહેવાનું હોય ? દોડતા દોડતા ઘેર આવી ગયા અને ડાહ્યાડમરા થઈને મામા પાસે બેસી ગયા. જાણે નમ્રતા અને નાજુકાઈનો અવતાર.

થોડા જ વખતમાં શિક્ષક દોડતા દોડતા મામાને ઘેર આવ્યા. મામા આગળ ફરિયાદ કરી કે વિઠ્ઠલે મને છુટ્ટી સ્લેટ મારી છે.

મામાએ શિક્ષક સામે જોયું. નીચી નજરે નમ્રતાથી બેસી રહેલા વિઠ્ઠલ સામે જોયું અને પૂછ્યું, ‘વિઠ્ઠલ ! તેં માસ્તરને માર્યા ?’

ત્યારે વિઠ્ઠલભાઈએ ખૂબ જ નમ્ર અને રાંક અવાજે કહ્યું, ‘મામા ! છોકરાં તે કદી માસ્તરને મારતાં હશે ?’ બરાબર વકીલને શોભે એવો જવાબ !

મામાએ તેમને ખૂબ ધમકાવ્યા પરંતુ એથી કાંઈ વિઠ્ઠલભાઈનાં તોફાન ઓછાં ન થયાં.

તોફાની હતા, પરંતુ ભણતરમાં કદી પાછા પડતા નહોતા. એટલું જ નહિ, એકસાથે બેવડી જવાબ્દારીઓ પણ માથે રાખતા. તેઓ

મૅટ્રિકમાં હતા ત્યારે 'સ્કૂલ ફાઇનલ' (શાળાંત) નામની પરીક્ષા આપવાનો પણ એમને વિચાર થયો. એમણે એ બંને પરીક્ષાઓમાં બેસવાનું નક્કી કર્યું. બંનેની પરીક્ષા આપી. જોકે પહેલે વરસે તો બંનેમાં નાપાસ થયા પરંતુ પછીને વરસે બંનેમાં સારા ગુણથી પાસ થઈને જંપ્યા.

વિઠ્ઠલભાઈને પોતાનાં માતાપિતા માટે ઘણું માન હતું. પોતે નડિયાદ હતા ત્યારે અઠવાડિયે એક વાર તો માતાપિતાનાં દર્શન માટે જરૂર કરમસદ જઈ આવતા. કોઈક વાર એ રીતે જવાનું ન બને તો ઉદાસ બની જતા. પિતા ઝવેરભાઈ સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનતા. વિઠ્ઠલભાઈને વધારે પડતી ધર્મિષ્ઠતા ગમતી નહિ છતાં પિતાને કદી તેઓ ધર્મકાર્યમાં રોકતા નહિ. ઝવેરભાઈ જ્યારે પિસ્તાલીસ વરસના થયા ત્યારે એમને ધર્મની દીક્ષા લેવાનું મન થયું. એમણે વિઠ્ઠલભાઈને આ વિષે વાત કરી. વિઠ્ઠલભાઈ હજુ હમણાં જ વકીલ બન્યા હતા. નાનો ભાઈ હજુ ભણતો હતો. છતાં વિઠ્ઠલભાઈએ ઘરની બધી જવાબદારી પોતાને માથે ઉપાડી લીધી અને પિતાને દીક્ષા લેવાની છૂટ આપી દીધી.

વિઠ્ઠલભાઈ ફક્ત સોળ વરસના હતા ત્યારે એમનાં લગ્ન થઈ ગયેલાં. એ જમાનામાં તો લગ્ન બહુ નાની ઉંમરે થતાં. એને કારણે સંસારવ્યવહારનો ભાર પણ વિઠ્ઠલભાઈને માથે બહુ નાની ઉંમરે આવી પડ્યો હતો. આ ભાર પણ બહાદુરીથી ઉઠાવ્યો.

આ વિઠ્ઠલભાઈ પટેલ પછી તો બૅરિસ્ટર બન્યા, દેશના ખૂબ જાણીતા વકીલ બન્યા. ભારતના આઝાદીજંગના ઇતિહાસમાં એમનું નામ સોનેરી અક્ષરે લખાયેલું છે.



## ૨૬.

**એના જન્મ સમયે પિતા રાજકીય કારણોસર જેલમાં હતા અને કાકા નાસતા ફરતા હતા. આવા દેશપ્રેમી લડાયક કુટુંબનો દીકરો પણ મહાન દેશભક્ત બને એમાં શી નવાઈ ?**

# સરદાર ભગતસિંહ

ભારતના આઝાદીજંગમાં જેણે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું અને આજે જેની શહીદીને સૌથી વધુ માનથી સંભારવામાં આવે છે એવા એક મહાન પુરુષના બાળપણની આ કથા છે.

એનું મૂળ નામ ભગવાન. અથવા ભાગ્યસિંહ. એનો જન્મ ઈ.સ. ૧૯૦૭ના એપ્રિલમાં પંજાબના લાયલપુર જિલ્લાના જડાવવાલા તાલુકાના બંગા ગામમાં થયો હતો. રાજકીય બળવાખોરી એના કુટુંબમાં પેઢી-દર-પેઢી ઊતરી આવી હતી. તેના કાકા અજિતસિંહ 'કામાગાતામારુ' જહાજના વિખ્યાત બળવામાં સંડોવાયા હતા અને પોલીસ તેમને પકડવા ફરતી હતી. તેઓ ક્યાંક ગુપ્તવાસમાં નાસી ગયા હતા.

ભાગ્યસિંહના જન્મ સમયની આથી પણ વધુ મહત્ત્વની ઘટના તો એ હતી કે એના જન્મ સમયે ખુદ એના પિતા કિશનસિંહ જેલમાં હતા !

રાજકીય પ્રચાર કરવા બદલ અંગ્રેજ સરકારે તેમને લાહોરની જેલમાં ગોંધી દીધા હતા. એમને પુત્રજન્મના સમાચાર જેલમાં જ મળ્યા ! આવા પિતાનો પુત્ર મહાન દેશસેવક બને એમાં શી નવાઈ ?

ભગવાનનાં માતુશ્રીનું નામ વિદ્યાવતી હતું. એ પણ પતિ જેવાં જ દેશપ્રેમી હતાં. પતિ અને દિયરજી દેશની આઝાદી માટે અંગ્રેજો સામે લડી રહ્યા હતા એમાં વિદ્યાવતીજીનો પૂરો ટેકો હતો. એમને ભગવાન ઉપરાંત બીજા ચાર દીકરા અને ત્રણ દીકરીઓ હતાં. આ સંતાનોને પણ એમણે રાજકીય ચળવળમાં ભાગ લેતાં કદી રોક્યાં નહોતાં. સૌ સંતાનોમાં ભગવાન મોટો હતો. આ કારણે કુટુંબીજનો એને 'ભાઈજી'ના નામે પણ બોલાવતાં.

ભગવાનનાં જીવનનાં પહેલાં તેર વરસ બંગા ગામમાં જ વીત્યાં. સ્નેહાળ માતા અને વૃદ્ધ દાદાજીની છત્રછાયા નીચે ત્રણ વરસની ઉંમરે ઉર્દૂના અભ્યાસની શરૂઆત કરી. તેજસ્વી બુદ્ધિ અને ચપળ સ્વભાવને કારણે દાદા અર્જુનસિંહના એ લાડીલા બની ગયા હતા.

લાડકોડમાં ઊછર્યો હોવાથી ભગવાન શાળાને કેદખાનું સમજતો. એને નિશાળે જવું જરાય ન ગમતું. એક વાર તો ચોમાસાની ઋતુમાં એણે ખરી કરી. આકાશમાં વાદળાં છવાયાં હતાં અને મેઘની ગર્જના થતી હતી. ભાઈસાહેબ પાટી-પેન લઈને નિશાળા જવા નીકળ્યા ખરા, પણ થોડી જ વારમાં પાછા આવ્યા અને વિદ્યાવતીજીને કહેવા લાગ્યા: 'માતાજી, આ તો ભારે થઈ ! નિશાળનું મકાન પડી ગયું. કેટલાય છોકરા કચડાઈ ગયા. હવે ભણવા ક્યાં જવું ?'

પાંચ વરસના છોકરાનું આવું જૂઠાણું સાંભળીને વિદ્યાવતી નવાઈ પામી ગયાં. પણ એની કલ્પનાશક્તિ જોઈને ખુશ પણ થયાં.

એનો સ્વભાવ પહેલેથી જ તોફાની અને મારફાડિયો. નિશાળે જતાં

જેની ને તેની સાથે લડી પડે, વિનાકારણ તોફાનમસ્તી કરે અને પડોશનાં બાળકો ઉપર શિરજોરી કરે; નાનામોટા સૌને તુંકારે બોલાવે; વડીલોની શિખામણ ન માને. આ કારણે માતાને અને દાદાજીને ઘણુ દુઃખ થતું. પણ ભગવાન હતો બાળ કનૈયા જેવો. માતા એને ઠપકો આપે ત્યારે એકદમ રડી પડે અને માફી માગે, પરંતુ ઘરની બહાર નીકળે કે તરત ધમાચકડી શરૂ કરી દે.

પિતા જેલમાંથી છૂટીને આવ્યા ત્યારે એમણે ભગવાનને આવો ભારાડી બની ગયેલો જોયો. એમણે પુત્રને સખત ઠપકો આપ્યો. ત્યારે ભગવાને શું કર્યું, ખબર છે ? એ તો ઘર છોડીને રાવી નદીને કાંઠે જઈને બેઠો. બસ, ખુદ પિતા એને મનાવવા આવ્યા ત્યારે જ ઊઠ્યો.

પિતા એને એક બીજા કારણે પણ વઢતા. ભણવાનું તો એણે સાવ છોડી દીધું હતું. આખરે પિતાએ કહ્યું કે જે દિવસ તું આખો દિવસ ભણીશ તે દિવસે સાંજે તને હલવો ખાવા આપીશું. આખરે હલવાની આશામાં ભગવાને ભણવા માંડ્યું ખરું પરંતુ ૧૩ વરસની ઉંમર સુધીમાં એણે માંડ પાંચ ચોપડીનું ભણતર પૂરું કર્યું હતું.

એ વેળા કિશનસિંહ લાહોરમાં રહેવા ગયા હતા. અને એમણે વીમા એજન્ટનું કામ શરૂ કર્યું હતું. એમણે વધુ ભણતર માટે ભગવાનને પોતાની પાસે બોલાવી લીધો. અહીં પિતાની સતત દેખરેખ હેઠળ ભગવાને ભણતરમાં વધુ ચિત્ત પરોવ્યું. લાહોરની દયાનંદ ઍંગ્લો વર્નાક્યુલર હાઈસ્કૂલમાં ભગવાને મૅટ્રિક સુધી અભ્યાસ કર્યો. આ વરસોમાં એણે સખત મહેનત કરી. એ મૂળે ઠોઠ હતો જ નહિ. બંગામાં માતા અને દાદાજીના લાડકોડને કારણે એ તોફાનો કરતો એટલું જ. અહીં લાહોરમાં તો એ દરેક વરસે સ્કૉલરશિપ મેળવતો. પહેલા બે-ત્રણ નંબરોમાં સ્થાન જાળવી રાખતો.

લાહોરમાં ભગવાનનો ઘણો વિકાસ થયો. અહીં એને મોટું બધું પુસ્તકાલય મળ્યું. અહીં એણે રાજકીય અને સાંસ્કૃતિક ચળવળો પણ જોઈ. સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ, દયાનંદ સરસ્વતીનાં લખાણો એણે વાંચ્યાં. લાલ લજપતરાય જેવા દેશભક્તોને જોવા-સાંભળવાની પણ એને તક મળી. લાલ લજપતરાય અને કાકા અજિતસિંહ મિત્રો હતા. બંનેને સરકારે ૧૯૦૭માં સાથે જ હદપાર કરેલા. પછી અજિતસિંહ આખી જિંદગી બ્રાઝિલ દેશમાં રહ્યા અને ત્યાં બેઠા બેઠા ભારતની આઝાદી માટે કોશિશો કરતા રહ્યા.

દેશભક્તિના આ વાતાવરણે ભગવાન ઉપર કેવી અસર કરી હતી તે બતાવતો એક પ્રસંગ છે.

લાહોરમાં એક વખત સરદાર કિશનસિંહના મિત્ર લાલા પીંડીદાસે ભગવાનને પૂછ્યુંઃ 'ભાઈ, મોટો થઈને તું શો ધંધો કરીશ ?'

ભગવાને કહ્યું : 'આપણે તો દુકાન કરીશું અને મજા કરીશું !'

લાલા પીંડીદાસે પૂછ્યું : 'દુકાનમાં શું વેચીશ ?'

આ વિચિત્ર બાળકે પટ કરતો જવાબ આપ્યો, 'આપણે તો બંદૂકો વેચવાના,'

'શા માટે?'

ભવિષ્યમાં બંદૂકોની બાજી ખેલનારા આ તરવરિયા અને ઉત્સાહી કિશોરે જવાબ આપ્યો, 'મારા બાપુને અને કાકાને સતાવનારાઓને રંજાડવા માટે બંદૂકો તો જોઈશે ને !'

એ વખતે તો વડીલોને ભગવાનની આ વાતો એક કિશોરની કલ્પનાઓ જેવી જ લાગતી, પરંતુ ભગવાનના દિલમાં ધીરે ધીરે ક્રાંતિકારી અને બળવાખોર વિચારો ઘર કરવા લાગ્યા હતા. હવે એણે રાવીને કાંઠે ભરાતી લાલ લજપતરાયની સભાઓમાં નિયમિતપણે જવા

માંડ્યું હતું. એ દરમિયાન ગાંધીજીએ અસહકારનું આંદોલન ઉપાડ્યું. વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય શાળાઓમાં જવાનો આદેશ આપ્યો. ભગવાને તરત જ એંગ્લો વર્નાક્યુલર હાઈસ્કૂલ છોડી દીધી અને લાલા લજપતરાયની નેશનલ કૉલેજમાં દાખલ થઈ ગયો.

લાહોરમાં એને એક અજબ દોસ્ત મળી ગયો. દોસ્ત તો અગનગોળા જેવો હતો. એનું નામ સુખદેવ. એ પ્રખર રાષ્ટ્રવાદી હતો. ભગવાન કરતાં પણ એની દેશભક્તિની તમન્ના એક તસુ ઊંચી હતી. એ અભ્યાસુ પણ ખૂબ હતો. રૂસ દેશમાં થયેલી કામદાર-કિસાનોની ક્રાંતિની વાતો એણે વિગતે વાંચી હતી. ત્યાંની જેમ જ અહીં પણ બૉમ્બ-બંદૂક વડે દુશ્મનને મારી હટાવવાનાં સ્વપ્નાં એ જોતો હતો. કહેવાય છે કે સુખદેવ 'ક્રાંતિકારીઓનું મગજ' હતો.

આ બન્ને જણાને અજબ સ્નેહ બંધાઈ ગયો હતો. બંને હંમેશાં સાથે ને સાથે રહેતા. સુખદેવની કામગીરી જાણી-સાંભળીને ઘણી વાર સરદાર કિશનસિંહ એને કહેતા, 'બેવકૂફ, તું તો ફાંસીએ લટકીશ અને મારા ભગવાનને પણ લટકાવીશ. માટે જરા ડાહ્યો થા.'

પરંતુ આ કિશોરો ડાહ્યા થવાનું સમજ્યા કે શીખ્યા ક્યાં હતા ? એ તો જેમ જેમ મોટા થતા રહ્યા તેમ તેમ ભારતમાતાની આઝાદી માટે વધુ ને વધુ તીવ્ર ઝંખના કરતા રહ્યા. આખરે સુખદેવ અને રાજગુરુ સાથે ભગવાન પણ ૧૯૩૧માં ફાંસીને માંચડે લટકી ગયો. એ મિત્રોનાં સાહસોની કથા પણ કોઈ ઓર જ છે.

આ ભગવાન બીજો કોઈ નહિ, ઇતિહાસમાં શહીદ વીર ભગતસિંહ નામે ઓળખાયેલો ભારતમાતાનો મહાન સપૂત.



# ૨૭.

"મારું નામ 'આઝાદ !' મારા બાપનું નામ 'સ્વાતંત્ર્ય !' રહેઠાણ 'જેલખાનું !' "

# ચન્દ્રશેખર આઝાદ

જે મહાન અને અમર શહીદોનાં બલિદાનના પ્રતાપે આપણને આઝાદી મળી છે તેમાં સરદાર ભગતસિંગ, ચન્દ્રશેખર 'આઝાદ', સુખદેવ, રાજગુરુ વગેરેનાં નામ આગળ પડતાં છે.

આમાંના એક ચન્દ્રશેખર 'આઝાદ' તો ખૂબ જ બહાદુરીથી જીવ્યા અને એટલી જ બહાદુરીથી લડતા લડતા મર્યા. મજાની વાત એ છે કે તેઓ એક એવા કુટુંબમાં જન્મ્યા હતા કે જેની પ્રણાલિકા લડાઈની જરાય હતી જ નહિ !

ચન્દ્રશેખરના પિતાનું નામ પંડિત વૈજનાથ. તેઓ વારાણસી (કાશી)ના રહેવાસી હતા. કર્મકાંડી બ્રાહ્મણ હતા. કાશીના વૈજનાથ ટોલા નામના લત્તામાં તેઓ રહેતા. અહીં તેઓ વર્ષોથી રહેતા અને બ્રાહ્મણો જે જાતના કર્મકાંડ, પૂજાવિધિ વગેરે ઉપર જીવે છે તે જ રીતે જીવતા. એમને ત્યાં ચંદ્રશેખરનો જન્મ ૧૯૦૭માં થયેલો.

ચન્દ્રશેખર પણ બાળપણમાં સંસ્કૃત પાઠશાળામાં જ ભણવા બેઠા હતા. તેઓ પણ એક વિદ્વાન બ્રાહ્મણથી વિશેષ કશું ન બનત, જો એ જ વેળાએ દેશની આઝાદી માટેની ચળવળ જોશભેર ચાલતી ન હોત તો !

બાળકના ઉછેર ઉપર અને એના ભાવિ ઉપર વાતાવરણની પણ અસર પડે છે. ચન્દ્રશેખર પણ બાર-તેર વરસના હતા ત્યારથી ચળવળો જોરશોરથી ચાલવા લાગી હતી. સરઘસો નીકળે. સભાઓ થાય. અંગ્રેજી દમનના સમાચારો આવે. બંગાળના ક્રાંતિકારી જુવાનો બંદૂકો અને બૉમ્બ વડે અંગ્રેજોનો સામનો કરતા હતા તેના સમાચાર પણ આવ્યા કરે. નાના ચન્દ્રશેખરને પણ આઝાદીના જંગમાં ઝુકાવી દેવાનાં સોણલાં આવે.

એટલામાં ઈ.સ. ૧૯૨૧ની સાલ આવી. મહાત્મા ગાંધીજીએ અંગ્રેજો સાથે અસહકાર કરવાનું એલાન આપ્યું. સરકારી વહીવટમાં કોઈ ક્ષેત્રે સરકારને સહકાર આપવો નહિ, એવું એ એલાનનું સૂત્ર હતું. વકીલોએ કોર્ટો છોડી. ઑફિસરોએ નોકરીઓ છોડી. વિદ્યાર્થીઓએ શાળા-કૉલેજ છોડી.

આ વેળા ચન્દ્રશેખર એક સંસ્કૃત પાઠશાળામાં હતા. એમણે તેમાં હડતાળ પડાવી. એટલું જ નહિ, એ તો બીજી પાઠશાળાઓમાં પણ ઘૂમી વળ્યા. બધે જ એમણે હડતાળ પડાવી. પોતે કૉંગ્રેસના સ્વયંસેવક બન્યા. પોતાના જેવડા કિશોરોની ટોળી જમાવી.

ભારતની પ્રજા માટે આ નવી જ જાતનું આંદોલન હતું. એમાં આગળ પડતો ભાગ લેનારને માથે ઘણી આફતો આવી પડતી. પોલીસ એને પકડી જતી. ખૂબ મારતી. એનાં કુટુંબીઓ પણ હેરાનપરેશાન થઈ જતાં. પોલીસ એમને પણ છોડતી નહિ. બીજી બાજુ કાયર સગાંવહાલાં અને પડોશીઓ પણ આવા આંદોલનમાં પડનારા સાથે સંબંધ રાખતાં નહિ. એમને ડર લાગતો કે કદાચ પોલીસ અમને પણ હેરાન કરશે !

ચન્દ્રશેખર આવા કશા ભયથી ડરી જાય તેવા નહોતા. ફક્ત ૧૪ વરસની ઉંમરમાં આઝાદી માટેની એમની તમન્ના અને વિચારો પાકટ બની ગયાં હતાં. એમણે જરાય ડર્યા વગર ખુલ્લેઆમ વિદ્યાર્થીઓને આઝાદીજંગમાં જોડાવા માટે પ્રેરવા માંડ્યા.

આને પરિણામે કાશીમાં પાંચ-સાત વિદ્યાર્થીઓની ધરપકડ થઈ. એમાં ચન્દ્રશેખર એક હતા. પોલીસે એને પકડીને ન્યાયાધીશ આગળ રજૂ કર્યા.

નિયમ પ્રમાણે ન્યાયાધીશે ચન્દ્રશેખરને એમનું નામસરનામું પૂછ્યું.

એનો ચન્દ્રશેખરે જે જવાબ આપ્યો તે એ પછીનાં પચીસેક વરસ સુધી ભારતીય કિશોરો અને યુવકો માટે પ્રેરણારૂપ બની ગયો હતો, અને પછી આ રીતે પકડાયેલા હજારો કિશોરો અને યુવકોએ પોલીસને આવા જ જવાબો આપ્યા હતા.

આઝાદીના મતવાલા ચન્દ્રશેખરે કહ્યું : 'મારું નામ છે 'આઝાદ.' મારા પિતાનું નામ છે 'સ્વાતંત્ર્ય.' અને મારું રહેઠાણ છે 'જેલખાનું' !'

અંગ્રેજી જમાનાનો ન્યાયાધીશ ! એ તો આવો જવાબ સાંભળીને રાતોપીળો થઈ ગયો. એણે આ ઉદ્ધત છોકરાને ૧૫ સોટીઓ લગાવવાની સજા કરી.

ચન્દ્રશેખર ઉપર તડાતડ જોરદાર સોટીઓ વીંઝાવા લાગી. પરંતુ એ તો હસતે મોંએ સોટીમાર સહેતા રહ્યા. દરેક સોટી વાગે અને એ સૂત્ર પોકારે : 'વંદે માતરમ્ !' 'મહાત્મા ગાંધીકી જય !'

અંતે સોટીમાર સહન ન થયો ત્યારે બેભાન બનીને ઢળી પડ્યા. એમના મોંમાંથી લોહી વહેવા લાગ્યું. એમનું શરીર સૂજી ગયું. ક્યાંક સોટીમારથી ચામડી ચિરાઈ ગયેલી અને એમાંથી લોહીની ટશરો ફૂટી.

છતાં એમણે આંખમાંથી આંસુ ન સાર્યું. વેદનાની ફરિયાદ ન કરી. બેહોશી દૂર થઈ અને ભાનમાં આવ્યા કે તરત જ જાતે ઊભા થઈને ઘર ભણી ચાલી નીકળ્યા.

કાશી એ વખતે કાંઈ બહુ મોટું શહેર નહોતું. ચન્દ્રશેખર જેવા ફક્ત ૧૪ વરસના કિશોરને થયેલી ભયંકર સોટીમારની સજાના ખબર આખા શહેરમાં ફેલાઈ ગયા. આખું શહેર એની ખબર કાઢવા મટે ઊમટી પડ્યું. લોકોએ તેને સન્માનવા બીજે દિવસે એક સભા બોલાવી.

બીજા દિવસ સુધીમાં તો ચન્દ્રશેખરે પેલા ન્યાયાધીશને આપેલા જવાબની પણ સૌને ખબર પડી ગઈ હતી. એ જ દિવસથી એમનું નામ 'આઝાદ' પડી ગયું. આજે પણ એમનું નામ હંમેશાં ચન્દ્રશેખર 'આઝાદ' જ લખાય છે.

બીજે દિવસે સભા મળી. કિશોર ચન્દ્રશેખરની હિંમત અને બહાદુરી તથા આઝાદીની તમન્નાને બિરદાવતાં ભાષણ થયાં. પરંતુ એક મુસીબત નડી. ચન્દ્રશેખર જરા બેઠી દડીનો બાંધો ધરાવતા હતા, અને ઉંમર પણ નાની, એટલે સભામાં આવેલા સૌ કોઈ તો એમને જોઈ પણ શકતા નહોતા. એટલે એમને એક મેજ ઉપર ઊભા કરવા પડ્યા !

'આઝાદ'ને એ દિવસે સોટીમારથી જે ઘા વાગેલા તે જગાએ કાયમનાં ચાઠાં રહી ગયાં. તેઓ પોલીસની સેંકડો ગોળીઓથી વીંધાઈને અવસાન પામ્યા, ત્યાં સુધી આ ચાઠાં એમના શરીર ઉપર દેખાતાં.

જોકે વધુ ઊંડા ઘા તો એમના હૃદયને વાગ્યા હતા. ગાંધીજીએ તો અહિંસક લડત કરવાનું કહ્યું હતું, પરંતુ સામે અંગ્રેજી પોલીસરાજ અહિંસામાં માનતું નહોતું. એ તો ૧૪ વરસના કિશોરને પણ તે બેહોશ બની જાય અને લોહીલુહાણ બની જાય ત્યાં સુધી મારતું હતું. સેંકડોને ગોળીએ મારતું હતું. એની સામે તો એવાં જ શસ્ત્રો અજમાવવાં

જોઈએ. અંગ્રેજો આપણા એક ભાઈને મારે તો આપણે બે અંગ્રેજોને મારવા જોઈએ.

'આઝાદ' આટલી નાની ઉંમરે આવા વિચારો કરતા થઈ ગયા અને એમણે ગાંધીવાળાઓનો સાથ છોડી દીધો.

એ તદ્દન સાચા સાબિત થયા, કારણ કે એ પછી થોડા જ વખતમાં ગાંધીજીએ તો અસહકારની લડત જ સંકેલી લીધી. એ પછી વરસો સુધી ગાંધીજીએ કશી નવી લડતનો આદેશ આપ્યો નહિ. આથી 'આઝાદ' જેવા ગરમ લોહીના નવજુવાનો અકળાઈ ગયા. એમણે બૉમ્બ-બંદૂક મારફતે આઝાદી મેળવવાનો રાહ નક્કી કર્યો. 'આઝાદ' ફક્ત સત્તર વરસના હતા ત્યારે 'હિન્દુસ્તાન રીપબ્લિકન આર્મી' નામના એક ગુપ્ત દળમાં જોડાઈ ગયા.

આ દળનો ઇતિહાસ આમ તો સાત જ વરસનો છે, પરંતુ ભારતના ઇતિહાસના ઘડતરમાં એનો હિસ્સો ઘણો મોટો છે. મોટા થઈને તક મળે તો તે જરૂર વાંચજો.

'આઝાદ' તો લાંબું જીવ્યા નહિ. ૧૯૩૧ની ૨૩મી ફેબ્રુઆરીએ પોલીસ દળ સાથે એકલે હાથે ખૂંખાર ઝપાઝપી કરીને એ શહીદ થઈ ગયા. પરંતુ આપણે આગળ જોયું તેમ, કિશોર ઉંમરે એમણે ન્યાયાધીશને આપેલો જડબાતોડ જવાબ અને એમનું આખું જીવન એક આખી પેઢી માટે પ્રેરણારૂપ બની ગયાં.



# ૨૮.

**પિતા અંગ્રેજોના ભક્ત હતા પરંતુ પુત્રે તો અંગ્રેજ માલિકો સામે લડવાની પ્રતિજ્ઞા કરી !**

## સુભાષચન્દ્ર બોઝ

ઓરિસ્સાનું કટક શહેર.

ત્યાં એક બંગાળી બાબુ રહેતા હતા. એમનું નામ જાનકીનાથ બોઝ હતું. મૂળ બંગાળાના ચોવીસ પરગણાના કોડિલિયા ગામના રહેવાસી, પરંતુ વકીલાત માટે કટક આવીને વસેલા.

જાનકીબાબુ સરકારી વકીલ હતા. એમનો પગાર ઘણો ઊંચો હતો. બીજી આવક પણ ઘણી. જાનકીબાબુ અંગ્રેજ સરકારના વફાદાર સેવક હતા અને સરકારે એમની સેવાઓની કદર કરીને ‘રાયબહાદુર’નો ખિતાબ એમને એનાયત કર્યો હતો.

આ જાનકીબાબુને ઘેર ઈ.સ. ૧૮૯૭ની ૨૩મી જાન્યુઆરીને દિવસે એક પુત્રનો જન્મ થયો. માતાનું નામ પ્રભાવતી. પ્રભાવતીને બીજા સાત પુત્રો હતા. આ પુત્રનું નામ એમણે સુભાષ રાખ્યું.

સુભાષ નાનકડો હતો ત્યારે એને ત્યાં જ્યોતિષીઓ આવ્યા. એમણે

બાળક સુભાષનું ભવિષ્ય ભાખ્યું :

'આ બાળક કાં તો કોઈ મહાન તપસ્વી થશે અને કાં તો ચક્રવર્તી રાજા થશે. એના જીવનમાં મુસીબતોનો પાર નહિ રહે, પરંતુ મનોબળથી એ મુસીબતોને પાર કરશે અને જગતમાં નામ અમર કરી જશે.'

સામાન્ય રીતે બાળકના બચપણમાં થયેલી આવી આગાહીઓથી બાળક પોતે વાકેફ નથી હોતો. એ તો પોતાની આજુબાજુના વાતાવરણથી, પોતાના વાચનથી અને પોતાને થતા ખાસ અનુભવોથી ઘડાય છે.

સુભાષના બાળપણમાં વાતાવરણ બહુ ધનવાન જીવનનું હતું. એના બધા ભાઈઓ વિલાયતની કેળવણી લેવા જઈ શકતા. એના ઘરમાં નોકરચાકર ખૂબ હતા. એની નાનીમોટી બધી જરૂરિયાતો પૂરી કરવામાં આવતી. માતા-પિતા અને મોટા ભાઈઓ તેને ખૂબ વહાલ કરતા. એના ભણતરની પણ કાળજી રાખતા.

એના બાળપણમાં એક જ એવો પ્રસંગ બનેલો કે જ્યારે એને બીજા અને સામાન્ય જનોના પરિચયમાં આવવાનું થયું. અને એ હતી કૉલેરાની મહામારી. સુભાષ હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે કટકમાં કૉલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો. દર્દીઓ પુષ્કળ હતા. દાક્તરો અને નર્સો અને ગામની સફાઈ રાખનારાઓ ઓછા હતા. આથી સુભાષ અને તેના મિત્રોએ ગામની સફાઈનું અને દર્દીઓની સારવારનું કેટલુંક કામ ઉપાડી લીધું.

આ કામ દરમિયાન સુભાષને પહેલી જ વાર આ દેશનાં ગરીબ અને નિરાધાર લોકોનાં દર્શન થયાં. એના હૃદયમાં દયાની લાગણી જન્મી.

ગરીબ લોકો કેવા ભોળા અને નિખાલસ હોય છે એનો પણ આ જ

વખતે સુભાષને એક અજબ રીતે પરિચય થયો.

એ પોતાના દોસ્તોની ટુકડી સાથે શેરીઓ અને મકાનો સાફ કરતો અને લોકોનાં ઘરમાં પેસીને પણ સફાઈ કરતો. દર્દીઓની પથારીઓ સાફ કરતો અને દર્દીઓને ખાવાનું, ફળો, દવાઓ વગેરે લાવી આપતો.

ત્યારે ગરીબોના લત્તામાં હૈદર નામનો એક માથાભારે માણસ હતો. એને ઊજળાં લૂગડાંવાળા આ છોકરાઓ ગમતા નહિ. એ કહેતો કે એમના જેવી કોશિશોથી કોઈ સાજું તો થતું નથી. કૉલેરા જેવા રોગચાળા વખતે સ્વચ્છતાનું કેટલું બધું મહત્ત્વ છે, એ તો બિચારો હૈદર જાણે જ ક્યાંથી ? એટલે એક વાર તો ધનવાન ઘરના આ છોકરાઓ ઉપર એણે પથરા પણ ફેંકેલા !

હવે બન્યું એવું કે રોગચાળો તો ફેલાતો ફેલાતો હૈદરના ઘર લગી પણ પહોંચી ગયો. હૈદર ચોંક્યો. એ જલદી ડૉક્ટરને તેડવા ગયો. પરંતુ એક ગુંડા તરીકે એની નામના હતી. કોઈ ડૉક્ટર કે હકીમ એને ઘેર આવવા તૈયાર ન થયા. એ ખૂબ રખડ્યો. અંતે ખાલી હાથે પાછો વળ્યો.

પરંતુ ઘેર આવીને જુએ છે તો પોતાનું ઘર છોકરાઓથી ભરાઈ ગયેલું. કોઈ ઘરની સફાઈ કરે છે, કોઈ દર્દીનાં કપડાં ધૂએ છે, કોઈ દર્દીની પથારી પાસે બેસીને મજાની વાતો કહે છે. એ લોકો થોડીક દવાઓ અને ફળો પણ લાવેલા. પેલો સુભાષ પણ એમાં ખરો.

આ જોતાં જ હૈદરની આંખોમાં આંસુ આવી ગયાં. એણે પોતાના અગાઉના વર્તન બદલ છોકરાઓની માફી માગી. એ લોકોને અનેક આશિષો આપી.

આમ જીવનનું થોડું દર્શન કરનાર સુભાષ જીવન વધુ અર્થપૂર્ણ કેવી રીતે બને એ વિષે વિચારવા લાગ્યો. કિશોર ઉંમરે માણસ ખૂબ લાગણીશીલ અને ભાવનાશાળી હોય છે. સુભાષની લાગણીઓ જ્ઞાન

મેળવવા તરફ વળી. એણે પોતાની આજુબાજુ નજર કરી અને એને ધર્મમાં જ્ઞાન દેખાયું !

એ વેળા બંગાળના એક સંત રામકૃષ્ણ પરમહંસ અને એમના શિષ્ય સ્વામી વિવેકાનંદની બંગાળીઓ પર ઘણી અસર હતી. વિવેકાનંદ ઘણી વાર પ્રવચન આપવા કટક જતા. એ વેળા સુભાષ એમને જરૂર સાંભળતો. એણે 'રામકૃષ્ણકથામૃત' નામનું સંત રામકૃષ્ણનું પુસ્તક પણ વાંચવા માંડ્યું હતું. વિવેકાનંદ જ્ઞાનપ્રાપ્તિ માટે વારંવાર હિમાલયમાં જતા એવું પણ વાંચેલું.

આ બધી બાબતોની ભેગી અસર એવી થઈ કે સુભાષ ઘર છોડીને જતો રહ્યો. એ વેળા એની ઉંમર ફક્ત ૧૬ વર્ષની.

ગુરુની શોધ માટે સૌથી પહેલાં તો એ કાશી ગયો. ગંગાના ઘાટો ઉપર રખડ્યો. મંદિરો, મઠો અને આશ્રમોમાં ભટક્યો. પરંતુ એને કોઈ ગુરુ 'ચમત્કારી' જણાયો નહિ. અહીંથી એ વૃંદાવન, હરદ્વાર અને હિમાલયમાં પણ ગયો. ખૂબ રખડ્યો. પણ એનું મન ક્યાંય ઠર્યું નહિ. એટલે નિરાશ થઈને એ પાછો આવ્યો અને ભણતરમાં લાગી ગયો.

પરંતુ આ રઝળપાટે એને દેશનાં માનવીનો વધુ પરિચય કરાવ્યો હતો અને એના દિલમાં એ માનવીઓ માટે વધુ દયાભાવ જાગ્યો હતો. એ વધુ હિંમતવાન પણ બન્યો હતો.

એની હિંમત અને સ્વમાનશીલતાને કારણે એક વાર એ તકલીફમાં મુકાઈ ગયો. વાત ઈ.સ. ૧૯૫૧ની છે. ત્યારે કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં તે ભણતો હતો. ત્યાં મિસ્ટર ઓટન નામનો એક પ્રોફેસર હતો. એ ઘણો તુંડમિજાજ હતો. ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓનું તો વારંવાર અપમાન કરતો. એના ખરાબ વર્તનને કારણે એક વાર તો કૉલેજમાં હડતાળ પણ પડી હતી.

એક વાર પ્રોફેસર ઓટને સુભાષનું અપમાન કર્યું. સુભાષે તો તરત જ એક તમાચો ઓટનના ગાલ ઉપર ખેંચી કાઢ્યો !

અંગ્રેજોનું રાજ્ય ચાલતું હોય એવા જમાનામાં દેશી વિદ્યાર્થીઓનું આવું વર્તન કેમ ચાલે ? વાત પ્રિન્સિપાલ પાસે પહોંચી. એમણે સુભાષને કૉલેજમાંથી બરતરફ કર્યો એટલું જ નહિ, એને કદી કોઈ પણ કૉલેજમાં પ્રવેશ ન મળી શકે એવું પ્રમાણપત્ર આપ્યું. સુભાષ પૂરાં બે વરસ માટે રખડી પડ્યો. આખરે બે વરસ બાદ ઈ.સ. ૧૯૧૭માં ભારતીય વાઈસ ચાન્સેલર સર આશુતોષ મુખરજીની ઘણી લાગવગથી એ ફરી વાર કૉલેજમાં બેસી શક્યો.

પરંતુ આ પ્રસંગે અંગ્રેજો તરફના સુભાષના ગુસ્સાને ભડકાવી મૂક્યો. એ ગરમ મિજાજનો જવાન બની ગયો. અભ્યાસમાં પહેલાં જરા નબળો હતો. હવે એણે ચોટલી બાંધીને અભ્યાસ કરવા માંડ્યો. એણે ફિલસૂફીનો વિષય લઈને બી.એ.ની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કરી.

રાયબહાદુર જાનકીનાથ બોઝનો વિચાર એવો હતો કે સુભાષ પણ વિલાયત જઈને ભણે, ત્યાંથી મુલકી સેવા માટેની પદવી મેળવી આવે, જેથી અહીં એને લખલૂટ કમાઇ થાય એવી નોકરી મળે.

પરંતુ સુભાષનો વિચાર જુદો જ હતો. પ્રોફેસર ઓટન જેવા તુંડમિજાજ લોકોના દેશમાં ભણવા જવાની એની જરાય ઇચ્છા નહોતી. એણે વિલાયત જવાની ના પાડી.

પિતાને આ કારણની ખબર નહિ. એટલે એમણે જુદું જ અનુમાન કર્યું. એ બોલ્યા, 'સુભાષને ડર છે કે પોતે પરીક્ષામાં પાસ નહિ થાય. એ ડરથી જ એ વિલાયત જવા તૈયાર નથી થતો !'

આ સાંભળીને સુભાષના દિલમાં જુસ્સો આવી ગયો. એણે કહ્યું, 'જો તમે એવું જ ધારતા હો તો હું જરૂર વિલાયત જઈશ અને મુલકી

નોકરીની પરીક્ષા પસાર કરી આવીશ.'

સુભાષે આ પ્રતિજ્ઞા સાચી પાડી. પોતે પરીક્ષામાં વિલાયત આખામાં ચોથે નંબરે પાસ થયો. એટલું જ નહિ, સાથોસાથ કેમ્બ્રિજ યુનિવર્સિટીની 'મનોવિજ્ઞાન' વિષયની બી.એ. પરીક્ષા પણ પસાર કરી.

સુભાષ આટલી મોટી ડિગ્રીઓ લઈને ભારત પાછા વળ્યા. પરંતુ એમના આજ સુધીના અનુભવો એમને અંગ્રેજોની ગુલામ નોકરી કરવા દે એમ નહોતા. એ કદી મુલકી નોકરીમાં જોડાયા નહિ. એમણે તો ભારત આવીને તરત જ આઝાદીજંગમાં ઝુકાવ્યું.

એ કેવી રીતે કૉંગ્રેસ મહાસભાના આગેવાન બન્યા, કેવી રીતે દેશ બહાર જઈને એમણે આઝાદ હિંદ ફોજની રચના કરી અને કેવી ભેદી રીતે એ ઈ.સ. ૧૯૪૫માં ગુમ થઈ ગયા એની કહાણી પણ વાંચવા જેવી છે. સમય મળે તો જરૂર વાંચજો.

ગરીબને, અભણને, અજ્ઞાનીને, દુ:ખીને ઈશ્વર માનો. આવા લોકોની સેવા એ જ પરમ ધર્મ છે.

**- સ્વામી વિવેકાનંદ**



# ૨૯.

**તવંગર ઘરની બંધિયાર હાલતમાં એને કુદરતનું આકર્ષણ થયું અને એમાંથી કવિતા જન્મી. પછી તો કવિતા કરતાં કરતાં એ મહાકવિ બની ગયો !**

## રવીન્દ્રનાથ ઠાકુર

બંગાળનો એક નાનકડો છોકરો. એનું નામ રવીન્દ્ર.

સાત ભાઈઓમાં એ સૌથી નાનો. છ મોટા ભાઈઓ.

આ છોકરાનો જન્મ ઈ.સ. ૧૮૬૧ની છઠ્ઠી મેના દિવસે થયો. નાનપણથી મોટા ભાઈઓને નિશાળે જતા જુએ. ભાઈઓ સરસ નવાં કપડાં અને ચોપડીઓ લઈને ભણવા જાય. નાનેરા ભાઈને પણ એમની સાથે જવાનું મન થાય. ભણતરમાં તો કેવીય મજા હશે, એની કલ્પના એ કર્યા કરે.

આથી એણે તો બાપા પાસે હઠ પકડી : મને જલદી નિશાળે મોકલો.

બાપા કહે કે ભાઈ ! તું હજી નાનો છે. તને નિશાળે જવાને વાર છે.

પણ રવીન્દ્ર એકનો બે ન થયો, એટલે બાપાએ નમતું જોખ્યું, રવીન્દ્રને નિશાળે બેસાડ્યો.

પણ નિશાળે ગયા પછી થોડા જ દિવસોમાં તો રવીન્દ્ર ત્રાસી ગયો. નિશાળ એને જેલ જેવી લાગવા માંડી. ત્યાં તો વખતસર જવું પડે. શિસ્તથી બેસવું પડે. બોલવાનીય છૂટ નહિ. અને જરાક ભૂલ થઈ જાય તો સજા પણ આકરી થાય. કોઈ વાર તો માસ્તર અંગૂઠા પકડાવે, કોઈ વાર હથેળીમાં આંકણી મારે, કોઈ વાર પાટલી ઉપર ઊભા કરીને બે હાથ લાંબા કરાવે. પછી એ હાથ ઉપર બીજા છોકરાઓની ઢગલોએક સ્લેટોની થપ્પી કરાવે !

રવીન્દ્રને થોડા વખતમાં તો નિશાળનો ને ભણતરનો મોહ ઊતરી ગયો. એણે નિશાળે જવાના અખાડા કરવા માંડ્યા.

એક વાર તો એણે વિચાર્યું કે શરદી લાગે અને તાવ આવે તો હું નિશાળે જવામાંથી બચી જાઉં. આથી પોતે નજીકની નદીએ ગયા. કેટલીય વાર સુધી જૂતાં અને મોજાં સહિત જ પગ નદીમાં બોળી રાખ્યા. પછી એવાં જ લદબદ જૂતાં પહેરીને આખો દિવસ ફર્યા. પણ દુર્ભાગ્યે તાવ એમને આવ્યો જ નહિ ! નિશાળે જવું જ પડ્યું.

રવીન્દ્રના પિતાનું નામ દેવેન્દ્રનાથ. એ બંગાળના મોટા જમીનદાર હતા. ખૂબ ધનવાન હતા. ઠાકોર એટલે કે 'પ્રિન્સ' કહેવાતા. પોતે ધનવાન હતા એટલે છોકરાઓને ભણાવવા પાછળ ખર્ચ પણ ખૂબ કરતા. ઘેર પણ શિક્ષકોની ફોજ ટ્યુશન આપવા આવતી.

બિચારા રવીન્દ્રને લાગતું કે ભોગ લાગ્યા મારા કે મેં ભણતરની હા પાડી ! એનું મન ભણતરમાં બહુ લાગતું નહિ. એ તો વર્ગમાં બેઠો બઠો પણ આકાશના ને પંખીઓના ને ઊડવાના વિચારો કર્યા કરતો.

કલ્પનાશીલ એવો કે સાવ ગાંડો જ લાગે ! એક વાર તો પોતાના ઓરડામાં એક ખૂણે થોડી માટી નાખીને એમાં સીતાફળનું બી વાવ્યું. એને રોજ પાણી પાય. રોજ એની પાસે બેસી રહે; અને વિચાર્યા કરે કે

હવે થોડા જ વખતમાં આમાંથી ઝાડ ઊગશે, સીતાફળ બેસશે, અને બંદા બેઠા બેઠા સીતાફળ ખાશે !

એક વખત શિક્ષકે કહ્યું કે આકાશ એટલું ઊંચું છે કે ગમે તેટલી નિસરણીઓ મૂકવા છતાં એને આંબી ન શકાય.

રવીન્દ્રે ટપ કરતી કલ્પના કરી, 'અરે હોય સાહેબ ! એ તો તમારી પાસે પૂરતી નિસરણીઓ નહિ હોય. બાકી આકાશને અડવું એમાં તે શી મોટી વાત છે ?'

પહેલાંના જમાનામાં ધનવાનોના ઘરની વાતો બધી અજબ હતી. ત્યાં સમૃદ્ધિ તો ઘણી વસતી, પરંતુ સ્વતંત્રતાનું નામનિશાન નહિ. અને આવી પરતંત્રતા એકલાં દાસદાસીઓને જ નહિ, કુટુંબના સભ્યોને પણ લાગુ પડતી. દેવેન્દ્રનાથના મહેલ જેવા મકાનમાં અને વિશાળ બગીચામાં રવીન્દ્ર ફાવે ત્યાં ફરી શકતો નહિ ! એને માથે અનેક બંધન હતાં. અમુક ઓરડામાં તો એનાથી પેસાય જ નહિ. નોકરને સાથે લીધા વગર બગીચામાં જવાય નહિ. માબાપનાં તો દર્શન પણ દુર્લભ. નોકરોને આશરે મોટા થવાનું.

અને નોકર કાંઈ બધા સરખા હોય છે ? એક નોકર ગજબનો રખડેલ હતો. રવીન્દ્ર એને ભારરૂપ લાગતો. આથી એ ઘણી વાર રવીન્દ્રને એક ઓરડામાં બેસાડીને આસપાસ ખડીથી એક કૂંડાળું કરતો. પછી કહેતો, 'જો રવીન્દ્ર ! આ કૂંડાળું ઓળંગીશ નહિ. જો તું મારી આણ નહિ માને તો તારું વહાલામાં વહાલું માણસ ફાટી પડશે.'

બિચારો રવીન્દ્ર ! આ કૂડાળું ઓળંગવાની હિંમત એ કરી શકતો નહિ. કૂંડાળામાં બેઠાં બેઠાં જ એ બારીમાંથી બહાર જોયા કરતો. ત્યાં ઊડતાં પંખી, પવનમાં લહેરાતાં વૃક્ષ, સૂરજનાં કિરણોમાં ચમકતું તળાવ, જતાંઆવતાં માનવી જોઈ રહેતો. એને આઝાદ બનીને હરવા-

ફરવાનું બહુ મન થતું. પણ એ કરે શું ?

રવીન્દ્રની આ ઝંખના અને આ કલ્પનાશીલતા થોડા જ વખતમાં એક નવા પ્રવાહમાં વહેવા લાગી : એમણે પોતાની બધી ઝંખના અને કુદરતનો બધો પ્રેમ કવિતાના રૂપમાં લખવા માંડ્યાં. ફક્ત આઠ વરસની ઉંમરે એમણે પહેલી કવિતા રચી !

પછી તો કવિતા રચવાનો ભારે છંદ લાગી ગયો. પોતે એક ભૂરા પૂઠાની નોટબુક મેળવી. એકાદ વરસમાં તો એ આખી નોટબુક કવિતાઓથી ભરાઈ ગઈ !

એ સોળ વર્ષનો હતો ત્યારે એના એક મોટા ભાઈએ 'ભારતી' નામે છાપું શરૂ કર્યું. રવીન્દ્રને આ છાપામાં કાવ્યો, લેખો, નિબંધો વગેરે જે ઈચ્છે તે લખવા માટે મોકળું મેદાન મળી ગયું. એણે ઢગલાબંધ લખાણ કરવા માંડ્યું. પરંતુ એ બધું લખાણ જથ્થાબંધ હોવા છતાં ખૂબ સરસ અને નવીન હતું. સોળ વર્ષની ઉંમરે એણે લખેલાં ઘણાં કાવ્યો તો આજે જગતનાં સર્વોત્તમ કાવ્યોમાં ગણતરી પામ્યાં છે.

એને આમ પુષ્કળ સાહિત્ય લખતો જોઈને સૌએ માન્યું કે છોકરો કવિ બનશે. પરંતુ બાપાની ઇચ્છા તેને બૅરિસ્ટર બનાવવાની હતી. રવીન્દ્રના બધા મોટા ભાઈઓ પણ ઘણું ભણીને મોટા મોટા હોદ્દા પર આવેલા. એના એક મોટા ભાઈ સત્યેન્દ્રનાથ ભારતના પહેલા સર્વોચ્ચ નાગરિક અધિકારી (આઈ.સી.એસ.) હતા. આથી બાપાએ રવીન્દ્રને વિલાયતી વકીલ બનાવવા માટે ઇંગ્લૅન્ડ મોકલ્યો.

રવીન્દ્ર એક વરસ વિલાયતમાં રહ્યો. પણ ત્યાં તેણે વકીલાત કરતાં તો સાહિત્ય અને સંગીતનો વધુ અભ્યાસ કર્યો. બાર મહિના પછી એ દેશની મુલાકાતે આવ્યો ત્યારે રસ્તામાં 'ભગ્નહૃદય' નામે લાંબું કાવ્ય લખતો રહ્યો.

વિલાયતથી પાછા આવ્યા બાદ એણે પરદેશમાં અને દેશમાં શીખેલા સંગીતના સૂરોની મિલાવટ કરીને 'વાલ્મીકિપ્રતિભા' નામનું સંગીતનાટક લખ્યું. આ નાટક એણે પોતાના કુટુંબના જ સભ્યોની મદદથી કુટુંબીઓ આગળ ભજવી બતાવ્યું. એ નાટક ખૂબ જ સફળ રહ્યું.

પરંતુ એમના પિતાએ ફરીથી આગ્રહ કર્યો કે આ નાટક અને કવિતા છોડ, વિલાયત જઈને બૅરિસ્ટર બની આવ. રવીન્દ્ર અઢાર વર્ષની ઉંમરે વિલાયત જવા તૈયાર થયો. એની સ્ટીમર મદ્રાસથી ઊપડવાની હતી. પોતે ગાડી મારફત મદ્રાસ પહોંચ્યો. પરંતુ ત્યાં એકાએક બીમાર પડી ગયો. પાછો આવ્યો અને સંપૂર્ણપણે કાવ્ય-નાટકની સેવામાં લાગી ગયો.

તમે કદાચ આ રવીન્દ્રને ઓળખી ગયા હશો.

હા, આ રવીન્દ્ર એ જ આપણા દેશ કવિવર રવીન્દ્રનાથ ઠાકુર.

મોટા થઈને એમણે 'ગીતાંજલિ' જેવાં ઘણાં કાવ્યો લખ્યાં, 'ઘરે બાહિરે' જેવી ઘણી નવલકથાઓ લખી, 'શાંતિનિકેતન' નામની યુનિવર્સિટી શરૂ કરી. એમનાં કાવ્યો માટે માત્ર ભારતમાં જ નહિ, એશિયા ખંડમાં સૌથી પહેલું નોબેલ પારિતોષિક ઈ.સ. ૧૯૧૨માં એમને અપાયું.

ઈ.સ. ૧૯૪૧માં ૮૦ વરસની ઉંમરે એમનું અવસાન થયું ત્યાં સુધીમાં આધુનિક ભારતના સૌથી મહાન કવિ તરીકેની તેમની નામના થઈ ચૂકી હતી.



# 30.

**ઓશિકા હેઠળ યુદ્ધકાવ્ય 'ઈલીઆડ' અને ખંજર રાખીને સૂનારો એક યુદ્ધ-રસિયો છોકરો !**

# સિકંદર

ભારતના ઈતિહાસનો સૌથી વધુ જાણીતો ઘોડો કયો ?

જવાબ છે : મેવાડના રાણા પ્રતાપનો ઘોડો ચેતક.

ત્યારે દુનિયાના ઈતિહાસનો સૌથી વધુ જાણીતો ઘોડો કયો ! બોલો, જાણો છો આ સવાલનો જવાબ ?

જવાબ છે : સિકંદરનો ઘોડો બ્યુસીફેલસ.

વાત ઈસુના જન્મથી લગભગ સાડા ત્રણસો વરસ અગાઉની છે. અત્યારે જયાં ગ્રીસ દેશ છે તેના ઉત્તરના ભાગમાં મેસીડોન નામનું એક રાજય હતું. રાજય તો નાનકડું હતું, પરંતુ ત્યાંના રહેવાસીઓ ઘણા શૂરવીર અને લડવૈયા હતા.

આ વેળા મેસીડોનને રાજા પણ ઘણો બહાદુર અને હોશિયાર મળ્યો હતો. એનું નામ ફિલિપ હતું.

આ ફિલિપ રાજાના દરબારમાં એક વાર ઘોડાઓનો એક વેપારી આવ્યો. દુનિયાભરના સારામાં સારા જાતવાન ઘોડા લઈને એ વેપારી દેશભરમાં ફરતો રહેતો. રાજા ફિલિપ આગળ આવો જ એક ઉમદા ઓલાદનો ઊંચો પાણીદાર અને નાની ઉંમરનો ઘોડો રજૂ કરીને એણે કહ્યું કે રાજાજી, આપના જેવા શૂરવીર રાજાને શોભે એવો આ ઘોડો છે.

ફિલિપ કહે, ‘ભલે, અમે આ ઘોડો ખરીદી લઈશું. પણ સાચું બોલો, આ ઘોડામાં કશી ખામી તો નથી ને ? કશો અવગુણ નથી ને ?’

વેપારી કહે, ‘રાજાજી, આપની આગળ જૂઠું નહિ બોલું. ઘોડો દરેક રીતે ગુણવાન છે. પણ એનામાં એક જ એબ છે. એ કોઈને પોતાની પીઠ ઉપર સવારી કરવા દેતો નથી.

ફિલિપ કહે, ‘ત્યારે એવા નકામા ઘોડાને લઈને અમે શું કરીએ ?’

વેપારી કહે, ‘રાજાજી, બેઅદબી માફ કરજો, પણ ખરેખર આ ઘોડો નકામો નથી. આજકાલ ઘોડેસવારી કરનારા જ નકામા થતા જાય છે. શું તમારા દરબારમાં આ ઘોડાને નાથે અને નમ્ર બનાવે એવા ઘોડેસવારો જ નથી ? તો તો તમારા દરબારની આબરૂ જશે.’

ફિલિપ બોલ્યો, ‘અરે, એમ તે હોય ? અમારા રાજમાં તો એકથી એક અચ્છા ઘોડેસવારી કરનારા છે. લાવો, તમારા ઘોડાને મેદાનમાં લાવો.’

વેપારી તો ઘોડાને રાજદરબારની આગળના મેદાનમાં દોરી લાવ્યો. એટલે રાજા ફિલિપનો એક સૈનિક આગળ આવ્યો. એણે ઘોડાની પીઠ ઉપર સામાન બાંધ્યો. પછી જેવો એની ઉપર સવારી કરવા જાય છે એવો જ ઘોડો પાછલા બે પગે ઊભો થઈ ગયો. પેલો સૈનિક બિચારો ક્યાંય દૂર ફંગોળાઈ ગયો અને ધૂળ ચાટવા લાગ્યો !

તરત જ એક બીજો સૈનિક આગળ વધ્યો. એણે તો એકદમ જ કૂદકો

મારીને ઘોડા ઉપર સવારી કરી દીધી. પરંતુ એ ઘોડાના જીનમાં બરાબર બેસે તે પહેલાં તો ઘોડાએ પાછલા બે પગ એટલા ઊંચા ઉછાળ્યા કે સૈનિક બિચારો આગળ ગડથોલિયું ખાઈ ગયો. એની ડોકી ભાંગી ગઈ.

આમ એક પછી એક ઘણા સૈનિકો, સરદારો અને સેનાનાયકો ઘોડા ઉપર અસવાર થવાની કોશિશ કરતા રહ્યા પરંતુ કોઈ ફાવ્યા નહિ. સૌ પાછા પડ્યા.

ત્યારે રાજદરબારને એક ખૂણે ઊભેલો એક કિશોર બોલી ઊઠ્યો, 'પિતાજી, આ ઘોડા પર અસવારી કરવાની મને તક આપો.'

રાજા ફિલિપે એ બોલનાર તરફ જોયું. એ તો પોતાનો પંદરેક વર્ષનો દીકરો સિકંદર હતો. એકનો એક દીકરો હતો. લાડકો અને વહાલો હતો. આવા ખૂંખાર ઘોડાને નાથવાની એને રજા આપતાં રાજાનો જીવ ચાલતો નહોતો.

એ ઘણી વાર સુધી બોલ્યો નહિ ત્યારે સિકંદર બોલ્યો : 'બાપુ ! શો વિચાર કરો છો ? તમે શું કાયર બની ગયા ?'

રાજાની આંખ ઊઘડી ગઈ. સિકંદર કાંઈ જેવોતેવો છોકરો નહોતો. બાળપણથી જ એ ચતુર અને બહાદુર હતો. રાજાએ કમને પણ એને બ્યુસીફેલસ ઉપર અસવારી કરવાની રજા આપી.

સિકંદર મક્કમ પગલે આગળ વધ્યો. એણે પહેલાં તો બ્યુસીફેલસની આસપાસ બે-ત્રણ ચક્કર માર્યાં : ખૂંખાર અને ગુસ્સાખોર ઘોડો લાલ લાલ આંખો કરીને એની સામે તાકી રહ્યો હતો – જાણે આ છોકરાને પોતાના પગ નીચે છૂંદી નાખવા માગતો હોય !

એકાએક સિકંદરે એની લગામ પકડી લીધી. એને પાછળ ફેરવ્યો. બ્યુસીફેલસ અત્યાર સુધી પશ્ચિમ તરફ મોં કરીને ઊભો હતો. સવારનો સમય હતો અને સૂરજ એની પાછળ હતો. એથી જ્યારે કોઈ માણસ

બ્યુસીફેલસ ઉપર સવારી કરવા ઊંચો થતો હતો ત્યારે બ્યુસીફેલસની આગળ એનો પડછાયો દેખાતો. એ હાલતોચાલતો પડછાયો જોઈને ઘોડો ભડકતો હતો. સિકંદરે આટલું જોઈ લીધું હતું. એણે ઘોડાને પૂર્વ દિશામાં સૂર્ય તરફ મોં ફેરવીને ઊભો રાખ્યો. પછી પોતે કૂદીને બ્યુસીફેલસની ઉપર અસવાર થઈ ગયો.

અને સૌની નવાઈ વચ્ચે બ્યુસીફેલસ શાંત, સ્થિર ઊભો રહ્યો ! એટલું જ નહિ, સિકંદરે એની લગામ ખેંચીને એડી મારી ત્યારે એ રાજવી ઠાઠથી ચાલતો હોય તેમ ધીમી ગતિએ ચાલ્યો !!

આખો રાજદરબાર તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યો. જે કામ કોઈ દરબારી કે સૈનિકો-સેનાપતિ ન કરી શક્યા તે કિશોર રાજકુમારે કરી દેખાડ્યું હતું. એણે સાબિત કરી આપ્યું હતું કે પોતે માત્ર બહાદુર નહિ પણ ચતુર પણ હતો.

રાજા ફિલિપે દીકરાને છાતીસરસો ચાંપી દીધો અને બ્યુસીફેલસ ઘોડો એ જ ઘડીએ એને ભેટ આપ્યો અને કહ્યું, ‘મારા દીકરા, તારી શક્તિઓ અજાયબ છે. મારી તને સલાહ છે કે દુનિયામાં તું વધુ મોટું રાજ્ય જમાવ, કારણ કે મેસીડોનિયા તો તારે માટે ખૂબ નાનું છે.’

અને બ્યુસીફેલસ ઉપર સવાર થઈને સિકંદર પોતાના સિપાહીઓ સાથે નીકળી પડ્યો. એણે આજથી ૨,૨૦૦ વરસ પહેલાંના એ કાળમાં એવડું મોટું સામ્રાજ્ય જમાવ્યું કે જેવડું ત્યાં સુધી દુનિયાના ઈતિહાસમાં કોઈએ જોયું નહોતું. એણે આખું ગ્રીસ જીત્યું, ઈરાન જીત્યું, અફઘાનિસ્તાન જીત્યું અને ઉત્તર ભારત પણ જીત્યું. આ બધો વખત બ્યુસીફેલસ એની સાથે ને સાથે જ હતો. આખરે ભારતમાં એક યુદ્ધ દરમિયાન બ્યુસીફેલસનું મોત થયું ત્યારે દુનિયાને જીતનારો એ મહાન સેનાપતિ પોશ-પોશ આંસુડે રડી પડ્યો. જાણે પોતાનું વહાલામાં વહાલું સ્વજન

અવસાન પામ્યું હોય એટલું દુઃખ સિકંદરને લાગ્યું. એણે પોતાના આ પ્રિય ઘોડાની યાદમાં ભારતમાં એક નગર વસાવ્યું અને એનું નામ રાખ્યું બ્યુસીફાલિયા.

* * *

સિકંદરની કથા ઈ.સ. પૂર્વે ૩૫૬થી શરૂ થાય છે. એ વરસે મેસીડોનના રાજા ફિલિપને એક જ દિવસે ત્રણ સારા સમાચાર મળ્યા : પહેલા સમાચાર એ હતા કે એના સૈનિકોએ ઈલીરિયા દેશના સૈન્યને હાર આપી છે. બીજા સમાચાર એ હતા કે ઑલિમ્પિક રમતોમાં એના ઘોડાઓએ ઘોડદોડની રમતમાં વિજય મેળવ્યો છે. અને ત્રીજા સમાચાર એ હતા કે એની રાણી ઑલિમ્પીઆ એક પુત્રને જન્મ આપ્યો છે. એ પુત્ર જ સિકંદર; જેને અંગ્રેજીમાં એલેકઝાંડર ધી ગ્રેટ કહે છે અને જેને પ્રાચીન ભારતીયો આલીકસુંદર કહેતા હતા.

આ સમાચાર મળ્યા પછી થોડી જ વારમાં જ્યોતિષીઓ રાજા ફિલિપ પાસે પહોંચી ગયા. એમણે કહ્યું : 'રાજાજી, પુત્રનો જન્મ સારા ચોઘડિયે થયો છે. એને કદી કોઈ લડાઈમાં હાર નહિ મળે અને એ ચક્રવર્તી સમ્રાટ બનશે.'

કહેવાય છે કે રાજા ફિલિપે એ જ્યોતિષીઓને આવી આગાહીના બદલામાં જેટલું ધન આપ્યું એટલું કોઈ બીજાએ આપ્યું નથી.

સિકંદર ભણવા બેસવાની ઉંમરનો થયો એટલે તેને માટે ફિલિપે દુનિયાભરમાં ગુરુઓની શોધ આદરી. એના મુખ્ય ગુરુ બન્યા એરિસ્ટોટલ, જે દુનિયાનું એક આશ્ચર્ય ગણાય એટલી હદે બુદ્ધિશાળી હતા. એમણે ચોસઠે કળાઓમાં નિપુણતા પ્રાપ્ત કરી હતી. ભવિષ્યના આ સમ્રાટને એમણે ખોબલે ખોબલે વિદ્યાનાં અમૃત પાયાં.

પરંતુ સિકંદરને એકલી વિદ્યાકળામાં જ રસ નહોતો. એને તો

યુદ્ધકાળનો પણ એટલો જ છંદ લાગ્યો હતો એના ઓશીકે હમેશાં બે વસ્તુઓ રહેતી : ગ્રીસનું અમર યુદ્ધકાવ્ય 'ઇલીઆડ' અને ખંજર ! એ હમેશાં 'ઈલીઆડ' વાંચ્યા કરતો અને એમાં ગવાયેલા મહાન શૂરવીરો જેવાં પરાક્રમો કરવા તલસતો રહેતો.

એટલે એ વેળા જયારે જયારે રાજા ફિલિપના યુદ્ધવિજયના સમાચાર એને મળતા ત્યારે એ ઉદાસ થઈ જતો. એને એક વાર એના ગુરુએ પૂછ્યું, 'ભાઈ, તારા પિતાના વિજયથી ખુશ થવાને બદલે તું ઉદાસ કેમ થઈ જાય છે?'

ત્યારે ભવિષ્યના આ મહાન વિજેતાએ કહ્યું : 'મને એમ થાય છે કે મારા પિતાની એક એક જીત મારે માટેની એક એક જીતની તક ઓછી કરે છે. એથી હું ઉદાસ થઈ જાઉં છું.'

આવા યુદ્ધરસિયા સિકંદરને લડાઈનો પહેલો સ્વાદ ફક્ત સોળ વર્ષની ઉંમરે સાંપડી ગયો. આપણા મહાન અકબરે પહેલી લડાઈ સોળ વરસની ઉંમરે કરી હતી. પરંતુ એ વેળા અકબરને તો પોતાના ફુઆ બહેરામખાનની સહાય હતી. સિકંદરની આ પહેલી લડાઈ તો કોઈ પણ વડીલોના માર્ગદર્શન વગર લડવાની હતી.

વાત એમ હતી કે રાજા ફિલિપ કોઈ લડાઈ લડવા દૂર દેશમાં ગયો હતો. એ તકનો લાભ લઈને મીડીઆ પ્રદેશનાં લોકોએ બળવો પોકાર્યો. એમણે મેસીડોનીઆના સૈનિકોને મારી નાખ્યા અને રાજધાની તરફ કૂચ આદરી. એમને એમ હતું કે રાજધાનીમાં એક સોળ વરસનો છોકરો અને મૂઠીભર સૈનિકો જ છે. આપણે એમને હરાવી દઈશું.

પણ આ તો 'ઈલીઆડ'ને ઓશીકે મૂકીને સૂનારો છોકરો હતો ! એણે મીડીઅનો સામે એવી તો ટક્કર લીધી અને એવી તો કતલ ચલાવી કે બિચારા મીડીઅનો દૂમ દબાવીને ભાગ્યા. સિંકદરે એમની પૂંઠ પકડી.

એમના મુખ્ય શહેરને ધમરોળીને જ એણે નિરાંતનો દમ લીધો.

આ પછી સિકંદર એના પિતાની દરેક લડાઈમાં સાથે રહેતો અને લડાઈમાં વિજય મેળવવામાં પિતાને સાથ આપતો.

એ જ્યારે વીસ વરસનો હતો ત્યારે ઈ.સ. પૂર્વે ૩૩૬માં રાજા ફિલિપનું ખૂન થયું. સિકંદર વીસ વરસની ઉંમરે પિતાની ગાદીએ બેઠો. એ પછી તેર વરસે, ઈ.સ. પૂર્વે ૩૨૩માં ફક્ત ૩૩ વરસની ઉંમરે એનું અવસાન થયું. ત્યાં સુધીમાં તો એણે એ વખતની જાણીતી લગભગ અર્ધી દુનિયા જીતી લીધી હતી. બાળપણથી જે 'ઇલીઆડ'ના શૂરવીરોની પ્રેરણા એને મળી હતી, એ શૂરવીરો કરતાં અનેકગણાં મહાન પરાક્રમો એણે કર્યાં હતાં.

''સારશો કોણ કર્તવ્ય મારાં ?''
સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભાં સહુ,
મોં પડ્યાં સર્વનાં સાવ કાળાં,
તે સમે કોડિયું એક માટી તણું
ભીડને કોક ખૂણેથી બોલ્યું:
'મામૂલી જેટલી મારી ત્રેવડ, પ્રભુ !
એટલું સોંપજો, તો કરીશ હું.'

**(રવીન્દ્રનાથ ઠાકુરના કર્તવ્યગ્રહણ ઉપરથી)**

Lord, Thou knowest that I am growing older; Keep me from becoming talkative and possessed with the idea that I must express myself on every subject. Release me from the craving to straighten out everyone's affairs. Keep me from the recital of endless detail. Give me wings to get the point, Teach me the glorious lesson that occasionally I may be wrong. Make me thoughtful but not nosy; helpful but not bossy.

Seal my lips when I am inclined to tell of my aches and pains. They are increasing with the years, and my love to speak of them grows sweeter as the time goes by.

With my vast store of wisdom and experience it does seem a pity not to tell it all; but thou knowest, Lord, that I want a few friends at the end.

(A prayer for those growing older : quoted in 'Family Doctor', January 1964.)

તારાં ચરણકમળમાં આ મારી પ્રાર્થના છે :
પ્રત્યેક દિને, પ્રત્યેક ઘડીએ
તારા સ્વર્ગીય પ્રકાશનું શુદ્ધ કોમળ કિરણ મને બનાવ;
નિત્ય નૂતન, ઉજ્જવલ, પ્રકાશિત.

તારું કિરણ બનવા હું ઝંખું છું -
સત્ય અને પ્રેમનું કિરણ;
આંસુ અને અમંગલની આ દુનિયામાં
તારી શાતાનું કિરણ;

જેથી,
જેઓ દીનદલિત અને વિસ્મૃત છે
તેમની સાથે હું એકરૂપ બની શકું,
તારાં બાળકો જેવો બની શકું,
સાચો અને મુક્ત.

**- ટી. એલ. વાસવાણી**

('પરમ સમીપે' માંથી)